૯૦ સ્થાપના:૧૯૩૪
જન્મભૂમિ
જન્મદિન વિશેષ પૂર્તિ
મુંબઈ, શુક્રવાર, તા. ૯-૬-૨૦૨૩
Regd No. MCS/023/2021-23 RNI No 1559/1957






# મુંબઈ બદલાય છે...

## ગુજરાતી રંગભૂમિનું ભાવિ રંગદર્શન

પ્રવીણ સોલંકી



થોડા સમય પહેલા એવું લાગતું હતું કે મુંબઈની વ્યાવસાયિક રંગભૂમિ નાભિ શ્વાસ લઈ રહી છે. છેલ્લા એકાદ મહિનાથી એમ લાગવા માંડ્યું છે કે રંગભૂમિના હાડપિંજરને પૂરતો પ્રાણવાયુ મળી રહ્યો છે ને ફરીથી ધબકતી થઈ ગઈ છે. ઉતાર ચડાવની આ પ્રક્રિયા વર્ષોથી ચાલતી આવી છે. વ્યક્તિના જીવનમાં આવે છે એમ રંગભૂમિના જીવનમાં પણ ધૂપછાવ, તડકા છાયા, ઉતાર ચઢાવ આવ્યા છે અને એ સહજ પણ છે. નિરંતર દાયકાઓ બદલાતા રહ્યા પણ એક પ્રશ્ન જ્યાંનો ત્યાં જ ઊભો રહ્યો છે. 'ગુજરાતી રંગભૂમિનું ભાવિ શું છે?' ગુજરાતી રંગભૂમિ એટલે ફક્ત મુંબઈની જ નહીં સમસ્ત ગુજરાતની રંગભૂમિ, માત્ર ગુજરાતની જ નહીં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે, ગુજરાતી ભાષા બોલાય છે એ જે તે દેશ અને દુનિયાની રંગભૂમિ.

રંગભૂમિ શબ્દ અનેકાર્થમાં છે. અસલમાં 'રંગ' શબ્દ, ગીત, વાદ્ય, નૃત્ય અને નાટક જેવા પ્રયોગોના સ્થાનો માટે થતો હતો એટલું જ નહીં મલ્લકુસ્તી જેવા કસરતના પ્રયોગો માટે પણ રૂઢિગત હતો. સમય જતા ગીત, સંગીત, નૃત્ય, નાટક સ્વતંત્ર કલાકારો તરીકે વિકાસ પામ્યા, પરંતુ આ બધા રંગભૂમિમાંથી જ ઊગેલી કલા વૃક્ષની જે ડાળીઓ છે.

મુંબઈની 'ગુજરાતી રંગભૂમિ આજે ક્યાં જઈને ઊભી રહી છે અને ભવિષ્યમાં એ ઊભી રહેશે કે ડગમગી જશે, લથડિયાં ખાતી થઈ જશે કે પડી જશે?'

એક વાત નિર્વિવાદ છે કે જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવંત છે ત્યાં સુધી ગુજરાતી રંગભૂમિ ટકી રહેશે. ભાષા બાબત એવું પણ કહેવાય છે કે એ નદીના વહેણ જેવી છે, ક્યારે લુપ્ત ન થાય, હા, કોઈમાં ભળી જરૂર જાય સમય અને સંજોગ પ્રમાણે ભાષામાં પરિવર્તન આવતું જ રહે છે અને એનો પડઘો રંગભૂમિ પર પડતો જ રહે છે, પડવો જ જોઈએ.

૧૯૫૦થી ૧૯૭૦નો દાયકો નવી રંગભૂમિનો સુવર્ણ કાળ ગણી શકાય ૧૯૫૩માં ધનસુખલાલ મહેતા લિખિત, જયંતી પટેલ અને મધુકર રાંદેરિયા અભિનીત નાટક 'રંગીલો રાજા' રજૂ થયું. કહેવાય છે કે ગુજરાતી નવી રંગભૂમિ પર સૌથી પહેલી વાર ટિકિટ બારી ખૂલી. નવી રંગભૂમિનું આ પ્રથમ શતપ્રયોગી નાટક, પણ માનશો? આ નાટકને ૧૦૦ પ્રયોગ પૂરાં કરતાં પૂરાં ત્રણ વર્ષ લાગ્યાં હતાં. આજે મુંબઈની રંગભૂમિના નાટકો ત્રણ મહિનામાં ૧૦૦ પ્રયોગો પૂરા કરી શકે છે એનો યશ આપણા કલાકાર, કસબીઓ અને પ્રેક્ષકોને જાય છે.

મૂળભૂત રીતે ગુજરાતી સૌરાષ્ટ્રમાંથી નાટક મંડળીઓ અસ્તિત્વમાં આવી અને આખરે મુંબઈ એનું પાટનગર બન્યું. મુંબઈના રંગ મંચ પર અદાકારી કરવી એ દેશભરના ગુજરાતી કલાકારની ઝંખના. મુંબઈની રંગભૂમિ એટલે ટીવી સિરિયલ, ફિલ્મમાં પ્રવેશવાની નિસરણી. મુંબઈની વ્યાવસાયિક રંગભૂમિનું છેલ્લા ૬૦/૭૦ વર્ષમાં શું પ્રદાન છે એ વિશે સુવ્યવસ્થિત રીતે, અનુગ્રહ કે પૂર્વગ્રહ વગર ક્યારેય લખાયું નથી શું છે આ પ્રદાન?

પ્રેક્ષકોને નાટકની લગની લગાડવામાં, ટિકિટ ખર્ચીને પ્રેક્ષકોને થિયેટર સુધી ખેંચી લાવવામાં, નાટકો વિશે ચર્ચા કરી શકે એવું વાતાવરણ ઊભું કરવામાં, નાટક જોવાની ફૅશન ચાલુ કરવામાં, આવનારી પેઢીમાં આકર્ષણ જગાડવામાં મુંબઈની રંગભૂમિનું અમૂલ્ય પ્રદાન છે. એટલું જ નહીં પ્રયોગશીલ નાટકો તરફ આકર્ષણ જગાડવામાં પણ તેનો મહત્ત્વનો ફાળો છે.

એક સભામાં જ્યોર્જ બર્નાર્ડ શોને કોઈએ પૂછ્યું કે તમે ઊંચા કે સેક્સ? બર્નાર્ડ શો એ બે ધડક જવાબ આપ્યો કે હું ઊંચો, સભામાં સન્નાટો છવાઈ ગયો બર્નાર્ડ શોએ ખુલાસો કરતા કહ્યું કે હું એટલા માટે ઊંચો છું કે સેક્સ પિયરના ખભા ઉપર ઊભો છું. ગુજરાતી રંગભૂમિ પણ પૂર્વજોના ખભા ઉપર ઊભા રહીને ઊંચી દેખાઈ રહી છે.


મુંબઈ હોઈ કે ગુજરાત પૂર્વજ કલાકારોએ રંગભૂમિના ઉત્કર્ષ માટે ખૂબ જ સંઘર્ષ કર્યો છે. કલાકારોએ ઘરે ઘરે જઈને ટિકિટ વહેંચી, પોતાના ખર્ચે રિહર્સલ્સ કર્યા, જાતે મૅકઅપ કર્યો, સેટ ઊભા કર્યા, સ્ત્રી કલાકારોને ઘરે લેવા મુકવા જવાની જવાબદારી ઉઠાવી, દાતાઓ પાસે હાથ લંબાવ્યા, સભાગૃહના શેઠિયા કે ટ્રસ્ટીઓની ખુશામતો કરી, ઘરના કપડા-ડ્રેસ પહેર્યા, રાતના છેલ્લી ટ્રેન ચૂકી જવાય તો પ્લૅટફૉર્મ પર રાત ગુજારી આ અને આવું બધું કર્યા પછી રંગભૂમિ આજે ઈન્ડસ્ટ્રીનું સ્વરૂપ પામી છે.

૧૯૬૦થી ૨૦૦૦ના ગાળામાં વિષ્ણુકુમાર વ્યાસ, ચાંપસીભાઈ નાગડા, ચંદ્રવદન ભટ્ટ, અદી મર્ઝબાન, ફિરોઝ આટિયા, જયંતી પટેલ, પ્રતાપ ઓઝા, મધુકર રાંદેરિયા, લીલા જરીવાલા, દિના પાઠક, વનલતા મહેતા અને તરલા મહેતા જેવા અનેક કલાકારોએ નવી રંગભૂમિના ઉત્કર્ષ માટે કામ કર્યું અને એ પછીની પેઢી એટલે કે કાંતિ મડિયા, પ્રવીણ જોશી, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ જોશી, જગદીશ શાહ, શૈલેશ દવે, સરિતા જોશી, પદ્મારાણી, પુષ્પા શાહ, રાગીણી, ભૈરવી શાહ, રક્ષા દેસાઈ વગેરે કલાકારોને પ્રેરણા પૂરી પાડી. આજ અરસામાં આઈ.એન.ટી, રંગભૂમિ, નાટ્ય સંપદા, નીલા થિયેટર્સ, કલા કેન્દ્ર બહુરૂપી જેવી સંસ્થાઓએ તક્તો ગજાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો. તો પ્રાગજી ડોસા, પ્રબોધ જોશી, તારક મહેતા, અનિલ મહેતા, ભરત દવે, ભદ્રકાંત ઝવેરી, પ્રવીણ સોલંકી, ઉત્તમ ગડા, હરીશ નાગ્રેચા વગેરે લેખકોએ રંગભૂમિને ધબકતી રાખી આ દાયકા પછી અનેક નવા કલાકારો નવા દિગ્દર્શકો નવી નાટ્ય સંસ્થાઓ નવા લેખકો કસબીઓએ રંગભૂમિ પર પોતાની કલાના કામણ પાથર્યા.

આજે નવી પેઢીના હાથમાં રંગભૂમિનું સુકાન આવ્યું છે હવે મુંબઈ જ રંગભૂમિનું પાટનગર રહ્યું નથી ગુજરાતમાં પણ અનેક ઉપ પાટનગર અસ્તિત્વમાં આવવા થનગની રહ્યા છે જેમાં સુરતને હું મોખરે ગણું છું. હું સંભાળું છું, ૧૫ વર્ષના મારા અનુભવે ગુજરાતી રંગભૂમિના ભાવિ વિશે મને ખૂબ જ આશા અપેક્ષા આપી છે આજે ગુજરાતના ખૂણે ખૂણે નાટ્ય પ્રવૃત્તિઓ થઈ રહી છે. એકોક્તી, એકાંકી, દ્વિઅંકી નાટકોનો ફાલ ફૂલ્યો ફાલ્યો છે અને નવા નવા કલાકારો ઉદય પામી રહ્યા છે. આનંદી વાત એ છે કે આ નવી પેઢી વિચાર-વિચારશીલ, (અનુસંધાન પૂર્તિ પાનું D4 પર)

## દર્શક/વાચકરાજા ફરી મળીએ...

ઉત્કર્ષ મઝુમદાર



સૌ પ્રથમ તો વાચકોના પ્રિય અખબાર જન્મભૂમિને ૯૦ વર્ષમાં પગલાં પાડવા બદલ અભિનંદન. આટલે સુધી સરસ મંઝિલ કાપી છે તો હવે માત્ર દસકાની જ વાર છે, શતાયુ થવાને. આ કંઈ નાની સિદ્ધિ નથી. રાષ્ટ્રવાદના રંગે રંગાયેલું આ માતબર અખબાર પોતે કંડારેલા પથ પાર ચાલતું રહે એ જ શુભકામના.

કોરોનાએ સર્જેલા કહેરને પગલે ભારત જ નહીં, સમગ્ર વિશ્વમાં ઉથલપાથલ સર્જાઈ ગઈ એવી જબરદસ્ત કે પ્રી-કોરોનાકાળ અને પોસ્ટ કોરોનાકાળ એમ બે સ્પષ્ટ ભાગ પડી ગયા છે, કોઈપણ વસ્તુને મૂલવવાના. તો આજે જરાં એને લીધે પડેલી દૂરગામી અસરોની વાત કરીએ. સૌ પ્રથમ તો કોરોનાની પ્રિન્ટ મીડિયા પર પડેલી અસરની વાત કરીએ. કોરોનાકાળમાં સમગ્ર જીવન સ્થગિત થઇ ગયેલું ત્યારે લોકોના જીવનમાં શેની વ્યાપક અસર થઇ. પહેલા તો બધાની સવાર બગડી કારણ કે છાપાં બંધ થઇ ગયાં. ઘણા જણા માટે તો છાપાથી સવાર ઊગતી, તેઓ બેબાકળા બની ગયા. ટીવી પર ને ઇન્ટરનેટ પર સમાચાર આવે પણ એની મજા છાપા જેવી નહીં પણ ધીરે ધીરે ટેવાવું પડ્યું. એક લાંબો અરસો છાપાં વગરનો વીત્યો. કોરોનાએ જેમ લોકોને શીખવાડ્યું કે જીવનમાં ઘણી વસ્તુઓ વગર પણ ચાલે છે, એમાં અખબાર ને સામયિકોનો સમાવેશ પણ થઇ ગયો. વર્ષો જૂની આદત છૂટવા લાગી. વખત જતા જ્યારે અખબારો પુનઃ પ્રગટ થવા લાગ્યા ત્યારે જનમાનસની પ્રકૃતિએ વળાંક લીધો. લોકોએ નક્કી કર્યું કે તેલ જુઓ તેલની ધાર જુઓ. ઘણાના મનમાં દહેશત હતી કે અખબાર પ્રેસમાંથી આપણા ઘરે પહોંચે ત્યાં સુધીમાં તો ઘણાંના હાથ તળેથી પસાર થઇ ચૂક્યું હોય. કોરોના ના થાય એની અત્યાર સુધી આટલી બધી કાળજી લીધી છે ખાસ કરીને ઘરના વડીલોની તો હવે થોડીક બેદરકારીને લીધે સાગર તરીને આવેલું વહાણ કિનારે ડૂબી ન જાય એ વિચારે ઘરે છાપાનું આગમન ટાળ્યું. હજી થોડોક વખત જવા દો પછી મંગાવવાનું ચાલુ કરીશું એવો વિચાર ઘણાને આવ્યો. એમાં ખાસો સમય પસાર થઇ ગયો. પછી પણ ઘણાને ત્યાં કડી છાપું આવ્યું જ નહિ, કારણ કે આદત છૂટી ગયેલી. કોરોના એ જે આર્થિક માર પાડેલો તેને લીધે અતિ આવશ્યક વસ્તુઓ સિવાય બીજી વસ્તુઓ પર ખર્ચ કરવાનું ટાળ્યું. જુદાં જુદાં છાપા મંગાવનારે નામ પૂરતું એકાદ છાપું ચાલુ કર્યું. બીજી એક ઘટનાએ છાપાના વેચાણમાં જબરદસ્ત ફટકો માર્યો તે વ્હોટસઍપ પર મફતમાં ઉપલબ્ધ અખબારો. કોરોનાકાળથી અખબારો હાર્ડ કોપીને બદલે સોફ્ટ કોપી પર મળતા થયેલા તે એનો ફેલાવો વધી ગયો, કારણ મફતમાં મળવા લાગ્યા. ઢગલાબંધ વ્હોટસઍપ ગ્રુપ્સ ઊભા થઇ ગયા. તમે એના સભ્ય બની જાવ એક દમડી પણ ચૂકવ્યા વિના, પછી આરામથી ફોન પર અખબાર વાંચ્યા કરો. વળી જે ભાષાના જોઈતા હોય તે બધા જ ઉપલબ્ધ. પછી બીજું જોઈએ શું? અખબારો વાંચવા પણ મળે છે, ને પૈસા પણ બચે છે તે નફામાં. બાકી રેડિયો, ટીવીની વિવિધભાષી. ચૅનેલો તો ચોવીસે કલાક સમાચારો બતાડતી જ હોય છે. આમ પોસ્ટ કોરોનાકાળમાં અખબારોના વેચાણમાં જબરદસ્ત ગાબડું પડ્યું. એ નકારી વાસ્તવિકતા છે. અખબારોની કેડ ભાંગી ગઈ. આશા રાખીએ તેઓ બેઠા થાય.

અખબારોના વેચાણમાં ઘટાડો થયો તો સામયિકોને તો કારમો ફટકો પડ્યો છે. અખબારો વગર જો લોકોને ચાલ્યું તો સામયિકો વગર તો ચાલે જ ને. મુંબઈ જેવા શહેરમાં ગુજરાતી વાચકોનું પ્રામાણ ઘટ્યું ચાલ્યું છે, એમાં પોસ્ટ કોરોના પછી એમાં વધુ ઘટાડો થયો.

આવી જ કંઈ પરિસ્થિતિ મુંબઈની ગુજરાતી રંગભૂમિ સાથે ઘટી. આમેય કોરોનાકાળમાં પણ ગુજરાતી રંગભૂમિ સંઘર્ષ કરી રહી હતી, પણ પોસ્ટ કોરોના પછી વધારે બગડી છે. આમેય ૪૦/૪૫ વર્ષની ઉપરના લોકો જ પ્રેક્ષક ગૃહમાં દેખાતા. પોસ્ટ કોરોના આથી એમનું થિયેટરમાં આવવાનું પ્રમાણ ઘટી ગયું. કારણ કે એમના સંતાનોને ડર પેસી ગયેલો કે કશેથી ચેપ ન લાગી જાય. 'ઘરમાં રહોને, નાટક જોયા વગર શું રહી ગયા છો. બે વરસ નાટકો નથી જ જોયાને.' ગુજરાતી નાટકો આજકાલ બૉક્સ ઑફિસને બદલે પ્રાયોજિત પ્રયોગોને લીધે વધુ ચાલે છે. કોરોનાકાળમાં બંધ થઇ ગયેલા ઘણાં ખરાં ગ્રુપ્સ, સભ્યોની સંખ્યા ઘટતા બંધ થઇ ગયા છે. કોરોનાએ એક વાત પુરવાર કરી કે ટેવ જો છૂટી જાય તો ફરીથી પાડવી મુશ્કેલ થઇ પડે છે, જ્યારે એવી ટેવો નોનએસેન્શિયલ ગણાતી હોય. વળી ટીવી ઉપર એક નવી વસ્તુનું આગમન થયું. ઓટીટીનું. દુનિયાભરની ફિલ્મ્સ, વિવિધ શૉઝ મળવા લાગ્યા નજીવા દરે. ભાષાની સમસ્યા પણ દૂર થઇ ગઈ. સબ ટાઈટલ્સને લીધે. આટલું બધું મનોરંજન મફત ઘેર બેઠા મળતું હોય તો જખ મારવા પૈસા ખર્ચીને કોઈ બહાર નીકળે?

કોરોનાએ લોકોને પ્રતીત કરાવી દીધું કે ઓછી વસ્તુઓથી પણ જીવન ચાલે છે. પૈસાનો જે માર પડ્યો છે તેને લીધે એ બાબતે લોકો વધારે જાગૃત થઇ ગયા છે.

આશા રાખીએ કે પ્રિન્ટ મીડિયામાં ને ગુજરાતી રંગભૂમિ પર કશું જોરદાર થાય ને જતું રહેલું વાચકો/ ઓડિયન્સ ફરી પાછું મળે.

દસકા પછી જોઈએ કે વાયરો કઈ તરફનો વહ્યો.


## કેટરેક્ટ - ગ્લુકોમાનું સચોટ, સરળતાથી, અત્યાધુનિક મશીન, લેટેસ્ટ ટેક્નિક તથા નિપુણ, કાબેલ તબીબ દ્વારા સમાધાન : વિઝન વિસ્ટા આઇ ક્લિનિક

લેખક : પ્રકાશ શાહ

પાલઘરનિવાસી વિજયાબહેનને કુકિંગનો ખૂબ શોખ. નિતનવી વાનગી બનાવીને પરિવારજનોને રિઝવતા. મહેમાન આવે ત્યારે પગ નીચે જાણે પૈડાં લાગ્યાં હોય તેમ ફરફર કરીને ખૂબ સ્ફૂર્તિપૂર્વક ભોજન બનાવતા. સ્વાદિષ્ટ વાનગી સાથે તેમનું મેનુ પણ બિલકુલ બંધબેસતું હોય. ક્યા મહેમાનને શું ભાવે છે, કાંદા-લસણ ખાય છે કે નહીં, ચુસ્ત જૈન છે જેવી તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વાનગીઓ બનાવતા. પરિવારજન કેટરર્સને તેડાવવાની કે હોટેલ વગેરેથી મગાવવાનું સૂચન કરતાં તો વિજયાબહેન સ્પષ્ટ શબ્દોમાં નનૈયો ભણીને સૂચન ફગાવી દેતા. અતિથિ



દેવો ભવઃ નું સૂત્ર ટાંકીને મહેમાન તો ક્યારેક જ આવે... કહીને હાથે બનાવવાનું અને તાણ કરીને પીરસવાનું પસંદ કરતા. સ્વયં પણ ફરસાણ-મિષ્ટાન્ન ખૂબ આરોગતા. સંતાનમાં એકમાત્ર દીકરાના લગ્ન થયા પછી પણ તેમના શોખમાં કોઇ કમી ન આવી. પાડોશીઓ કે સંબંધીઓ હવે જંપ વાળીને બેસો...કે આરામ કરો... અથવા તો વહુના હાથની ગરમ રોટલી આરોગો... જેવું કહેતા ત્યારે હસવામાં ટાળી દેતા. પુત્રવધૂને પણ દીકરીથી વિશેષ સાચવતા, કામકાજ કદી પણ વહુ પર ઢોળી ન દેતા. હકીકતમાં તો વહુથી વધારે સ્વયં કામ કરતા અને તે પણ હસતે મોઢે. પરિણામે સાસુ-વહુ વચ્ચે અનોખો સંબંધ બંધાયો હતો. થોડા દિવસથી મરી-મસાલા તથા શાકભાજી વગેરે પારખવામાં, મનપસંદ સિરિયલ કે મનોરંજક કાર્યક્રમ વગેરે જોવામાં અને વાંચન વગેરેમાં મુશ્કેલી સર્જાતી હતી. સમસ્યાને ધ્યાનમાં રાખીને ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કર્યો ત્યારે હાર્ડ કેટરેક્ટના ભોગ બન્યા હોવાનું નિદાન થયું. જે જાણીને હાર્ટ પેશન્ટ વિજયાબહેન મૂંઝાયાં. પરિવારજનોને ઘરે જઇને જાણ કરવાનું વિચારતા હતા ત્યાં ઘરે પહોંચ્યા ત્યાં પુત્રવધૂ પ્રેગનેન્ટ હોવાના વધામણાં જણાવ્યા. ઘરમાં ખુશાલીનો માહોલ સર્જાયો. ગાયનેકોલોજિસ્ટે પુત્રવધૂને ફરજિયાતપણે બેડ-રેસ્ટ લેવાનું સૂચવ્યું હોવાનું જાણીને વિજયાબહેને ઘરની તમામ જવાબદારી પોતાના શિરે લીધી. વિજયાબહેન પૌત્રના દાદીમા બન્યા અને વહુ ઘરમાં હરતીફરતી થઇ ત્યાં સુધી વિજયાબહેને ગાડું ગબડાવ્યું. પૌત્ર ચારેક મહિનાનો થયો અને વિજયાબહેને પુનઃ ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કર્યો ત્યારે કેટરેક્ટની સાથે ગ્લુકોમાનો પણ ભોગ બન્યા હોવાનું નિદાન થયું. ટૂંક સમયમાં પૌત્રની નામકરણ વિધી કરવાની હતી. જે માટેનાં કાર્ડ પ્રિન્ટ કરીને સંબંધીઓ તથા મિત્રો અને સ્વજનો વગેરેને આમંત્રણ પણ આપી ચૂકવામાં આવ્યાં હતાં. બીજે છેડે બનતી ત્વરાએ કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન ન સાધ્યું તો ધીમે ધીમે દૃષ્ટિહીન થવાની સંભાવના હતી. શારીરિક ક્ષતિને કારણે માનસિક દ્વિધા અનુભવતા વિજયાબહેને મુંબઇસ્થિત બહેનને હકીકતથી વાકેફ કરી. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ ક્લિનિક કે વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા અત્યાધુનિક મશીન આરૂઢ હોવાના સમાચારથી વાકેફ બહેને વિજયાબહેનને તાબડતોબ મુંબઇ તેડાવ્યાં અને ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાની એપોઇન્ટમેન્ટ લીધી. તબીબ સાથેની મુલાકાત વિજયાબહેન માટે આશીર્વાદરૂપ સાબિત થઇ... નિશ્ચિત તારીખે પૌત્રની નામકરણ વિધિ સંપન્ન થઇ. જેમાં વિજયાબહેને ક્ષતિરહિત નજરે સૌ આમંત્રિતોની આગતા-સ્વાગતા કરી, વધુમાં પોતાના હાથે બનાવેલા ગુલાબજાંબુ તથા સમોસાં-કચોરી વગેરે આગ્રહ કરીને પીરસ્યા. તાજેતરમાં વિજયાબહેને તેમના માટે તારણહાર સાબિત થનારા ડૉ. સાયરસ મહેતાને કુરિયર દ્વારા હાથે બનાવેલી મીઠાઇનું બોક્સ પાઠવ્યું. વધુમાં ફોન પર બનતી ત્વરાએ તેમનો સફળતાપૂર્વક ઇલાજ કરવા માટે ખૂબ ખૂબ આભાર માન્યો હતો.



Know yr Dr

નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફ્થેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હૉટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 8104959459 8104976013-9967439039
Email: cyresmehta@yahoo.com

તાજેતરમાં ઓલ ઇન્ડિયા ઓફ્થેલ્મોલોજિકલ સોસાયટીની વાર્ષિક મિટિંગમાં મુંબઇસ્થિત ઇન્ટરનેશનલ આઇ સેન્ટર તથા વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર તથા ચીફ સર્જ્યન ડૉ. સાયરસ મહેતાને ફેલો ઓફ ઓલ ઇન્ડિયા કોલેજિયમ ઓફ ઓફ્થેલ્મોલોજી (FAICO)ના એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તબીબના જણાવ્યા મુજબ આ સમસ્યા એકમાત્ર વિજયાબહેન પૂરતી મર્યાદિત નથી. હાલને તબક્કે અનેક આબાલવૃદ્ધ કેટરેક્ટ અને ગ્લુકોમા (ઝામર કે કાળો મોતિયો) જેવી દૃષ્ટિ પ્રદાન કરતી આંખની બે મુખ્ય ક્ષતિનો ભોગ બને છે. વિસ્તૃતમાં માહિતી આપતા તબીબ જણાવે છે કે વિજયાબહેનના કેટરેક્ટનું સમાધાન અત્યાધુનિક એક્ટિવ સેન્ટ્રી, કેટાલિસ મશીન તથા EDOF લેન્સ જ્યારે ગ્લુકોમાનું સમાધાન ક્લિનિકમાં આરૂઢ નેનો SLT લેસર સિસ્ટમ દ્વારા આણ્યું હતું. જોકે એ અગાઉ તાજેતરમાં વસાવેલું નિકોન ઓપ્ટોસ મશીન ખૂબ લાભદાયક સાબિત થયું હતું. નવીનતમ મશીનની વિશિષ્ટતા એ છે કે માત્ર પાંચ સેકન્ડની અંદર એક છેડેથી લઇને બીજા છેડે સુધીની સમગ્ર રેટિનાનું સ્કેન કરી શકે છે. (વધુ જાણકારી માટે જુઓ બોક્સ આઇટમ). આ નવીનતમ ડેટોના સિસ્ટમ ભારતમાં સૌપ્રથમ ઇન્ટરનેશનલ આઇ સેન્ટર -વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે આરૂઢ થઇ છે. આંખની મોટી હૉસ્પિટલ કે આઇ સેન્ટરમાં હજુ પ્રાચીન સિસ્ટમ દ્વારા કામ ચલાવવામાં આવે છે.

મહારાષ્ટ્ર પોલીસના કન્સલટન્ટ ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર કેટરેક્ટનું સમાધાન ફક્ત અને એકમાત્ર સર્જરી દ્વારા જ સાધી શકાય છે. જો સર્જરી ન કરવામાં આવી તો ક્ષતિ વકરે છે અને દૃષ્ટિમાં વધારે ધૂંધળાશ કે વિકૃતિની પ્રતીતિ થાય છે. એડવાન્સ સ્ટેજમાં વ્યક્તિ લગભગ દૃષ્ટિહીન થાય છે. વિજયાબહેનના કેટરેક્ટ અત્યાધુનિક કેટાલિસ મશીન તથા એક્ટિવ સેન્ટ્રી દ્વારા કાઢવામાં આવ્યા હતા. સમગ્ર મહારાષ્ટ્રમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ટોમી ૪૦૦૦ સ્પેક્યુલર માઇક્રોસ્કોપ તથા નિકોનનું ઓપ્ટોસ મશીન વસાવનાર વિઝન વિસ્ટા આઇ સેન્ટર સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. હાઇ-બ્લડપ્રેશરયુક્ત, હાર્ટ પેશન્ટ કે ડાયાબિટીસગ્રસ્ત તથા હાર્ડ-બ્રાઉન કેટરેક્ટ દૂર કરવા માટે કેટાલિસ તથા એક્ટિવ સેન્ટ્રી લાભદાયક છે. અગાઉની ટેક્નિક મારફતે કોર્નિયા બળવાની સંભાવના હતી, એની સરખામણીમાં કેટાલિસ સંપૂર્ણપણે સુરક્ષિત છે. ગ્લુકોમાના સમાધાનાર્થે નેનો SLT લેસર સિસ્ટમ ઉપલબ્ધ છે. જેને અંતર્ગત આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત ફક્ત બે-ત્રણ મિનિટમાં ઓછું કરી શકાય છે.

મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ હસ્તે ભારતના અગ્રણી આઇ-સર્જ્યન તરીકેનો એવૉર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર વિઝન વિસ્ટા આઇ સેન્ટર ખાતે આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર ૭૦૦ વિથ ટોપો મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે. EDOF જેવા અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ પછી સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક નજીક, મધ્યમ કે દૂરના અંતરે રહેલી ચીજ-વસ્તુ જોઇ-પારખી અને વાંચી શકે છે. ભારતમાં સૌપ્રથમ વાર આ પ્રકારના લેન્સનું ઇમ્પ્લાન્ટેશન કરવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે. જેને પરિણામે કેટરેક્ટનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન માટે સહસા ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

**બ્લેડ ફ્રી મશીન દ્વારા કેટરેક્ટ દૂર કરીને અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ માટે તથા પાંપણના પલકારામાં આંખનું પ્રેશર દૂર કરવાનું આદર્શ સરનામુંઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક**

### વિઝન વિસ્ટા આઇ ક્લિનિકની વિશિષ્ટતા :

- હૃદયરોગી, હાઇ બ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે કેટાલિસ ખૂબ લાભદાયક
- કેટાલિસ -એક્ટિવ સેન્ટ્રી કોર્નિયા માટે સલામત
- હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે
- કોર્નિયાની સક્ષમતાનો તાગ મેળવવા માટે ટોમી ૪૦૦૦ સ્પેક્યુલર માઇક્રોસ્કોપ. પ્રૌઢ વયના લોકો માટે આશીર્વાદરૂપ
- નિકોન ઓપ્ટોસ મશીન માત્ર પાંચ સેકન્ડની અંદર એક છેડેથી લઇને બીજા છેડે સુધીની સમગ્ર રેટિનાનું સ્કેન કરી શકે છે
- નિકોન ઓપ્ટોસ મશીન રેટિનાની પેરીફેરીમાં રહેલા ડાયાબિટીસને, સૂક્ષ્માતિ સૂક્ષ્મ કદના છિદ્ર કે ચીરાને તથા રક્તવાહિની સંબંધિત ક્ષતિઓનો પણ તાગ મેળવી શકે છે
- નિકોન ઓપ્ટોસ મશીન નથી, પરંતુ સ્કેનિંગ લેસર છે
- નિકોન ઓપ્ટોસ મશીન ઓપ્ટિક નર્વમાં રહેલા ગ્લુકોમાનો પણ તાગ મેળવી શકે છે
- નિકોન ઓપ્ટોસ મશીન દૃષ્ટિસંબંધિત એજ રિલેટેડ મેક્યુલર ડિજનરેશન (ARMD) ક્ષતિને પણ જાણી શકે છે.
- સૌથી વિશેષ નિકોન ઓપ્ટોસ મશીન મારફતે કીકીને ડાયલેટ કરવાની આવશ્યક્તા નથી.
- લેન્સના મેઝરમેન્ટ માટે મુંબઇમાં સૌપ્રથમ IOL માસ્ટર ૭૦૦ વિથ ટોપો મશીન
- નેનો SLT લેસર સિસ્ટમને કારણે આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત ફક્ત બે-ત્રણ મિનિટમાં ઓછું કરીને ગ્લુકોમાને નાથી શકાય છે. પાંચ વર્ષ દરમિયાન ત્રણ વખત પ્રક્રિયા કરી શકાય છે
- નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજવસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ છે
- EDOF લેન્સને પરિણામે રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી



## બે નંબરના ધંધામાં બેઈમાનીનો સબક શીખવવા

# ...જ્યારે હાજી મસ્તાને યુસુફ પટેલનો કાંટો કાઢી નાખવા અફઘાનિસ્તાનથી મારો બોલાવ્યો હતો

સુરેન્દ્ર મોદી

મુંબઈમાં ૭૦-૮૦ દશકો એવો હતો જ્યારે સોનાના દાણચોરો માટે મુંબઈ સ્વર્ગ ગણાતું હતું. જોકે, 'સ્વર્ગ'નો દરજ્જો હજી પણ મુંબઈએ જાળવી રાખ્યો છે. તે દશકામાં સોનાની દાણચોરી કરવા માટે જે ડેરિંગ દાખવવી પડતી હતી તે હાજી મિર્ઝા મસ્તાન અને યુસુફ પટેલે દાખવી હતી. બન્ને જણાએ પાર્ટનરશિપમાં આ ધંધો ચાલુ કર્યો હતો. આ બન્નેએ બજારમાં છાપ પણ એવી ઊભી કરી હતી કે તેમની સાથે લેતીદેતી કરવામાં કોઈપણ સોનાચાંદીના વેપારીને ક્યારે પણ વાંધો આવ્યો નહોતો.

આ પછી એક દિવસ ઝવેરી બજારમાં ચણભણાટ શરૂ થયો કે મસ્તાન-પટેલ દ્વારા જે સોનાનાં બિસ્કિટ પૂરાં પાડવામાં આવે છે તે વજનમાં ઓછાં હોય છે. ફરિયાદ હાજી મસ્તાન સુધી ગઈ અને મસ્તાનએ તો શરૂઆતમાં આ ફરિયાદને હસી કાઢી. જોકે, દિવસે ને દિવસે બિસ્કિટનું વજન ઓછું થવાનો ચણભણાટ પરાકાષ્ઠાએ પહોંચ્યો ત્યારે મસ્તાનના ગુરુએ તેને જ્ઞાન આપ્યું કે આવી રીતે જ જો ચાલશે તો વેપારીઓનો વિશ્વાસ તમારામાંથી ઊઠી જશે. વર્ષો સુધી તમારી સાથે ઈમાનદારીથી પાઈએપાઈનો ધંધો કરનાર વેપારીઓને ખોટી ફરિયાદ કરવાનું કારણ પણ શું હોય શકે. અનેક વેપારીઓએ તો હિંમત કરી કહી દીધું કે મસ્તાન ભાઈ, બે નંબરના ધંધામાં બેઈમાની ક્યારે પણ ન હોય શકે.

બસ, મસ્તાનને આ હાડોહાડ લાગી આવ્યું. તેણે દુબઈથી આવતા સોનાનાં બિસ્કિટો મુંબઈ ઉતરે પછી જેના હાથમાં જતાં હતાં અને ત્યાંથી વેપારીઓને વિતરિત થતાં હતાં તે પોતાના બિઝનેસ પાર્ટનર યુસુફ પટેલને બોલાવી બજારમાં આપણાં નામનો શેનો ઊહાપોહ છે તે અંગે પૂછ્યું. તો યુસુફ પટેલે ચોખ્ખું જણાવી દીધું આ તો વેપારીઓની વધુ નફો રળવાની ફરિયાદ છે, આપણે જે ભાવે બિસ્કિટ આપીએ છીએ તેના ભાવ ઓછા કરવાની ચાલ છે.

યુસુફ પટેલના બચાવનું હાજી મસ્તાને ક્રોસ ચેકિંગ કર્યું અને તેને જે જાણવા મળ્યું તેનાથી તો મસ્તાનના અંગે અંગમાં આગ લાગી ગઈ. મસ્તાનને જાણવા મળ્યું કે દુબઈથી આવેલાં જે બિસ્કિટો યુસુફ પટેલને હવાલે થાય છે તે તે બિસ્કિટને અંદરથી ખોતરી નાની માત્રામાં સોનું કાઢી લે છે અને પછી બિસ્કિટને વ્યવસ્થિત રીતે મૂકી દે છે. આમ વધુ પૈસા કમાવવાની લાલચે યુસુફ પટેલ આ બધું કરી રહ્યો હોવાની ખાતરી હાજી મસ્તાનને થઈ ગઈ.

હાજી મસ્તાને તાબડતોબ યુસુફને બોલાવ્યો અને બે નંબરના ધંધામાં તારી બેઈમાનીથી જે વેપારીઓને ભોગવવું પડ્યું છે તેઓને ભરપાઈ કરવા કહ્યું અને હવે પછી દુબઈથી આવતાં બિસ્કિટો સૌથી પહેલા પોતાની પાસે આવશે અને પોતાની દેખરેખ હેઠળ બજારમાં જશે એમ જણાવ્યું. યુસુફએ મસ્તાનની બીજી શરત તો માન્ય રાખી પણ વળતરની બાબતમાં પોતે કંઈ કર્યું જ ન હોય વળતર નહીં આપું કહી દીધું. મસ્તાને તેને ખૂબ સમજાવવાનો પ્રયાસ કર્યો પણ યુસુફ એકનો બે નહીં થતાં મસ્તાને કહી દીધું કે આજથી તું આ ધંધામાં મારો પાર્ટનર નથી. તારા અને મારા રસ્તા અલગ.

યુસુફ પટેલ મસ્તાનનો નિર્ણય સાંભળી વિના કોઈ દલીલ મસ્તાનને ઘરેથી ચાલી ગયો ત્યારે તેના મનમાં હતું કે મસ્તાનને આબાદ બનાવ્યો, હવે હું મારી રીતે સ્વતંત્ર વ્યવસાય કરીશ અને બતાવી આપીશ કે હમ કિસીસે કમ નહીં. યુસુફ પટેલ આ પછી સોનાની દાણચોરી માટે પોતાનું અલગ નેટવર્ક ઊભું કરવામાં લાગી ગયો.

જોકે, મસ્તાનના મગજમાં બીજા જ વિચાર ચાલી રહ્યા હતા. યુસુફએ જે રીતે હાથ ઊંચા કરી દીધા તેનાથી મસ્તાન ભારે અકળાયો હતો અને આવી રીતે પોતાની શાખને બટ્ટો લગાડનાર કોઈપણ ગુનેગાર હેમખેમ છૂટી જાય તે કેમ ચાલે? આ પ્રશ્ને મસ્તાનની રાતની નિંદહરામ કરી નાખી. યુસુફ પટેલને જિંદગીભર યાદ રહી જાય એવો પાઠ ભણાવવા તે રાત દિવસ એક કરી રહ્યો હતો.

### મિનારા મસ્જિદ પાસે ગોળીઓ છૂટી અને યુસુફનો બૉડીગાર્ડ માર્યો ગયો

તે દરમિયાન રમઝાનનું પર્વ શરૂ થઈ ગયું હતું. યુસુફ પટેલ રાત્રે મિનારા મસ્જિદથી નમાજ પઢી પોતાના અંગરક્ષકો સાથે જઈ રહ્યો હતો. ત્યારે અચાનક તેઓ પર ગોળીઓ છૂટી. યુસુફના અંગરક્ષકએ માલિકને કવર કરી લીધો એમાં તે માર્યો ગયો અને યુસુફ પટેલ હેમખેમ બચી ગયો. હાજી મસ્તાને યુસુફનો કાંટો કાઢી નાખવા અફઘાનિસ્તાનથી મારાને બોલાવ્યો હતો. તે સમયે મુંબઈમાં શૂટર ન હતા તેમ જ પોલીસ ફોર્સમાં એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ પણ ન હતા.

રમઝાનના દિવસો હતા ત્યારે મિનારા મસ્જિદની આસપાસનો વિસ્તાર ભારે ભીડવાળો હતો. યુસુફ પટેલ પર ગોળીઓ છૂટવાને લઈ ભાગદોડ મચી ગઈ. યુસુફ તો અલ્લાહનો પાર માનતો ઘરે પહોંચી ગયો પણ યુસુફ બચી ગયાના અને યુસુફને મારવા પોતે જે હત્યારો મોકલ્યો હતો તે પકડાય જવાના સમાચારથી હાજી મસ્તાને ફરી એક રાત નિંદ વિહોણી વીતાવી હતી. આ બનાવને લઈ અંધારી આલમમાં ખળભળાટ મચી ગયો હતો, જોકે, બનાવને લઈ મુંબઈની અંધારી આલમનો ડૉન હાજી મસ્તાન છે એ ફરી એકવાર પ્રસ્થાપિત થયું હતું. મસ્તાનની હાલત ઘવાયેલા વાઘ જેવી હતી, તેણે ફરી એકવાર યુસુફને પાઠ ભણાવવા આરપારની લડાઈની તૈયારી શરૂ કરી હતી.

### કરીમ લાલાની મધ્યસ્થીથી યુસુફ પટેલને જીવતદાન તો મળ્યું પણ દાણચોરી ભૂલી ગયો

બીજી બાજુ યુસુફ પટેલની હાલત પાણી કરતાં પાતળી થઈ ગઈ હતી. અલ્લાહએ એકવાર તો બચાવ્યો પણ ભવિષ્યનું કંઈ કહી ન શકાય. કારણ કે તેણે હાજી મસ્તાનનો 'હવે પછી તું નહીં બચે'નો મેસેજ મળી ગયો હતો. યુસુફ પટેલનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું અને પછી ખૂબ વિચારીને તેણે પોતાના કરમ પર પસ્તાવો થયાનું જાહેર કરી મસ્તાન પાસે રહમની ભીખ માગી હતી, પરંતુ મસ્તાનનું તો એક જ રટણ હતું કે બે નંબરના ધંધામાં બેઈમાનીની શિક્ષા એટલે સજા-એ-મોત. આનાથી ઓછું તેને કંઈ ખપતું નથી.

તે જમાનામાં આમ તો મુંબઈની અંધારી આલમના બેતાજ બાદશાહ તરીકે કરીમ લાલાની બોલબોલા હતી. અંધારી આલમનો કોઈપણ ગૅંગસ્ટર તેના બોલ ઉથાપવતા ન હતા. અંધારી આલમમાં બે ગૅંગ કે બે ગૅંગસ્ટર વચ્ચે કોઈપણ ઝઘડો થાય તો કરીમ લાલાની મધ્યસ્થી કામ કરતી હતી. યુસુફ પટેલને કરીમ લાલામાં આશાનું કિરણ દેખાયું અને તેણે કરીમ લાલાને હાજી મસ્તાનની જે કંઈ શરત હોય તે માન્ય રાખવાની તૈયારી દાખવી પોતાને નવી જિંદગી બક્ષવાની અરજ કરી.



યુસુફ પટેલ | કરીમ લાલા | હાજી મસ્તાન

કરીમ લાલાએ હાજી મસ્તાનનો સંપર્ક સાધ્યો, પણ શરૂઆતમાં મસ્તાનએ બિલકુલ મચક ન આપી. જેને લઈ કરીમ લાલાને પણ આંચકો લાગ્યો. જોકે, લાલાએ પ્રયાસો છોડ્યા નહીં અને તે રંગ લાવ્યા. હાજી મસ્તાન યુસુફ પટેલને બક્ષવા એક શરત પર તૈયાર થયો અને તે એ કે યુસુફ પટેલ હવે સોનાની દાણચોરીના ધંધાથી છેડો ફાડી બીજો જે વ્યવસાય કરવો હોય તે કરે, હું વચ્ચે નહીં પડું.

યુસુફ પટેલ માટે જીવન મરણનો સવાલ હતો, તેણે તુરંત મસ્તાનની આ શરત માન્ય કરી સોનાની દાણચોરીના ધંધામાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી અને મસ્તાન પોતાનો જીગરજાન દોસ્ત હોવાનું જાહેર કર્યું. અંધારી આલમમાં આ સમજૂતીની વાત વાયુવેગે પ્રસરી ગઈ, યુસુફ પટેલની ગૅંગે હાશકારો અનુભવ્યો, મસ્તાનની ગૅંગે આનંદ વ્યક્ત કર્યો અને એક દિવસ રાત્રે, ડોંગરીના કેસર બાગમાં એક મોટો જલસો આ 'બે સિતારાના જમીં પે મિલન' માટે ગોઠવવામાં આવ્યો. સ્ટેજ પર મસ્તાન અને પટેલ પડખે બેઠા હતા, અંધારી આલમના નાના મોટા ડૉન તેમ જ સમાજના કેટલાક પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પણ તેમાં ભાગ લીધો હતો. ભારે ગરમીના દિવસો હોવાથી કેસર બાગની ફરતે મોટી બરફોની લાદીઓ ઊભી કરવામાં આવી હતી. ખાણી પીણીની રેલમછેલ જોવા મળી હતી અને મોડી રાત્રે સૌ છૂટા પડ્યા હતા. યુસુફ પટેલે કન્સ્ટ્રક્શનનો વ્યવસાય શરૂ કર્યો હતો અને હાજી મસ્તાન પોતાના જૂના વ્યવસાયમાં ફરી ગૂંથાય ગયો હતો.

# મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ બની રહ્યું છે સોનાની દાણચોરીનો અડ્ડો

દેશની આર્થિક રાજધાની મુંબઈનું આંતરરાષ્ટ્રીય વિમાનમથક હાલ સોનાની દાણચોરીનો સૌથી મોટો અડ્ડો બનતું જઈ રહ્યું છે. આની સાક્ષી ખુદ આંકડા આપી રહ્યા છે. મુંબઈના ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર વીતેલા ૧૧ મહિનામાં ૬૦૪ કિલો સોનાની દાણચોરી થઈ છે. જેની કિંમત ૩૪૦ કરોડ રૂપિયા છે.

મુંબઈ ઍરપોર્ટના આ આંકડાએ દિલ્હી ઍરપોર્ટને પણ પાછળ રાખી દીધું છે. જ્યાં ૩૭૪ કિલોગ્રામ અને ચેન્નઈ ઍરપોર્ટ પર ૩૦૬ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. આ બધાં આંકડા કસ્ટમ વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. મુંબઈ ઍરપોર્ટ પર વીતેલા એપ્રિલ ૨૦૨૨થી લઈને ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીના આંકડામાં ખૂબ વધારો નોંધાયો છે. ગોલ્ડ સ્મગલર્સ માટે મુંબઈ એક મોટું ટ્રાન્ઝિટ હબ છે, જ્યાં ભારે પ્રમાણમાં આ પીળી ધાતુના ખરીદદાર છે.

કસ્ટમ્સ અધિકારીઓનું માનીએ તો અહીં અનેક સિન્ડિકેટ કામ કરે છે જેમાં જ્વેલર્સ સહિત અનેક લોકો સામેલ હોય છે. દિલ્હી, કોલકાતા અને ચેન્નઈમાં પણ સ્મગલિંગનાં પ્રકરણોમાં થોડો વધારો જણાય છે. અહીં આ વર્ષે ૧૨૪ કિલોગ્રામ જ્યારે કે ગયા વર્ષે ૫૫ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું.

કોરોનાની મહામારી પહેલાં ૨૦૧૯-૨૦૨૦માં દિલ્હી ઍરપોર્ટ પર સૌથી વધુ સોનું જપ્ત કરવામાં આવતું હતું. દિલ્હી ઍરપોર્ટ પર ૪૯૪ કિલોગ્રામ અને ચેન્નઈમાં ૩૯૨ કિલોગ્રામ સોનું જપ્ત થયું હતું. જોકે, ૨૦૨૦-૨૧માં જ્યારે સોનાની દાણચોરીમાં થોડો ઘટાડો થયો હતો ત્યારે ચેન્નઈ ઍરપોર્ટ પર ગોલ્ડ સ્મગલર્સનું ૧૫૦ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યારે કે કોઝિકોડે ઍરપોર્ટ પર ૧૪૬.૯ કિલોગ્રામ, દિલ્હી ઍરપોર્ટ પર ૧૪૬.૯ કિલોગ્રામ, દિલ્હી ઍરપોર્ટ પર ૮૮.૪ કિલોગ્રામ અને મુંબઈ ઍરપોર્ટ પર ૮૭ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું.

૨૦૨૨ના ઑક્ટોબરથી ૨૦ વિદેશી નાગરિકોની મુંબઈમાં ગોલ્ડ સ્મગલિંગના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. ગઈ બીજી ફેબ્રુઆરીએ કસ્ટમ વિભાગે કેનિયાના બે નાગરિકો સહિત ઍરલાઈનના એક ક્રુની પણ ધરપકડ કરી હતી. ઍરલાઈનના ક્રુ પર ૧૮ કિલોગ્રામ ગોલ્ડ સ્મગલિંગમાં મદદ કરવાનો આરોપ છે. આ ગોલ્ડની કિંમત નવ કરોડ રૂપિયા હતી.

આ વર્ષની અત્યાર સુધીની સૌથી મોટી ગોલ્ડ જપ્તીને ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ અંજામ આપ્યો છે. ૨૩ જાન્યુઆરીએ ડીઆરઆઈએ ૨૨ કરોડ રૂપિયાનું ૩૭ કિલોગ્રામ સોનું જપ્ત કર્યું હતું.

દેશમાં સોનું લાવતો હોય ત્યાં રહેવા કરવાની સગવડ ઉપરાંત ટ્રીપ દીઠ ૧૫થી ૨૫ હજાર રૂપિયા સુધીનું મહેનતાણું, મોટા ભાગે બેરોજગાર યુવાનોને આ કામે લગાડવામાં આવતા હોય છે. પકડાય પણ જાય તો પહેલો ગુનો હોઈ સારી ચાલચલગતની બાંયધરી એટલે કે પર્સનલ બોન્ડ પર તેઓ છૂટી જતા હોય છે.



**ત્રણ વર્ષમાં ૫૧૧ કરોડ રૂપિયાનું ૧૦૨૯ સોનું પકડાયું**

મુંબઈ ઍરપોર્ટ પર જે સોનું પકડાયું છે તેમાંનાં કેટલાંક પ્રકરણોમાં તે, ટૂથપેસ્ટમાં લિક્વિડ બનાવી લાવવામાં આવ્યું હતું. કેટલાંક પ્રકરણોમાં સોનાનો ભૂક્કો કરીને ટેલ્કમ પાઉડરના ડબ્બામાં રાખવામાં આવતું હતું. જોકે આમાં ઘણા બધા છટકી પણ જતા હતા. આમ છતાં મુંબઈ ઍરપોર્ટને સંતાડેલું દાણચોરીનું સોનું શોધવા આધુનિક ટૅક્નોલોજી કે સાધનોની અછત છે. જોકે, હવે ટૂંકમાં જ કસ્ટમ વિભાગને મિલીમિટર વેવ સ્કેનર મળવાનું છે. જેને લઈ સંતાડેલું સોનું શોધી કાઢવામાં તે ખૂબ મદદરૂપ થઈ પડશે.

મોદી સરકાર કેન્દ્રમાં સત્તામાં આવ્યા પછી વિદેશમાંના ભારતનાં ગુપ્તચર તંત્રોને સક્રિય બનાવવામાં આવ્યાં છે. આ તંત્રમાંનું એક તંત્ર જે દેશ સોનું નિકાસ કરવામાં કે વહેંચવામાં આગળ છે ત્યાં સક્રિય હોય છે. ભારતથી સોનું ખરીદવા આવતા લોકો પર નજર રાખે છે અને તેઓ જ્યારે સોનું સંતાડી ભારત જવા વિમાનમાં બેસતા હોય છે ત્યારે તેની માહિતી ભારતના ગુપ્તચર વિભાગને મોકલી દે છે પછી ઍર ઈન્ટેલિજન્સ યુનિટ કસ્ટમ વિભાગને સક્રિય બનાવતું હોય છે.

એક રસપ્રદ કિસ્સા સાથે લેખ પૂરો કરીએ. લંડનની એક જ્વેલરી શૉપમાંથી મુંબઈના એક જાણીતા ઉદ્યોગપતિની પુત્રીએ ૫૦ લાખ રૂપિયાનો નેકલેસ ખરીદ્યો. આ લઈ તે મુંબઈ ઍરપોર્ટ પર ઉતરી અને ગ્રીન ચેનલમાંથી જવા લાગી ત્યારે કસ્ટમ અધિકારીઓએ તેને અટકાવી ડ્યુટીબલ ગુડ્સ છે કે નહીં તેની પૃચ્છા કરી ત્યારે આવી કોઈ આઈટમ તેની પાસે ન હોવાનું જણાવ્યું હતું.

આ પછી તેણીનો સામાન ચેક કર્યો ત્યારે તેમાંથી લંડનમાંથી ખરીદેલો કિંમતી નેકલેસ મળી આવ્યો હતો અને તે મુશ્કેલીમાં મુકાઇ ગઈ હતી. આમ કેમ થયું - વાત સહેલી છે. લંડનમાંના આપણા ગુપ્તચરોએ જ્વેલરોની દુકાન પર આવતા જતા ભારતીય પ્રવાસીઓ પર નજર રાખી હતી. શક્ય છે કે દુકાનના કર્મચારીઓને વિશ્વાસમાં લઈ ઘરાકની ખરીદીની વિગત મેળવી હોય અને તેને મુંબઈ પાસ થાય તેની વ્યવસ્થા કરી હોય. કસ્ટમ અધિકારીના જણાવ્યા પ્રમાણે ભારતના લોકોને જ્યાં સુધી સોનાનો મોહ રહેશે ત્યાં સુધી સોનાની દાણચોરી અટકવી મુશ્કેલ છે.

# સાયબર ક્રિમિનલ્સની નજર તમારા 'ઈમોશન્સ' પર...

## ફ્રોડથી બચવા ટ્રેન્ડને સમજો અને સાવચેતી લો




હાલમાં જ આઈપીએસ વિશ્વાસ નાંગરે પાટીલનાં નામ, ફોટો અને નંબરનો ઉપયોગ કરીને હૅકર્સે નકલી ફેસબુક ખાતું ખોલીને સાયબર ઠગાઈનો પ્રયાસ કર્યો હતો. હૅકર્સે પાટીલના ફેસબુક ફ્રેન્ડ્સથી સંપર્ક કરી તેમનાથી પૈસા માગ્યા હતા. જોકે, નાસિક નિવાસી ફેસબુક ફ્રેન્ડ દ્વારા આ માહિતી મળતાં જ પાટીલે સાયબર પોલીસમાં ફરિયાદ કરી, ત્યાર પછી તેમનો નકલી ફેસબુક એકાઉન્ટ હટાવી દેવામાં આવ્યો હતો.

નિષ્ણાતોનું કહેવું છે કે આ સાયબર ક્રાઈમ માટે ક્રિમિનલ્સ લોકોના ઈમોશનથી રમત રમે છે. તેમના માનવીય ગુણોનો દુરુપયોગ કરે છે અથવા તેમની મહેનતની કમાઈ પર દલ્લો મારે છે.

સાયબર એકસપર્ટ ગોવિંદરાય અનુસાર ટેક્નૉલૉજી બદલવાની સાથે સાયબર ક્રાઈમ કરવાની રીતો પણ બદલાઈ રહી છે. એક જ મૉડલ ઑપરેન્ડી અપનાવીને હૅકર્સને વધુ સમય લોકોને ઉલ્લુ ન બનાવી શકે. તેઓ ગુના કરવાની રીતમાં બદલાવ લાવી રહ્યા છે. હાલ બદમાશ લોકો ઈમોશન ટ્રેક કરીને તેના દ્વારા તેમને ચૂનો લગાડી રહ્યા છે.

તુર્કી અને સીરિયામાં આવેલા પ્રાકૃતિક સંકટ કે સુદાનમાં ઊભી થયેલી માનવીય આપત્તિ ઉપરાંત ભારતમાં થતી ઘટનાઓ દરમિયાન હૅકર્સ સક્રિય બની જતા હોય છે. તેઓ પ્રભાવિત લોકોને મદદ પહોંચાડવા માટેના બહાના હેઠળ ક્રાઉડ ફન્ડિંગથી લાખો રૂપિયા જમા કરે છે. આ રકમ પીડિતો સુધી પહોંચતી નથી ક્યારે પણ. આને લઈ વડા પ્રધાન કેન્દ્રીય યોજનાઓ અંતર્ગત મદદની રકમ જમા કરાવવી જોઈએ.

### આ પ્રકારના શિકારને ફસાવવામાં આવે છે જાળમાં આ વાંચો અને સમજો તો તમે બચી શકશો

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે પર પોસ્ટના ટ્રેન્ડ અને પેટર્ન ફોલો કરીને સાયબર ગુનેગારો તમારા ફ્રેન્ડ લિસ્ટમાં સામેલ થઈ જાય છે. ખાનપાન અને સ્વાસ્થ્યની પોસ્ટ પર હેલ્ધી ટિપ્સ માગે છે. વિશ્વસનીય બનીને ખૂબસૂરતીથી બ્યુટિશન અને બ્યુટિફિકેશન સુધી ટિપ્સ માગે છે. આ બહાને તક મળતાં જ સામેવાળાની અશ્લીલ તસવીર હાંસલ કરી લે છે અને વીડિયો બનાવીને તેને બ્લૅકમેઈલ કરવાનું શરૂ કરે છે. આ માટે સામેવાળાની ઓળખાણ ન હોય તો તેની સાથે દોસ્તી ન કરવી જોઈએ. વ્યક્તિગત ફોટો, વીડિયો કે કોઈપણ ખાનગી માહિતી આપવાથી બચવું જોઈએ. ખૂબ જલદીથી કોઈનાથી ઈમ્પ્રેસ ન થઈ જાવ. થોડા થોભો અને વિચારો અને પછી આગળ વધો.

બૅન્કોમાં ચેક અને ડીડી ભરીને, પૈસા કાઢવા કે એટીએમથી પૈસા કઢાવવા દરમિયાન કેટલાક લોકોને પરેશાની થાય છે. આવું જોઈ કેટલાંક તત્ત્વ તુરંત સક્રિય બની જાય છે ને મદદ કરવાની આડમાં સાયબર ફ્રોડને આકાર આપે છે. આની ટ્રેપમાં ઓછા ભણેલાઓ જ નહીં, પણ શિક્ષિત વ્યક્તિ પણ હોય છે. મદદના બહાને બદમાશ પોતાના શિકારથી હળીમળી જઈને તેમનો વિશ્વાસ જીતીને ફ્રોડ કરે છે. આ માટે ચેક ભરવા, પૈસા કઢાવવા જેવી મામૂલી બૅન્કિંગ પ્રણાલી સમજવાના પ્રયાસ કરવા જોઈએ. બૅન્ક કર્મચારીઓ ઉપરાંત બીજા કોઈ પર વિશ્વાસ નહીં કરવો જોઈએ.

અજાણ્યા લોકોની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકાર કરનારાઓની ફ્રેન્ડ લિસ્ટથી કોઈનું નામ અને ફોટો કૉપી કરીને ફેક સોશિયલ મીડિયા ખાતું બનાવવામાં આવતું હોય છે. આ પછી અસલી દોસ્તોને મારા ફ્રેન્ડ લિસ્ટથી નંબર ગુમ થઈ ગયા છે. મને નંબર મોકલો તો મૅસેજ મોકલીને ટાર્ગેટનો નંબર લેતા હોય છે. આ દ્વારા ટાર્ગેટના ફેક આઈડીનો ઉપયોગ કરીને તેમના દોસ્તોથી આર્થિક મદદ માગીને તેઓને ઈમોશનલ બ્લૅકમેઈલ કરતા હોય છે.

આમાં આર્થિક મદદ માગનારાઓની માહિતી મળતાં જ દોસ્તોને પહેલા પૂછવું જોઈએ તેણે બીજું ખાતું બનાવ્યું છે? પ્રાયવસી સેટિંગ કરવું જોઈએ. વગર પૂછ્યે કોઈને પૈસા ટ્રાન્સફર નહીં કરવા જોઈએ.

કોઈને ગિફ્ટ મોકલી હોય કે પાર્સલ કે કુરિયર મેળવવું હોય, ખોલીને જોવું અને સોશિયલ મીડિયા પર નાખવું. આ લોકોની આદત બની ગઈ છે. ગિફ્ટ, કુરિયર અને પાર્સલથી લોકોને ભાવનાત્મક લગાવ હોય છે. આ માટે હૅકર્સ આમ ઈમોશનલ બ્લૅકમેઈલ કરી સાયબર ફ્રોડને અંજામ આપતા હોય છે. આ બહાને ઓટીપી, સીવીવી કે ખાનગી બૅન્કિંગ માહિતી મેળવી સામેવાળાને ચૂનો લગાવવામાં આવે છે.

આવી સ્થિતિમાં કુરિયર કે પાર્સલ લેતી વેળા ડિલિવરી બૉય કે બૅન્કિંગ માહિતી જેવી કે ઓટીપી, સીવીવી વગેરે નહીં આપવી જોઈએ. દવાઓ, ફૂડ જેવી ચીજો મોકલીને સાયબર ફ્રોડ કરવામાં આવે છે.

સાયબર ફ્રોડથી બચવા આવી રીતે 'SAFE' રહો. 'S' એટલે Spot it early એટલે શરૂઆતથી જાગૃત રહેવું. 'A' એટલે મૅસેજની સત્યતા ઓળખવી એટલે કે Authencity check, 'F' એટલે ડર કે લાલચથી દૂર રહેવું. (Fear and Greed Management) અને 'E' એટલે પોલીસને તુરંત જાણ કરવી. Effective Reporting.

જોકે, નવી જે કોઈ ટેક્નૉલૉજી આવે છે તેમાં ખામીઓ રહેતી હોય છે. વ્યક્તિગત માહિતી લીક થવાની સંભાવના રહેતી હોય છે. હૅકર્સની નજર મોબાઈલથી લઈ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર થતી ગતિવિધિઓ પર હોય છે. સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને લૉક કરીને પ્રાયવસી પૉલિસીનો ઉપયોગ કરવો જોઈએ.

તમે જો સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હો તો હેલ્પલાઈન નંબર ૮૧૦૪૫ ૮૭૨૩૧ સાયબર ક્રાઈમની ફરિયાદ https//sp.cbr-mah@gov.in, https//:ig.cbr-mah@gov.in, કે https.//cybercrime.gov.in પર કરી શકાય છે.





**બેએક દાયકા પહેલાં સ્થપાયેલી સંસ્થા સમસ્ત મહાજને પરોપકારથી લઈને પર્યાવરણ સુધીના મોરચે અનેકાનેક કાર્યો કર્યાં છે. દાતાઓના એકએક પૈસાનો યથાયોગ્ય ઉપયોગ કરવો એ સંસ્થાની એક કાયમી ખાસિયત છે. આવી આ સંસ્થાની કરીએ તેટલી અનુમોદના ઓછી છે**

# સેવાની સર્વોચ્ચતા છે સમસ્ત મહાજન

સેવાની શ્રેષ્ઠતાને બે દાયકાથી વધુ સમયથી આંબતી આપણા સૌની સંસ્થા સમસ્ત મહાજનથી સૌ પરિચિત છે. પરમ પૂજ્ય ગુરુદેવ યુગપ્રધાન આચાર્યસમ પન્યાસપ્રવર ચંદ્રશેખરવિજયજી મહારાજાની પ્રેરણા અને કૃપાથી શરૂ થયેલી સમસ્ત મહાજનની સેવાગાથા તવારીખમાં નોંધવાસમ છે.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ આજે રાષ્ટ્રીય વ્યક્તિત્વ છે. સમસ્ત મહાજનના કુશળ સંચાલન ઉપરાંત તેઓ ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડના સભ્ય તરીકે હવે તો સમગ્ર દેશના અબોલ જીવો સહિત જીવમાત્રના કલ્યાણ હેતુ નિરંતર અને નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. તેઓ વેપાર



કરતા સદાચાર અને પરોપકારને વધુ પ્રાધાન્ય આપે છે. સંસ્થાના સેવાવ્યાપને તેમણે એક પછી એક નવાં સુકૃતો અને શિખરો આંબતા કર્યાં છે. એમાં માનવસેવા, પ્રભુસેવા, સાધર્મિક સેવા, પર્યાવરણ સેવા, જીવમાત્રની સેવા, પ્રાકૃતિક કે માનવીય હોનારત વખતે રાહતસેવા વગેરે સામેલ છે. આ તમામને આવરી લેતી અમુક સેવાઓનો ઉલ્લેખ જરૂરી છે.

કોરોનાકાળમાં સંસ્થાએ વખાના માર્યાઓની જે સેવા કરી હતી એ દ્રષ્ટાંતરૂપ હતી. હિજરતીઓ માટે સંસ્થાએ ઠેરઠેર રાહત કેમ્પ ખોલવાં સાથે માર્ગમાં તેમને ભોજન-પાણી સહિત સ્વાસ્થ્યલક્ષી ચીજો પણ ઉપલબ્ધ કરાવી હતી. કોરોનાકાળમાં જ એક અભિનવ પહેલ કરતા સંસ્થાએ ભોજનરથની સેવા શરૂ કરી હતી. એનાથી ભૂખ્યાને ભોજન પહોંચાડવાની જે વ્યવસ્થા સર્જાઈ એ એટલી




અકસીર રહી કે ભોજનરથ સંસ્થાની કાયમી સેવા બન્યો. આજે પણ સમસ્ત મહાજનનો ભોજનરથ મુંબઈમાં દરરોજ ૫૦૦થી વધુ લોકોને સાત્વિક અને પૌષ્ટિક ભોજન પીરસે છે. આજ સુધીમાં ભોજનરથે પાંચ લાખથી વધારે લોકોની ભૂખ ભાંગી છે એ નાનીસૂની સિદ્ધિ નથી.

ભોજનરથની જેમ સંસ્થા અબોલ જીવો માટે જીવદયારથનું સંચાલન પણ કરે છે. કૂતરાને રોટલો, દૂધ, બિલાડીને દૂધ, કબૂતરને ચણ, માછલીને મમરા અને લોટની ગોળી, કીડીનું કીડિયારું પૂરવાનું પુણ્યકાર્ય એના થકી મુંબઈમાં રોજેરોજ ચાલે છે. જીવમાત્રની આટલી દરકાર રાખવી અને અહિંસાની ઉત્કૃષ્ટ ભાવનાને ખરા અર્થમાં જીવવી એની પ્રેરણા સૌએ સમસ્ત મહાજન પાસે લેવા જેવી છે.

સમસ્ત મહાજને ગૌશાળાઓ અને પાંજરાપોળોની જે સેવા કરી છે એની સરાહના સામાન્ય લોકો તો ઠીક, વિવિધ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કરી ચૂકી છે. દેશભરમાં પથરાયેલી ૧૯,૫૦૦થી વધુ આવી સંસ્થાઓને આર્થિક સહયોગ આપવા સાથે તેમના સંચાલન અને વિકાસમાં પણ ગમે તે અડચણ કે પ્રશ્ન હોય, સમસ્ત મહાજન એમની પડખે ઊભી રહી તમામ સંભવ

**જીવદયારથ યોજના**

| સેવા | યોગદાન |
|---|---|
| અબોલ જીવોની ક્ષુધા તૃપ્ત કરવાનો એક દિવસનો નકરો | રૂ.૧૦,૦૦૦ |

મદદ અને માર્ગદર્શન પૂરાં પાડે છે. એવું કહીએ કે આ કામગીરી કરતી સમસ્ત મહાજન આ પ્રકારની એકમેવ સંસ્થા છે તો એ અતિશયોક્તિ નહીં ગણાય.


અને બીજી એક સેવા છે ગ્રામવિકાસની. જરા વિચારો કે સરકાર નહીં, કોઈ સંસ્થા આખેઆખા ગામને દત્તક લે અને એની એવી કાયાપલટ કરી નાખે કે ગામ પાણીના મામલે આત્મનિર્ભર થઈ જાય, ગ્રામજનો માટે રોજગાર ઊભા થઈ જાય, દેશી અસંખ્ય વૃક્ષોના વાવેતર અને ઉછેરથી એનું પર્યાવરણ પણ ખીલી ઊઠે, તો એ કેવું અદભુત કાર્ય કહેવાય. ગ્રામવિકાસ પણ સમસ્ત મહાજનની એક શિરમોર સેવા છે. એના અંતર્ગત અત્યાર સુધીમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનનાં ૮૦૦થી વધુ ગામડાંઓની કાયાપલટ થઈ છે. એ પણ અહીં નોંધવું રહ્યું કે મહારાષ્ટ્રમાં જળયુક્ત શિવાર યોજના હેઠળ અગણિત ગામોને પાણીના મામલે સ્વાવલંબી બનાવવા જે સત્તાવાર અભિયાન આકાર પામ્યું અને વિકસ્યું એના મૂળમાં કશેક સમસ્ત મહાજનની કામગીરીથી મળેલી પ્રેરણા છે.

ગ્રામવિકાસ અને વરસાદી જળના સંગ્રહ સાથે સંકળાયેલી સંસ્થાની એક સેવા વિરાટ વૃક્ષારોપણ અભિયાન છે. માત્ર વૃક્ષારોપણ નહીં, સંસ્થા વૃક્ષોના વ્યવસ્થિત ઉછેર અને નિભાવની પણ જવાબદારી લગાતાર ઉઠાવતી હોવાથી સમસ્ત મહાજનની વૃક્ષારોપણ યોજના ખરા અર્થમાં દીર્ઘકાલીન પરિણામો સર્જી રહી છે. વળી જે વૃક્ષો રોપાય એ તમામ દેશી. એમાં સામેલ છે વડ, પીપળો, આંબો, આંબલી, લીમડા, હરડે, બહેડા, આંબળા, સમી, બીલીપત્ર, ઉંબરો, જાંબુ, કદંબ, કરંજ, બકુલ અને અર્જુનનાં વૃક્ષો. કારણ સરળ છે કે આપણી ધરતી અને માટી માટે આ વૃક્ષો જ સૌથી ઉપયુક્ત છે. એમના થકી પર્યાવરણને જબ્બર લાભ થાય છે. જમીન પણ વધુ ફળદ્રુપ થાય છે. આપણને અને અબોલ જીવોને પણ ખોરાક મળે એ અલગ.

પ્રશ્ન એ થાય કે ગિરીશભાઈ પોતાની અંગત જિંદગી કરતાં સેવાકાર્યોને આટલું પ્રાધાન્ય આપે છે તો એની પાછળ એમની ભાવના શી છે? ગિરીશભાઈ સસ્મિત કહે છે, ‘‘એટલી જ કે આપણા સૌમાં બિલકુલ આવી જ પરોપકારની ભાવના ધબકે. આપણે સૌએ આવકનો એક હિસ્સો અચૂકપણે સેવાર્થે ખર્ચવો જોઈએ. વડીલોની આવી ઉદ્દાત ભાવના બાળકોમાં પણ સીંચાય. બીજા વિશ્વયુદ્ધમાં બે અણુબોમ્બથી તારાજ થયેલું જાપાન આવી પરોપકારની ભાવના થકી જોતજોતામાં બેઠું થયું હતું. આપણી તો સંસ્કૃતિ જ પરોપકારને ધર્મ જેટલું મહત્વ આપનારી છે. સંપન્ન લોકો જો જરૂરિયાતમંદોના ભેરુ થાય તો

**જીવદયા યોજના**

| સેવા | યોગદાન |
|---|---|
| ૪૦૦ પશુ માટે શેડ બનાવવાનો લાભ | રૂા. ૫૧ લાખ |
| પાંજરાપોળમાં ૫,૦૦૦ ફૂટના ઘાસના ગોડાઉનના નિર્માણનો લાભ | રૂા. ૫૧ લાખ |
| એક ગમાણ અથવા એક હવાડો બનાવવાનો લાભ | રૂા. ૨ લાખ |
| એક પશુનો એક વરસનો નિભાવ | રૂા. ૧૮,૦૦૦ |




**કરુણારથ યોજના**

| | |
|---|---|
| ૧ એમ્બ્યુલન્સનો વાર્ષિક ખર્ચ | રૂ. ૩૦ લાખ |
| ૧ એમ્બ્યુલન્સનો માસિક ખર્ચ | રૂ. ૩.૬ લાખ |
| ૧૧ એમ્બ્યુલન્સનો દૈનિક ખર્ચ | રૂ. ૧.૦૮ લાખ |
| ૧ એમ્બ્યુલન્સનો દૈનિક ખર્ચ | રૂ.૧૧,૦૦૦ |



**સંપર્કસૂત્ર**

| | |
|---|---|
| ગિરીશ શાહ | ૯૮૨૦૦ ૨૦૯૭૬ |
| પરેશ શાહ | ૯૮૧૯૩ ૦૧૨૯૮ |
| રાકેશ શાહ | ૯૩૨૪૮ ૦૧૭૭૭ |

**બેન્કની વિગત**

Benefiary Name : Samast Mahajan
Bank : HDFC Bank Ltd.
Current Account No : 00602320006521
Branch : Crawford Market, Mumbai
IFSC Code : HDFC0000143

ગરીબી શી ચીજ છે, આ દેશની દરેકેદરેક મુશ્કેલીનું કાયમી નિવારણ થઈ જાય.

દેશનો વિકાસ, ગરીબી નિર્મૂલન કે ગ્રામવિકાસ માત્ર સરકારની જવાબદારી નથી એવું પણ ગિરીશભાઈ દ્રઢપણે માને છે. એમના શબ્દોમાં કહીએ તો, ‘‘વિશાળ ભારતમાં સાડાછ લાખ ગામડાં છે. ત્યાં વસનારાની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવી એ માત્ર સરકારનું કામ નથી. આપણાં શહેરો પર ગામડાંના અનેક ઉપકાર છે. ખેતીથી લઈને અનેક કામ ગામમાં થાય છે. એ વિના શહેરોનું અસ્તિત્વ ના રહે. ગામડાંની પ્રજાએ શહેર તરફ હિજરત ના કરવી પડે એ જોવાની પણ આપણી જ ફરજ છે. ગ્રામજનોના કલ્યાણમાં ગામ, શહેર અને દેશ, ત્રણેયની ખરી પ્રગતિ છે. એટલે જ હું સતત કહું છું કે ચાલો, આપણે સહિયારા ગ્રામવિકાસનું કર્તવ્ય નિભાવીએ જેથી દેશની પ્રગતિમાં કંઈક યોગદાન આપ્યાનો સંતોષ આપણે પણ માણી શકીએ.

સમસ્ત મહાજન એ રીતે પણ એક વિશિષ્ટ સંસ્થા છે કે એ દાનમાં મળેલા એકએક પૈસાનો ઉપયોગ બિલકુલ એ રીતે કરે છે જે રીતે શબ્દ આપવામાં આવ્યો હોય. એના લીધે દાતાઓને સદૈવ એ વિશ્વાસ રહે છે કે એમનું દાન આ સંસ્થામાં નિશ્ચિતપણે લેખે લાગે છે.

કાશ્મીર, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત જેવાં રાજ્યો અને નેપાળમાં ધરતીકંપ, પૂર, દુકાળ, આભ ફાટવું જેવી દુર્દૈવી પ્રાકૃતિક હોનારતો વખતે સમસ્ત મહાજનનાં રાહતકાર્યોથી લાખો જીવોને શાતા પહોંચી છે. એટલેથી નહીં અટકતા સંસ્થાએ વિસ્થાપિતો માટે ધરતીકંપમાં પણ અડીખમ રહે એવાં અનેક ઘર બનાવીને વિસ્થાપિતોને આપ્યાં છે. મુંબઈના કાંદિવલી સ્થિત દામુનગરના વિશાળ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મોટી આગ ફાટી હતી ત્યારે પણ સંસ્થાએ રાહતકાર્ય કર્યાં હતાં. વિસ્થાપિત અનેક પરિવારોનું પુનર્વસન પણ કરાવ્યું હતું.

૨૦૨૨માં સંસ્થાએ રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી મુંબઈમાં કરુણારથનો ઉપક્રમ આદર્યો હતો. કરુણારથ એવી એમ્બ્યુલન્સ છે જેનું લક્ષ્ય શહેરમાં ગમે ત્યાં માંદાં કે ઘાયલ અબોલ જીવ હોય એને સદંતર મફત સારવાર પૂરી પાડવી. પહેલી એમ્બ્યુલન્સે અબોલ જીવોની એવી ઉત્કૃષ્ટ સેવા કરી કે સમસ્ત મહાજને એ પછી બીજી ૧૦ એમ્બ્યુલન્સ તૈયાર કરાવી. આજે આ ૧૧ એમ્બ્યુલન્સ મુંબઈ મેટ્રોપોલિટન રિજનના એકએક ખૂણાને આવરી લે છે. હેલ્પલાઇન પર એક ફોન આવે કે ડોક્ટર્સ, અદ્યતન મેડિકલ ઉપકરણો અને ઔષધિઓથી સુસજ્જ કરુણારથ ગણતરીની મિનિટોમાં અબોલ જીવની સારવાર માટે પહોંચી જાય છે. ગૌરવની વાત છે કે કરુણારથ દરરોજ ૧૦૦થી વધુ અબોલ જીવોની સારવાર કરીને જીવદયાના મોરચે નવા માપદંડ સર્જી રહ્યા છે.

**ભોજનરથ યોજના**

| સેવા | યોગદાન |
|---|---|
| એક દિવસના ભોજનનો લાભ | રૂ. ૨૧૦૦૦ |




કરુણારથની એક એમ્બ્યુલન્સ તૈયાર કરવામાં રૂપિયા પચીસ લાખથી વધુનો ખર્ચ થાય છે. દૈનિક સંચાલનનો ખર્ચ પણ તોસ્તાન છે. છોગામાં શ્રેષ્ઠ ડોક્ટર્સ વગેરે સ્ટાફ મેળવવા અને જાળવવાના. ગિરીશભાઈ અને પ્રોજેક્ટ ઇન-ચાર્જ તથા સંસ્થાના ટ્રસ્ટી પરેશભાઈ શાહે જોકે પડકારોને આબાદ રીતે ઝીલીને કરુણારથને કાયમી અને અત્યંત ઉપયોગી સેવા તરીકે પ્રસ્થાપિત કરી છે. કરુણારથ સાથે પરેશભાઈ સંસ્થા સંચાલિત ભોજનરથની સેવાનું પણ મેનેજમેન્ટ સંભાળે છે.

સમસ્ત મહાજન સાથે સંકળાયેલા દરેક

**ગ્રામવિકાસ યોજના**


| સેવા | યોગદાન |
|---|---|
| ૧૦૦૦ વૃક્ષનું રોપણ અને નિભાવ | રૂ. ૩૦ લાખ |
| ૧૦૦ વૃક્ષનું રોપણ અને નિભાવ | રૂ. ૩ લાખ |
| ૧૦ વૃક્ષનું રોપણ અને નિભાવ | રૂ. ૩૦ હજાર |
| ૧ વૃક્ષનું રોપણ અને નિભાવ | રૂ. ૩ હજાર |



દાતાને કાયમ એ વાતનો વિશ્વાસ હોય છે કે ગિરીશભાઈના સુકાનમાં ચાલતી આ સંસ્થા સાથે સંકળાવું એટલે સર્વોત્તમ સેવાઓના સાથીદાર બનવું. એક તો એમને એમના દાનના સાચા અને સદુપયોગની ખાતરી હોય છે. બીજું ગિરીશભાઈ સૌની સાથે વ્યક્તિગત રીતે સંપર્કમાં રહીને સ્વજનની ભાવના કરાવે એવું સાલસ અને મોહક વ્યક્તિત્વ ધરાવે છે. સમસ્ત મહાજન સાથે જો તમે સંકળાયેલા નથી તો આજે જ સંકળાઈ જજો. કારણ કે સુકૃતો કરીને જીવનની સાર્થકતા વધારવી તમને પણ ગમશે જ.

# વેદાંત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર પ્રેમપુરી આશ્રમ

પ્રેમપુરી આશ્રમ વેદાંતનાં મૂલ્યો અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી તેમ જ પ્રચાર-પ્રસારનું કેન્દ્ર છે. દેશની સ્વતંત્રતા અગાઉ વર્ષોથી વેદાંતના પ્રચાર-પ્રસારમાં દેશભ્રમણ કરનારા બ્રહ્મલીન સ્વામી પ્રેમપુરીજીની પ્રેરણાથી મુંબઈમાં સ્થપાયેલા પ્રેમપુરી આશ્રમમાં આજે પણ વેદાંતનાં મૂલ્યો અને ધર્મ-સંસ્કૃતિના પ્રચાર-પ્રસારનું કાર્ય ચાલી રહ્યું છે.



બ્રહ્મલીન સ્વામી શ્રી પ્રેમપુરીજી મહારાજ




સૌરાષ્ટ્રના ધ્રોળ ગામે જન્મેલા વેદાંતમૂર્તિ સ્વામી પ્રેમપુરીજી સ્વતંત્રતાના આંદોલનમાં પણ જોડાયા અને દેશાટન કરીને જ્ઞાનસભર થઈ દેશની સ્વતંત્રતા પહેલા અવારનવાર મુંબઈ આવતા અને સત્સંગપ્રેમીઓ સાથે મળી વેદાંતની વાણી સત્સંગના માધ્યમથી વહાવતા. સ્વામીજીએ મુંબઈને વેદાંતના પ્રચાર-પ્રસારનું કેન્દ્ર મુંબઈમાં મરીન ડ્રાઈવસ્થિત પ્રેમકુટિરને બનાવ્યું હતું.

૧૯૫૮માં સ્વામી પ્રેમપુરીજી મહારાજ બ્રહ્મલીન થયા, તેમની હયાતીમાં પ્રેમપુરી આશ્રમની સંકલ્પપૂર્તિ ન થઈ શકી, પણ ૧૯૬૨માં પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટની સ્થાપના થઈ અને ૧૯૬૭માં બાબુલનાથ મંદિર નજીક એક માળનું પોસ્ટ ઑફિસનું મકાન લઈ બ્રહ્મલીન સ્વામી શ્રી અખંડાનંદ સરસ્વતીજી મહારાજ, પૂજ્ય આચાર્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી મહેશ્વરાનંદ ગિરિજીના પ્રયાસથી આ મકાનમાં આશ્રમની સ્થાપના થઈ.


પાંચ માળનો પ્રેમપુરી આશ્રમ ૧૯૭૪માં બનીને તૈયાર થયો. સનાતન ધર્મ અને વેદાંતના મૂળભૂત દૃષ્ટિકોણથી વિશ્વભરના સત્સંગી-સ્વાધ્યાયી માટેનું તીર્થસ્થાન તત્કાલિન ઉપ-રાષ્ટ્રપતિ બી.ડી. જત્તીના હસ્તે લોકાર્પિત કરાયું હતું. આજે સંન્યાસ આશ્રમ, વિલે પાર્લેના અધ્યક્ષ મહામંડલેશ્વર સ્વામી વિશ્વેશ્વરાનંદ ગિરિજી મહારાજની અધ્યક્ષતા હેઠળ પ્રેમપુરી આશ્રમમાં વેદાંત અને ધર્મ-સંસ્કૃતિના પ્રચાર-પ્રસારનું કાર્ય ચાલી રહ્યું છે.

પ્રેમપુરી આશ્રમની પ્રવૃત્તિઓને ચાર ભાગમાં વહેંચી શકાય. આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને ચિકિત્સાની પ્રવૃત્તિઓ નિયમિત અને નિઃશુલ્ક ચાલી રહી છે. રોજ સવારે સવા સાતથી સાડા સાત વાગ્યા દરમિયાન સ્વામી અખંડાનંદ સરસ્વતીજી મહારાજના પ્રવચનની સીડી દ્વારા શરૂઆત થાય છે અને સાડા સાતથી સાડા આઠ વાગ્યા સુધી એક કલાક સંતોના સત્સંગ પ્રવચન યોજાય છે. સોમથી શનિવાર સવારે પોણા નવથી સાડા નવ વાગ્યા સુધી સંતો દ્વારા સ્વાધ્યાય પ્રવચન પંચદશીનું આયોજન થાય છે. રોજ સાંજે છથી સાડા સાત વાગ્યા સુધી ગીતા ચિંતનમાળા, દર શનિવારે બપોર બાદ ચારથી પાંચ વાગ્યા સુધી ત્રણ વર્ષથી વધુ વયના બાળકો માટે બાળયોગ સંસ્કાર કેન્દ્ર ચલાવાય છે.

આશ્રમના ત્રણ નાના-મોટા હૉલમાં થતી તમામ પ્રવૃત્તિ યુટ્યુબ પર પણ દર્શાવાય છે. શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે નિયમિતપણે યોગ, ભગવદ્ ગીતાના શ્લોકના પઠન, ભજન અને ભક્તિસંગીત તેમ જ વ્યાખ્યાન માળાઓ તેમ જ કથાના આયોજનો પણ થતાં રહે છે. સાંજે સવા પાંચથી સાડા સાત વાગ્યા સુધી વ્યાખ્યાનમાળા અને ભજનસંધ્યા, મંગળવારે સાંજે સાડા ચારથી વયસ્કો માટે વિસામો, દર માસની પૂનમે સત્યનારાયણની કથા, દર સોમવારે સવારે સાડા નવથી ૧૧ વાગ્યા સુધી હોમિયોપેથી ક્લિનિક અને બુધવારે બપોરે ત્રણથી પાંચ વાગ્યા સુધી આયુર્વેદિક ક્લિનિક ચલાવાય છે. પ્રેમપુરી જ્યોતિષ વર્ગ દર રવિવારે બપોરે ત્રણથી પાંચ વાગ્યા સુધી. સોમથી ગુરુવારે સાંજે છથી સાત વાગ્યા સુધી યોગ વર્ગ, શુક્ર-શનિવારે બપોરે ત્રણથી પાંચ એક્યુપ્રેશર વર્ગ, સોમવારે બપોરે ચારથી પાંચ ભજન સુધા ભક્તિ સંગીત વર્ગ, બુધવારે બપોરે ત્રણથી પોણા પાંચ વાગ્યા સુધી ગરબા અને લોકનૃત્ય વર્ગ, શનિવારે સાંજે પાંચથી સાડા છ વાગ્યા સુધી તબલાં વર્ગ સહિતના વર્ગો પણ નિયમિત ચાલે છે.

સ્વામી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટના અધ્યક્ષ મહામંડલેશ્વર સ્વામી વિશ્વેશ્વરાનંદ ગિરિજી મહારાજની સીધી દેખરેખમાં ટ્રસ્ટીઓ મહામંડલેશ્વર સ્વામી મોહનાનંદ ગિરિજી, મહામંડલેશ્વર સ્વામી વિશ્વાત્માનંદપુરીજી, મહામંડલેશ્વર પ્રણવાનંદ સરસ્વતીજી અને આચાર્ય સ્વામી ગોવિંદદેવગિરિજી તેમ જ ટ્રસ્ટના ઉપાધ્યક્ષ દીનાબેન મહેતા, મુખ્ય સચિવ ગિરિશભાઈ ડ્રેસવાલા, ટ્રેઝરર રાજેશભાઈ વેદ, સહસચિવ પ્રકાશ મહેતા તેમ જ ટ્રસ્ટીઓ હેમેન્દ્રભાઈ કોઠારી, મધુસુદન ગર્ગ, તુષારભાઈ તન્ના અને મનોજ સંતોષ અગ્રવાલના પ્રયાસોથી પ્રેમપુરી આશ્રમ વેદાંત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમે છે. ચૈત્રી અને શારદીય નવરાત્રી, શ્રાવણ માસ તેમ જ અધિક માસ અને દરેક તહેવારોની પારંપરિક ઉજવણી અને પૂજા-પ્રાર્થના પણ થાય છે.

## વેદાંત વિદ્યાની ગંગા-પ્રેમપુરી : મહામંડલેશ્વર સ્વામી વિશ્વેશ્વરાનંદ ગીરીજી મહારાજ



દક્ષિણ મુંબઈના ગણાતા પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટના અધ્યક્ષ અને સંન્યાસ આશ્રમના પીઠાધિશ્વર મહામંડલેશ્વર સ્વામી વિશ્વેશ્વરાનંદ ગીરીજી મહારાજે જણાવ્યું હતું કે, મુંબઈ મહાનગરમાં સૌપ્રથમ સ્વામી પ્રેમપુરીજીએ વેદાંતના પ્રચારનો પ્રારંભ કર્યો હતો. પોતે ઋષિકેશના કૈલાશ આશ્રમના પંચમ પીઠાધિશ્વર હતા. એકબાજુ દેશમાં સ્વતંત્રતા સંગ્રામ ચાલતો હતો અને બીજી બાજુ સ્વતંત્રતા સેનાનીઓને અધ્યાત્મનો સહયોગ હતો. પ્રેમપુરી સ્વામી એમના જીવનકાળમાં વારંવાર મુંબઈમાં સત્સંગ કરતા અને વેદાંત તેમ જ અધ્યાત્મનો પ્રચાર કરતા એમના સંકલ્પથી સ્વામી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટની સ્થાપના થઈ. પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટના સંસ્થાપક અધ્યક્ષ સંન્યાસ આશ્રમ ટ્રસ્ટના સંસ્થાપક મહામંડલેશ્વર સ્વામી મહેશ્વરાનંદ ગીરીજી મહારાજ બન્યા અને અન્ય સંસ્થાપક ટ્રસ્ટીગણમાં હરિભાઈ (બચુભાઈ) ડ્રેસવાલા, ઉદ્યોગપતિ હરકિસન અગ્રવાલ સહિતના શ્રેષ્ઠીઓ હતા. પ્રેમપુરીજી આશ્રમ વાસ્તવિક કાર્યરત થયો ત્યારથી લઈને અત્યાર સુધી વેદાંત વિદ્યાની ગંગા પ્રેમપુરીમાં વહી રહી છે.


# સનાતન ધર્મ જોખમમાં નહીં આવે પણ તેના વિના આપણું અસ્તિત્વ જોખમાઈ શકે છે : ભાઈશ્રી રમેશ ઓઝા

પત્રકારત્વ લોકશાહીનો ચોથો અને મજબૂત સ્તંભ છે. આ વાત કરતાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ કહ્યું હતું કે જન્મભૂમિપત્રો ટ્રસ્ટ દ્વારા ચાલી રહ્યાં છે. આનંદપ્રદ વાત છે કે આ પત્રો પત્રકારત્વનાં મૂલ્યોની જાળવણી સાથે આગળ વધી. જન્મભૂમિ નવમી જૂને ૯૦ વર્ષ પૂરાં કરી, શતાબ્દી તરફના પ્રયાણ સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરે, ફૂલની જેમ ખીલે, મહેંકે ક્યારેય મુરઝાય નહીં. અમને શતાબ્દી વર્ષની ઉજવણીની પ્રતીક્ષા રહેશે.

ભાઈશ્રીએ જન્મભૂમિ માટે કહ્યું હતું કે એડિટોરિયલ વાંચવું, એડિટરની કલમે લખાયેલા લેખો, પ્રતિષ્ઠિત લેખકોની કટાર લેખન વગેરે વાંચનથી વાચકના જ્ઞાનમાં વધારો થાય છે. ચરિત્ર નિર્માણમાં પણ યોગદાન છે. આજથી વીસેક વર્ષો પહેલાં ઇલેક્ટ્રોનિક મીડિયાની અનેક ચૅનલોનો વ્યાપ વધ્યો તેમ છતાં પ્રિન્ટ મીડિયાની વિશ્વસનીયતા વધુ છે આ વાતનો આનંદ થાય છે.

સાંદીપનિ વિદ્યાનિકેતનમાં ગુરુકુળ પરંપરા પ્રમાણે શિક્ષા આપવામાં આવે છે. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ તેમની કથા અને પ્રવચનો દ્વારા સનાતન ધર્મના શાશ્વત જ્ઞાનને સમજાવવા પોતાનું જીવન સમર્પિત કર્યું છે. પૂજ્ય ભાઈશ્રી મુખ્યરૂપે શ્રીમદ્ ભાગવત્ કથાનું સંચાલન કરે છે. તેઓ શ્રી રામકથા અને શ્રીમદ્ ભગવત ગીતા પર પ્રવચન આપે છે. તેઓ હનુમંતચરિત્ર અને શિવચરિત્ર કથાનું પણ સંચાલન કરે છે.

પૂજ્ય ભાઈશ્રીનાં પ્રવચનોમાં ભક્તિ અને જ્ઞાનનું સંતુલન છે. તે આપણા જીવનની આધ્યાત્મિક નિયમોની પૂરી સમજ સાથે આદર્શ જીવન જીવવાની એક સાચા ભક્ત બનીને માર્ગ બતાવવાનો પ્રયત્ન કરે છે. સનાતન ધર્મ વિશે વાત કરતાં ભાઈશ્રીએ કહ્યું હતું કે, સનાતન ધર્મ જોખમમાં આવી શકે નહીં, સનાતન ધર્મ વગર આપણું અસ્તિત્વ જોખમમાં મૂકાઈ શકે. સનાતન ધર્મ માટે નિષ્ઠા જરૂરી છે. સનાતન ધર્મને સમજવાની જરૂર છે. સારી વાત એ છે કે કથાઓ પોતાની ભૂમિકા ભજવી રહી છે. ઇન્ટરનેટના માધ્યમથી યુવાનોને સનાતન ધર્મ સમજાવવાની જરૂર છે. વસુદૈવ કુટુમ્બકમની ભાવના, સમગ્ર વિશ્વના કલ્યાણ માટેની પ્રાર્થના, વિભિન્ન મતોનો આદર જે થકી સનાતન ધર્મ ટક્યો છે.



ભાઈશ્રી રમેશ ઓઝા

સનાતન ધર્મનું મહત્ત્વ સમજવાનું, નિષ્ઠાપૂર્વક રહેવાનું પ્રણ બધાએ કરવું પડશે. આજની યુવા પેઢી સનાતન ધર્મ સમજવા આગળ આવી રહી છે એ સારી નિશાની છે. ધર્મગુરુઓએ સમાનતાનાં મૂલ્યોની વાત કરીને મૂળ સિદ્ધાંતો વિશે સમજાવવું જોઈએ. અમારે ત્યાં યુવા શિબિર, સાધના શિબિર, દેશ-વિદેશના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમમાં રાખવામાં આવે છે. હવે વિદેશમાં રહેતા એનઆરઆઈ યુવાનો જે આપણા દેશમાં ઓછા આવે છે કાં આવી નથી શકતા તેમની પણ સંસ્કૃતિ તરફ પાછા વળવાની વૃત્તિ અને પ્રવૃત્તિ વધી છે એ સારી વાત છે.

સાંદીપનિ વિદ્યાનિકેતનમાં શિક્ષણ વૈદિક સંસ્કૃતિ, પ્રાચીન શિક્ષણ પ્રણાલી પર આધારિત છે. જેને વિશેષ રૂપથી તપોવન કહેવાય છે. પૂજ્ય ભાઈશ્રી કહે છે, સાંદીપનિ વિદ્યાનિકેતનનું આદર્શ વાક્ય છે.

'જ્ઞાનાર્થ પ્રવેશ, સેવાર્થ પ્રસ્થાન'. વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરી માનવજાતિની સેવા કરવા માટે દૃઢ સંકલ્પ કરી સ્કૂલમાં પ્રવેશ કરશે. અહીંના વિદ્યાર્થીઓએ સદાચારી, દયાળુ, નિઃસ્વાર્થ સેવા સાથેનું કાર્ય કરવું.

ભાઈશ્રી કહે છે, ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યા વેચાય નહીં, વહેંચાય. અમારા વિદ્યાનિકેતનમાં રેસિડન્સિયલ સ્કૂલ છે. અહીં સંસ્કારી વાતાવરણમાં સંસ્કૃત ભાષામાં વૈદિક પદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપવામાં આવે છે. અહીંથી ઋષિકુમારો પ્રાથમિક શાળા, કૉલેજોમાં સંસ્કૃતના અધ્યાપક બને છે. ઋષિકુમારોને શ્રીહરિ મંદિરમાં બે વર્ષ ઠાકોરજીના શ્રૃંગાર સમગ્ર ઉત્સવોની ઉજવણી, શુદ્ધ પ્રસાદ તૈયાર કરવાની સમગ્ર તાલીમ આપવામાં આવે છે. વિદેશમાં બે વર્ષ માટે ઋષિકુમાર મોકલીએ. પછી બીજાને લાભ મળે. આમ જેમ સ્કૂલમાં લેબોરેટરી હોય તેમ અમારે ત્યાં મંદિરમાં પ્રેક્ટિકલ શીખવવામાં આવે છે. જેથી ઋષિકુમારો આપણી આગવી સંસ્કૃતિને આગળ વધારે. આમ દરેક વિદ્યાર્થીઓ ઋષિકુમાર કહેવાય જેઓ ઋષિકુળથી ભણવાનું પૂરું કરી સમાજ માટે સંપત્તિ બની જાય.

# સત્ય - સંત - સત્સંગ-સમર્પણના રાહી ગિરીશભાઈ ડ્રેસવાલા

હરિલાલ ભગવાનજી ડ્રેસવાલાની સમાજલક્ષી પ્રવૃત્તિ સાથે નાની ઉંમરે જ જોડાયા જેથી તેઓની આ પ્રવૃત્તિઓને આગળ વધારવાનું કાર્ય કરી રહ્યા છે.

સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ : ભારતભરના સંતોના પ્રિય રહી, સત્સંગ સ્વાધ્યાય દૈયા ગીતા ચિંતનમાળાનું સંચાલન છેલ્લાં પચીસ વર્ષથી એકનિષ્ઠ થઈ કરી રહ્યા, કોરોનાકાળમાં પણ યુટ્યુબ દ્વારા સંતોના સહકારથી હજારો સત્સંગીઓએ ઘર બેઠાં સત્સંગ કરી શક્યા.

સ્વામી શ્રી પ્રેમપુરીજી મહારાજ જેઓના સંકલ્પ અને પ્રેરણાથી તેઓના બ્રહ્મલીન થયાનાં ૧૫ વર્ષ પછી બાબુલનાથ સ્થિત બે માળના પોસ્ટ ઓફિસ બિલ્ડિંગનું નૂતનીકરણ કરી પાંચ માળાનું ભવ્ય પ્રેમપુરી આધ્યાત્મ વિદ્યાભવન બન્યું. ઉપરાંત સ્વામી અખંડાનંદ સરસ્વતીજી જેઓ પ્રથમથી જ પ્રેમપુરી આશ્રમના આધાર સ્તંભ હતા, તેઓનો પ્રેમ સંપાદન કર્યો હતો.

ત્યારબાદના અધ્યક્ષો ત્યાગમૂર્તિ ગણેશાનંદપુરીજી, વિદ્યાનંદગિરીજી, સત્યમિત્રાનંદગિરિજી, વર્તમાનના વિશ્વેશ્વરાનંદગિરિજી સાથે અનેક સંતોની નિકટતા અને આશીર્વાદ મેળવ્યા છે. પૂજ્ય કાર્ષ્ણિ ગુરુશરણાનંદજી મહારાજ તેઓના ગુરુ છે. આ સાથે મોરારિબાપુ, પૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી જેવા અનેક વિદ્વત વક્તાઓનો પ્રેમભાવ તેમના પર રહ્યો છે. તેઓ પ્રેમપુરી આશ્રમના સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. માતુશ્રી પ્રભાવતી હરિલાલ ડ્રેસવાલા ભક્તિ ભજન સ્પર્ધાના મુખ્ય સંચાલક રહી અનેક સુવિખ્યાત ભજનિકો વિશ્વને આપ્યા છે.

ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના ટ્રસ્ટી રહી સ્વપ્ન સાકાર કરવાના મૂળમાં રહેલા કર્મનિષ્ઠ પિતા તથા દીદી પૂર્ણિમાબેન પકવાસા સાથે જુહુ સ્થિત કોલેજ અને સ્કૂલ અને



વિશેષમાં સાપુતારા મધ્યે આદિવાસી ૭૦૦ જેટલી દીકરીઓનાં કન્યા છાત્રાલય તથા સ્કૂલ સંકુલનને માટે સતત પ્રયાસ કરે છે. 'ઋતંભરા શક્તિદળ' માસિકના છેલ્લાં પચીસ વર્ષથી તંત્રી.

લોહાણા મહાપરિષદ આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્રના પ્રમુખ રહી કોરોનાકાળથી તેઓ દ્વારા વર્તમાન પ્રમુખ સતિશભાઈ વિઠલાણીના સહયોગથી ગિરીશભાઈ દ્વારા શરૂ કરેલ ઝૂમ તથા યુટ્યુબ દ્વારા સ્વામીશ્રી ગોવિંદદેવગિરિજી, ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, દાદર અક્ષર પુરુષોત્તમ મંદિર સંતો દ્વારા હનુમાન જયંતી, ભૂપેન્દ્રભાઈ પંડ્યા, સંતોષી મા, જ્ઞાનવત્સલ સ્વામી, બ્રહ્માકુમારી શિવાની ઉપરાંત અનેક વક્તાઓએ પ્રવચનો જુદા જુદા વિષયો પર આપ્યાં છે.

ભાગવતકાર નરેશભાઈ રાજ્યગુરૂ દ્વારા ભાગવત, દરેક એકાદશીના પૂજ્ય પરેશ બાવાશ્રી દ્વારા છેલ્લા દોઢ વર્ષથી સત્સંગપ્રેમીઓને જ્ઞાનગંગા પ્રાપ્ત થાય છે, ઉપરાંત બેનશ્રી નમસ્વી ભૂપ્તાણી ( પંડ્યા) 'બાલ સંસ્કાર ગુંજન' ખૂબ જ નાના બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. ધારી સ્થિત લોહાણા ડ્રેસવાલા નગદિયા છાત્રાલય અંતર્ગત યોગી ઈન્ટરનેશનલ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી છે. વ્યાપારી જગતમાં 'મેસર્સ મગનલાલ ડ્રેસવાલા 'શતાબ્દી વર્ષ' તરફ ગૌરવ સાથે આગળ વધી રહેલ છે. ધી ભુલેશ્વર રીટેલ એન્ડ ક્લોથ ડિલર્સ તથા બનારસ એન્ડ સિલ્ક મર્ચંટ ઍસોસિયેશનના પ્રમુખ છે.

# ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરીનો પોઝિટિવ કોવિડકાળ

ભવન્સ કલ્ચર સેન્ટર અંધેરી, છેલ્લાં અનેક વર્ષોથી ભારત અને વિશ્વના કલાકારો ઉપરાંત કલારસિકો માટે ભાગ્યે જ અજાણ્યું નામ છે.

હિન્દુસ્તાની, કર્ણાટકી, ક્લાસિકલ, સેમિ ક્લાસિકલ અને સુગમ સંગીતના કાર્યક્રમો ઉપરાંત, નૃત્ય, નૃત્ય નાટિકાઓ, નાટકો, ટોક શૉ, ફિલ્મો, જેવા અસંખ્ય કાર્યક્રમો બીસીસીએના આંગણે સતત રજૂ થઈ રહ્યા છે અને એ પણ હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગાલી, અંગ્રેજી અને બીજી અનેક ભાષાઓમાં. કલાકાર જાણીતો હોય કે નવોદિત, દરેકને મંચ પૂરું પાડવાનું કાર્ય બીસીસીએ એ કર્યું છે અને કરતું રહ્યું છે. આટલા વર્ષોમાં ભવન્સ કલ્ચર સેન્ટરનું સ્ટેજ દરેકે દરેક કલાકારો માટે એક તીર્થસ્થાન બની રહ્યું છે. વચમાં આવ્યો કોવિડકાળ. ૨૦૨૦/૨૧માં દુનિયા જાણે થંભી ગઈ હતી. માણસ પોતે જ પોતાનાં ઘરમાં પુરાઇ ગયો હતો. વિશ્વ સાથેનો સંપર્ક જાણે તૂટી ગયો હતો. માણસ પાસે મનોરંજનનો કોઈપણ વિકલ્પ રહ્યો ન હતો. ટીવી પર એના એ જ દુઃખદ અને ડિપ્રેશિંગ સમાચારો, એના એ જ રિપીટ એપિસોડ, જૂની મૅચો, જુના કાર્યક્રમો, જાણે રમેશ પારેખના 'આલાખાચર'ને સજીવન કરતાં વાક્યો 'ગધનું એનું એ જ, એનું એ જ...' ગૂંજવા લાગ્યું.

આવા સમયે માણસ જાતને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને લાઈવ પરફોર્મિંગ- આર્ટ્સની જરૂરિયાત સમજાય, એમાંથી જન્મ થયો બીસીસીએ ઝીર્ણીબિય ચૅનલનો. ૨૦૨૦ની ૨૧મી જૂનના વરસતા વરસાદમાં રાગા પિયાનિસ્ટ દિપક શાહ દ્વારા 'હૈયે રમતાં ગીતો મનગમતાં' કાર્યક્રમ દ્વારા ચૅનલના પગરણ થયા, જેમાં પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય, શ્રી આશિતભાઈ, હેમાબેન અને આલાપ દેસાઈ, તૃપ્તિબેન અને ભાનુભાઈ વોરા, વિરાજ અને બીજલ, સ્વપ્નિલ મિસ્ત્રી, નિકિતા વાઘેલા, નીરવ વાઘેલા અને પ્રીથા મજુમદારે, વિશ્વના ખૂણે ખૂણે વસેલા ગુજરાતી સુગમ સંગીતના ચાહકો માટે કોવિડકાળમાં, પોઝિટિવ એપ્રોચ સાથે મંગળ શરૂઆત કરી.

પછી તો બે વર્ષના ગાળામાં 'આ ગલે લગ જા,' 'કાવ્ય સંપદા,' 'કાંતિ મડીયા,' 'હેમુ વરણી સાંજ,' 'મરાઠી કાર્યક્રમ,' 'સુફી કાર્યક્રમ,' 'બીરજુ મહારાજના કલાશ્રમ દ્વારા કથક નૃત્ય વગેરે કાર્યક્રમોની વણઝાર શરૂ થઈ.

૩૪ વર્ષ પહેલાં 'ભવન્સ કલા કેન્દ્ર' અને 'કોપવુડ' દ્વારા શરૂ કરવામાં આવેલી 'સુગમ સંગીત સ્વરકાર સંમેલન' શ્રેણીની ચતુર્થ આવૃત્તિની ઝીર્ણીબિય પર ભવન્સ કલ્ચરલ સેન્ટર દ્વારા શરૂઆત થઈ, જેમાં મુંબઈ અને ગુજરાતના ૧૦ શહેરોમાંથી ૩૫ સ્વરકારો, ૪૦ ગાયકો અને ૫૦થી વધુ ગીતોનો ચાર દિવસીય ડિઝિટલાઇઝ મેળો રજૂ થયો, તો દસ વર્ષ પહેલા કૉફી-મેટ અને વિકલ્પ દ્વારા પ્રસ્તુત અલ્પવિરામ શ્રેણી 'જો આ હોય મારું અંતિમ પ્રવચન'ના ૨૫




એપિસોડ ડિઝિટલાઇઝ કરી બી.સી.સી.એ.ની ઝીર્ણીબિય ચૅનલ પર મૂકવામાં આવ્યા, જેમાં પૂજ્ય મોરારિબાપુથી માંડી સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈ સુધીના અતિ પ્રસિદ્ધ અને પોતાના ક્ષેત્રના મહારથીઓએ પોતાનું વક્તાવ્ય રજૂ કર્યું. હિન્દી ભાષાના કાર્યક્રમ 'સપના અભી ભી' દ્વારા હિન્દી ફિલ્મ અને નાટ્ય જગતના દિગ્ગજ કલાકારો બી.સી.સી.એ.ની ઝીર્ણીબિય ચૅનલ પર આવ્યા.

વર્ષ ૨૦૨૦થી ૨૦૨૨ના બે વર્ષ દરમિયાન લગભગ ૧૦૦થી વધુ કાર્યક્રમ બી.સી.સી.એ.ની ઝીર્ણીબિય ચૅનલ પર દર્શાવાયા, આ ઝીર્ણીબિય ચૅનલને ૨૬૦૦૦થી વધુ લોકોએ સબસ્ક્રાઇબ કરી, ૧૦ લાખ પ્રેક્ષકોએ વિવિધ વિષયના કાર્યક્રમને વિશ્વભરમાં પોતાના ઘરમાં રહીને જ માણ્યા, મને જણાવતા અત્યંત આનંદ થાય છે કે આ ચૅનલને જન્મભૂમિ પત્રોનો, કલાકારોનો અને કલારસિકોનો આવકાર મળ્યો. કદાચ મુંબઈની આ એકમાત્ર સંસ્થા હશે, જેણે કોરોનાકાળમાં સૌથી વધારે ઑનલાઈન કાર્યક્રમો પ્રસ્તુત કર્યા.

કોરોનાકાળ, ૨૦૨૨ના માર્ચ સુધીમાં નબળો પડ્યો, પરંતુ લાઈવ પરફોર્મિંગ આર્ટસની કમર ભાંગતો ગયો. લોકો ઘરમાંથી બહાર નીકળવાનું ભૂલી ગયા હતા. ઘરના વયસ્ક સભ્યોને બહાર નીકળવાની લગભગ મનાઈ હતી. છેલ્લા બબ્બે વર્ષથી ઘરમાં બેઠેલા કલાકારોને કાર્યક્રમ તો કરવા હતા, પણ જોનાર પ્રેક્ષકો સભાગ્રહમાં આવવા જ તૈયાર ન હતા. અત્યારે આ લખાય છે ત્યારે પણ નિયમિત પ્રેક્ષકો ગેરહાજર છે.

ભારતીય વિદ્યાભવનના આ અંધેરીના કેન્દ્રએ નાને પાયે કાર્યક્રમોની શરૂઆત કરી. ધીરે ધીરે લોકો કાર્યક્રમમાં આવવા લાગ્યા. અમે આજુબાજુની સોસાયટીઓમાં હવે બી.સી.સી.એ.ના કાર્યક્રમો લાઇવ ચાલુ થયા છે એવા સમાચારો પહોંચાડ્યા. ઓછા પ્રેક્ષકો સાથે પણ આવા કપરા કાળમાં ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરીએ લગભગ ૧૦૦ જેટલા કાર્યક્રમો રજૂ કર્યા, નિરાશ થયા વગર પોઝિટિવ ખુમારીથી બી.સી.સી.એ.એ પોતાની કાર્યવાહી ચાલુ રાખી, આગળ વધારી અને અત્યંત આનંદની વાત એ છે કે આ એપ્રિલથી શરૂ થતા ૨૦૨૩-૨૪ના વર્ષ માટે પ્રેક્ષકો જીવંત કાર્યક્રમોને માણવા પાછા આવવા લાગ્યા છે.

કલાના દરેક પાસાઓને પ્રસ્તુત કરવાનું, જાણીતા ઉપરાંત નવોદિત કલાકારોને મંચ પૂરું પાડવાનું, અને કલારસિકોને ઉચ્ચકક્ષાના કાર્યક્રમો બતાવવાનું પ્રાથમિક ધ્યેય અને વચન પૂરું કરવા ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી સક્ષમ છે, કટિબદ્ધ છે, અને આ માર્ગ ઉપર અનેક નવી યોજનાઓ સાથે તૈયાર છે. આવનારા સમયમાં એકથી એક સુંદર કાર્યક્રમોની તૈયારીઓ થઈ રહી છે. મેમ્બરશિપની ખૂબ જ ઓછી ફી સાથે આપ આપના મિત્રો સાથે જોડાઈ શકો અને આપણી ભવ્ય સાંસ્કૃતિક ધરોહરને આવનારી પેઢી સુધી લઈ જવા માટે નિમિત્ત બનો એ જ ઇચ્છા...

(પૂર્તિ પાના D1થી ચાલુ)

# ગુજરાતી રંગભૂમિનું ભાવિ રંગદર્શન

નિષ્ઠાવાન, વ્યવહારું અને શિક્ષિત છે નાટકના વ્યાકરણનું જ્ઞાન ધરાવે છે, વિષયના વૈવિધ્ય માટે સજાગ છે, આજે મુંબઈ ગુજરાત સહિત ઠેર ઠેર નાટ્ય શિબિરોનું આયોજન થઈ રહ્યું છે, એટલું જ નહીં કલાકાર કસબીઓ હોંશે હોંશે એમાં ભાગ લઈ રહ્યાં છે. અત્યાર સુધી ગુજરાતી રંગભૂમિની પ્રવૃત્તિ મુંબઈ અને ગુજરાતના મુખ્ય શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર વગેરે પૂરતી મર્યાદિત હતી આજે ગુજરાતના નાના-નાના શહેરો જ નહીં ગામડે ગામડે ફૂલી ફાલી છે. અત્યાર સુધી ગુજરાતમાં મોટે ભાગે પ્રાયોગિક નાટકો વધારે થતા હતા. આજે વ્યાવસાયિક નાટકોનું ચલણ પણ વધ્યું છે, અત્યાર સુધી ગુજરાતના નાટકોની લઢણ, શૈલી, સ્ટાઈલ થીમ લઈને હતી, ભાષાના ઉચ્ચારણો નોખા હતા, પ્રૉડક્શન અને પ્રૉપર્ટીમાં મર્યાદા હતી, આજે એ બધું મુંબઈની રંગભૂમિની હરોળમાં આવી ગયું છે. આ સરખામણી કરવાનો અર્થ એ નથી કે મુંબઈની રંગભૂમિ એ આદર્શ રંગભૂમિ છે, કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે નાટ્ય, નાટ્યત્વ પ્રેક્ષકોને રિઝવવાની જે કળા મુંબઈની રંગભૂમિ પાસે જે છે તે ગુજરાતની રંગભૂમિએ આત્મસાત કરી લીધી છે ટેક્નિકલી અને ટૅમ્પોમાં મુંબઈની છાંટ દેખાવા લાગી છે.

બીજું ખાસ નિરીક્ષણ એ રહ્યું છે કે મુંબઈમાં નવા યુવાન કલાકારોની જે ખોટ, ખાસ કરીને સ્ત્રી કલાકારોની ચાલે છે એ ગુજરાતમાં દેખાતી નથી. નાટ્ય પ્રવૃત્તિ ગુજરાતની કૉલેજો અને સામાજિક સાંસ્કૃતિક સંસ્થાઓમાં ધમધમી રહી છે. તમે માનશો, ભાવનગરના સ્પર્ધાના એક નાટકનું ૨૦થી ૨૨ કલાકારો હતા અને એમાં ૧૨ સ્ત્રી કલાકારો હતા અને એમાંથી આઠ સ્ત્રી કલાકારોએ વેશ્યા-વારંગનાનું પાત્ર ભજવ્યું હતું. ૨૦થી ૨૨ વર્ષની કન્યાઓએ માં-બાપ, સગા-સંબંધીઓ, સમાજના મોભીઓ સામે! હેરત પમાડે એવું દૃશ્ય હતું.

ગુજરાતમાંથી સ્પર્ધામાં ભાગ લેતી સંસ્થાઓમાં મોટે ભાગે ૧૫-૨૦ કલાકારોનો કાફલો તો હોય જ સજ્જતા પણ ઉડીને આંખે વળગે એવા કલાકારોનો કાફલો-ટોળું ક્યારેય ન બને એમાં કલાત્મકતા દેખાય જ આ બધું જોઈને ગુજરાતી રંગભૂમિનું ભવિષ્ય ઊજળું છે, એવું લાગ્યા વગર રહે નહીં.

સેટ્સ, લાઈટ્સ, સંગીત, ડ્રેસ ટેક્નિકમાં પણ ગુજરાતના નાટકો અગ્રેસર રહ્યા છે ક્યારેક તો મુંબઈની રંગભૂમિ કરતા ચડિયાતા પણ. એમાં પણ સુરતની રંગભૂમિએ જબરું કાઠું કાઢ્યું છે. નવા નવા વિષયો નવા કલાકારો લેખકો દિગ્દર્શકો, કસબીઓનો કાફલો સુરતના નામને ચાર ચાંદ લગાવી રહ્યો છે. રંગભૂમિને ગૌરવ અપાવે એવા નાટકો સુરતમાં થઈ રહ્યા છે એની નોંધ લેવી જ ઘટે.

રંગભૂમિ એ રંગભૂમિ છે. એમાં મુંબઈ કે ગુજરાતની રંગભૂમિ કે વ્યવસાય કે પ્રાયોગિક રંગભૂમિ જેવા ભેદ માત્ર સરખામણી અને સગવડ પૂરતા જ કરાય રંગભૂમિનો મુખ્ય ઉદ્દેશ લોકોનું મનોરંજન કરવાનો જ છે પછી ભલે એ પ્રજાની કેળવણીના સાધન તરીકે, જ્ઞાન આપનાર સંસ્થા તરીકે કે સમાજના ગુણ દોષ દેખાડનાર આઈના તરીકે એનો ઉપયોગ થાય.

ભરત મુનિએ નાટકને સર્વ શિલ્પ પ્રદર્શક કહ્યું છે. 'નાટકમાં જેનું દર્શન ન થતું હોય એવું કોઈ જ્ઞાન નથી, કોઈ શિલ્પ નથી, કોઈ કલા નથી કોઈ પીડા કે કર્મ નથી'.

ગુજરાતી રંગભૂમિના ભવિષ્યના આશાવાદમાં મને એક જ ભયસ્થાન દેખાઈ રહ્યું છે. કલાકાર કસબીઓ નાની સફળતાથી પણ અહંકારી બની જાય છે, એટલું જ નહીં, તૃપ્ત થઈ જાય છે સૌથી પહેલા એમણે માણસ બનવાની કળા શીખવી પડશે તૃપ્તિ નામની રાજધાનીમાંથી દેશવટો લઈ અને શિસ્ત અને સંયમની પાળ બાંધી લેવી પડશે

તા.ક.: ક્ષમાયાચના - નામોનો ઉલ્લેખ મારી યાદ શક્તિને આધીન રહી છે.

# ગ્લૉબલ વૉર્મિંગ, કોરોના, અલ-નીનો અને ભારતીય સંસ્કૃતિ

ડૉ. જે. જે. રાવલ



છેલ્લાં થોડાં વર્ષોથી દેશ અને દુનિયાના હવામાનમાં ઘણો ફેરફાર થયેલો વર્તાય છે. ક્લાઈમેટમાં ફેરફાર થતો જણાય છે. જ્યાએ જ્યાએ ચક્રવાતો પેદા થાય છે, ધરતીકંપો થાય છે, ત્સુનામી આવે છે અને જ્વાળામુખીના વિસ્ફોટ થાય છે. હિમાલયમાં ભૂસ્ખલન થતું રહે છે, હિમાલયમાં પણ પહાડોની એ દશા છે. ઉત્તરાખંડમાં વાદળો ફાટે છે, તો હિમાલયની નદીઓમાં ઘોડાપુર આવે છે. વગર મોસમે જ્યાએ જ્યાએ વરસાદનાં ઝાપટાં આવે છે અને ખેતર-વાડીઓમાં પાકને નુકસાન થાય છે. ફળોની વાડીઓમાં પણ નુકસાન થાય છે, ખેડૂતો બિચારા રોવે છે. ભૂકંપ વિજ્ઞાનીઓ આગાહી કરે છે કે હિમાલયમાં ૧૦ કે ૧૧ રિક્ટર સ્કેલ પર ધરતીકંપ થવાનો સંભવ છે. જો ૫૦ કે ૧૦૦ નાના નાના ધરતીકંપો હિમાલયમાં થાય તો હિમાલય નીચેનો સ્ટ્રેસ (દબાણ) ઘટી જઈ શકે અને હિમાલયમાં થનારી સંભવિત તબાહી અટકી શકે. જો એમ નહીં થાય તો ભારત મુસીબતમાં મુકાઈ શકે તેમ છે. પ્રાર્થના કરીએ કે દેવાત્મા નગાધિરાજ એમને એમ રહે.

હમણાં હમણાં ભારતમાં શું થાય છે કે ચોમાસાના પ્રારંભના મહિનામાં સખત ગરમી પડે છે અને દિવાળી આવતા દરરોજ સવાર કે સાંજ ધોધમાર વરસાદ થાય છે. શિયાળામાં ઠંડીને બદલે ગરમી પડે છે અને ઉનાળો આવતા વરસાદ વર્ષે છે. આમ ઋતુઓ બદલાતી હોય તેમ લાગે છે. આ બાબતે પૃથ્વીની પરાંચનગતિનું પણ થોડું યોગદાન છે.

પ્રશ્ન એ છે કે ક્લાઈમેટ ચેઈન્જની આવી પરિસ્થિતિ શા માટે સર્જાઈ છે? ભારત દેશમાં ભૂતકાળમાં પરિસ્થિતિ શું હતી?

ભૂતકાળમાં ભારતમાં વસતિ ઓછી હતી અને ગાઢ જંગલો હતાં. મોટરકારો, વિવિધ પ્રકારનાં વાહનો અને ફેક્ટરીઓ હતી નહીં. ઉપરોક્ત વાહનો અને કારખાનાઓ વાયુમંડળમાં ઝેરી ગ્રીનહાઉસ વાયુઓ ફેંકતાં નહીં. વાહનો અને કારખાનાઓ વગર ચાલે નહીં, પણ તેમાંથી નીકળતા ગ્રીનહાઉસ વાયુઓને બે-રોકટોક વાયુમંડળમાં છોડી દેવામાં આવે છે. આ વાયુઓ પર પ્રોસેસ કરવામાં આવે તો, તેમને પ્રવાહી બનાવવામાં આવે તો તે ઘણા ઉપયોગી બની શકે તેમ છે, પણ ઉદ્યોગપતિઓ એમ કરે તો તેમનો નફો ઘટી જાય. માટે તેઓ દેશવાસીઓના આરોગ્યની દરકાર કર્યા વગર ગ્રીનહાઉસ વાયુઓને વાયુમંડળમાં છોડી દે છે. કારખાનાનું ગંદુ પાણી, કદડો બાજુના નદી-નાળાઓમાં છોડી દે છે. ચર્મ ઉદ્યોગ, વસ્ત્ર-પ્રિન્ટિંગ ઉદ્યોગ, રિફાઈનરીઓ, રેફ્રીજરેટર, ફૉમ, ઍરકન્ડીશનિંગ, અત્તર અને પ્લાસ્ટિક ઉદ્યોગ દેશના વાયુમંડળમાં પ્રદૂષણ ફેલાવે છે. તેની બાળકો અને લોકોનાં સ્વાસ્થ્ય પર ખરાબ અસર થાય છે. ઍરકન્ડીશન આમાં ઉમેરો કરે છે. કારખાનામાંથી બહાર પડતો ક્લોરો-ફ્લોરો-કાર્બન (સીએલએફસી) વાયુ વાયુમંડળમાં ૨૦ કિ.મી. ઊંચે સ્થિત ઓઝોન વાયુના કવચને જીર્ણ બનાવે છે, જે સૂર્યમાંથી બહાર પડતા એક્સ-રે, અલ્ટ્રાવાયોલેટ કિરણો, ગામા કિરણોને શોષી લે છે અને તેને ધરતી પર આવવા દેતો નથી અને લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે અને સ્કીન કેન્સર થતું અટકાવે છે. ઓઝોન કવચમાં ગાબડા પડવાને કારણે શક્તિશાળી સૂર્યકિરણો પૃથ્વી પર આવી ગરમી વધારે છે. પૃથ્વીના વાયુમંડળમાં પહેલેથી જ જમા થયેલા ગ્રીનહાઉસ ગૅસીસ સૂર્યની ગરમીને શોષતા જાય છે અને અંતરીક્ષમાં જવા દેતા નથી અને ગ્લોબલ વૉર્મિંગમાં વધારો કરે છે. પૃથ્વી પર ગરમી વધતી જતી હોવાથી હિમાલય, આલ્પ્સ જેવા પર્વતો પરના બરફો પીગળે છે, એન્ટાર્ટિકાના બરફો પીગળે છે જે બીજી ઘણી હોનારતો કરવા સમર્થ છે. પૃથ્વી પર વાયુમંડળમાં અસમતુલન પેદા કરે છે, જે વાયુમંડળની સિસ્ટમ, હાઈડ્રોલોજિકલ સાયકલને નુકસાન પહોંચાડે છે અને અમુક ભાગમાં દુકાળ અને અમુક ભાગમાં લીલો દુકાળ પેદા કરે છે.

વધારામાં પૂરતું સૂર્યનારાયણ દેવતા પણ હાલમાં ખૂબ ક્રોધાયમાન અને કાર્યશીલ છે. તેની અણુભઠ્ઠી તેજ બની ગઈ છે, જે ગ્લોબલ વૉર્મિંગમાં વધારો કરે છે. પ્રશાંત મહાસાગર સ્થિત અલ-નીનોના ગરમ પ્રવાહને વધારે ગરમ કરી ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પોટલા પાણી વરસાવે છે.

બધી વસ્તુઓના ભાવ વધતા જાય છે. પેટ્રોલમાંથી નીકળતા નુકસાનકારક વાયુઓ લોકોની પરેશાની વધારે છે. જોકે હવે ઈલેક્ટ્રિસિટીથી ચાલતી કારો અસ્તિત્વમાં આવતી જાય છે અને ગૅસ-ઈંધણો વાયુમંડળમાં પ્રદૂષણ વધાર્યું નથી. પૃથ્વી પર જે પ્રદૂષણની પરિસ્થિતિ ઊભી થઈ છે તે છેવટે તો માનવીય કરતૂત છે. પૃથ્વી પરના પ્રકૃતિ અને પર્યાવરણને સાચવવાની ફરજ દરેકે દરેક નાગરિકની છે, પણ તે તેમાંથી છટકતો જાય છે. બધાયે અકબર અને બિરબલની વાર્તા સાંભળી હશે. અકબર કહે આગ્રાની તેની પ્રજા આદર્શ છે અને રાજના દરેક આદેશને અનુસરે છે. બિરબલ કહે જહાંપનાહ એમ નથી. એ તો લોકોને બધી સગવડતા આપીએ છીએ અને દબાવ હેઠળ છે માટે તે ઠીક ઠીક વર્તે છે. બાદશાહ કહે એવું નથી. ચાલો પરીક્ષા કરીએ. બાદશાહે એલાન કર્યું કે રાજમહેલની બહાર સ્વચ્છકુંડમાં દરેક કુટુંબે રાતે દૂધનો ભરેલો એક લોટો નાખી જવો. દરેક કુટુંબે વિચાર કર્યો કે હું જો કાળી રાતે એક લોટો પાણી કુંડમાં નાખીશ તો ક્યાં કોઈને ખબર પડવાની છે? બીજા બધા કુટુંબો તો દૂધનો ભરેલો લોટો કુંડમાં નાખવાના જ છે. સવાર પડી તો અકબરને માલુમ પડ્યું કે કુંડમાં એક પણ દૂધનો ભરેલો લોટો નાખવામાં આવ્યો ન હતો. માટે પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ બીજા કરવાના છે, આપણે નહીં કરીએ તો ક્યાં વાંધો છે. આ રીતે પ્રકૃતિ પર્યાવરણનું રક્ષણ ન થાય.



બીજી એક વાત મહાકવિ કાલિદાસના શાકુન્તલમ્‌ના પ્રારંભે ભારતવર્ષનો ચક્રવર્તી રાજા દુષ્યંત ધનુષ પર બાણ ચઢાવીને ધસમસતા રથમાં કણ્વ ઋષિના આશ્રમવનમાં મૃગલાને મારવા પ્રવેશે છે ત્યારે આશ્રમના બે ઋષિકુમારો બે હાથ ઊંચા કરીને રાજાને કહે છે કે હે રાજા, ફૂલોના ઢગલામાં આગ ચાંપવી તે ભયંકર કૃત્ય છે. તેથી મૃગલાના કોમળ શરીરમાં બાણ મારવાનું કાર્ય પણ એટલું જ નીચ કાર્ય છે. પ્રકૃતિ અને પર્યાવરણની સાચવણી એમ થાય.

પુરાતન ભારતવાસીઓ પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે ખૂબ સજાગ હતા. તેઓ માનતા કે કુદરતના સ્રોતો જીવવા માટે છે, નહીં કે ભોગ ભગવવા માટે. તેઓ સંગ્રહાખોરીમાં માનતા નહીં. વૃક્ષોના જોઈતાં ફળો જ વૃક્ષોની સંમતિ લઈને લેતાં હતાં. દલા તરવાડીની જેમ નહોતા કરતા. વૃક્ષોને પૂજતાં, નદીઓને માતા જ માનતાં. તેમાં ગંદકી ફેંકતા નહીં. વિવિધ પશુ-પંખીઓ અને વૃક્ષોને પરિવારના સભ્યો જ માનતાં. પહાડોને તોડતા નહીં. તેની પૂજા કરતા. શ્રીકૃષ્ણ ભગવાને ઈન્દ્રની પૂજા કરવાને બદલે ગોકુળના પાદરમાં આવેલ ગોવર્ધન પર્વતની પૂજા કરવાનો પ્રારંભ કરેલો. સ્વદેશીની ભાવના હતી. સ્વદેશી રમતો જેવી કે સાત-તાળી, હૉકી, મોય-દાંડિયા, હુતૂતૂનો પ્રારંભ કરેલો. વાંસમાંથી વાંસળી બનાવી સંગીત રેલાવવામાં આવતું. મોરપીંછ શણગારનો ભાગ હતું. રેસલિંગ (મલ્લકુસ્તી)નો પ્રારંભ જ બલરામ અને શ્રીકૃષ્ણ ભગવાને શરૂ કરેલો.

આધુનિક યુગમાં લોકો એમ માને છે કે કુદરતના બધા જ સ્રોતો તેમના ભોગ માટે જ છે, નહીં કે માત્ર જીવવા માટે. તેઓ કુદરતી સ્રોતોનો બગાડ પણ બહુ કરે છે. લોકો અતિશય પ્રમાણમાં મોજ-શોખમાં માનતા થયા છે. ફેશનમાં પણ ખૂબ જ વધારો થયો છે. લોકોનો સંગ્રહખોરીમાં પણ વધારો થયો છે. ભારતના લોકોમાં પશ્ચિમી દેશોના લોકોનું અનુકરણ વધી ગયું છે. લોકો હવે પોતાની જાત માટે, પોતાની પત્ની અને બાળકો માટે જીવતા થઈ ગયા છે, ખૂબ જ સ્વાર્થી બની જતા દેખાય છે. ભોજનમાં પણ સાત્ત્વિક ખોરાકને બદલે ફાસ્ટ ફૂડ વધી ગયું છે, જેણે તેમને જાડા અને અદોદરા બનાવી દીધા છે અને તેમની ઈમ્યુનિટી ઓછી થઈ ગઈ છે. કૉમ્પ્યુટર અને મોબાઈલે તેમની યાદશક્તિને ક્ષતિ પહોંચાડી છે. કિડની, કેન્સર, ડાયાબિટીસ, હાર્ટ એટેક વગેરે રોગોનું સામ્રાજ્ય ફેલાતું જાય છે. લોકો મહેનત કરવાને બદલે ચાલતા જવાને બદલે વાહનોનો વધારે પડતો, બિનજરૂરી ઉપયોગ કરતા થઈ ગયા છે.

ઉપરોક્ત કારણોસર કોરોના જેવા રોગો ફેલાય છે, ત્યારે તેઓ ડરના માર્યા જ મૃત્યુને શરણ થાય છે.

ગ્લોબલ વોર્મિંગ ઋતુઓને છિન્ન-ભિન્ન કરવામાં યોગદાન આપે છે. કેટલાક દેશો કોરોના જેવા વાયરસને ઉત્પન્ન કરી બીજા દેશ પર પ્રભુત્વ મેળવવા, તેને પરેશાન કરવા ફેલાવે છે. રાસાયણિક યુદ્ધની જેમ આ એક જાતનું બાયોલોજિકલ-જૈવિક યુદ્ધ જ છે.

હકીકતમાં હજુ પણ વિજ્ઞાનીઓને કોરોના વાયરસનો જન્મ, વિકાસ અને રચનાની સો ટકા સાચી ખબર નથી. જાત જાતના વાયરસો ફેલાતા જાય છે. હજુ કોરોના વાયરસ ખરેખર ગયો નથી. માટે તેને એડપ્ટ થવું જ યોગ્ય ગણાશે. તેની સાથે રહેતા શીખવું પડશે. કોરોનાએ દુનિયામાં લાખો લોકોના મૃત્યુ કર્યા છે. રસપ્રદ વાત એ છે કે કોરોનાએ દર્શાવ્યું કે આપણે બધા પૃથ્વીવાસીઓ એક જ કુટુંબના સભ્યો છીએ. ભારતમાં વસુધૈવ કુટુંબકમ્‌નો સિદ્ધાંત અર્થસભર છે. કોરોનાએ કેટલાય લોકોના હૃદયમાં, મગજમાં, કાનમાં, આંખમાં ક્ષતિ પહોંચાડી છે.

જૈન ધર્મમાં મુખ પર મુહપત્તી બાંધે છે તેનું મહત્ત્વ લોકોને સમજાયું. એનો અર્થ એમ પણ થયો કે લગભગ અઢી હજાર વર્ષ પહેલાં જૈન મહાત્માઓને ખબર હતી કે વાયુમંડળના હાનિકારક વાયરસ અને બેક્ટેરિયાથી કેવી રીતે બચી શકાય. જૈન ધર્મમાં લોકો જે પાણીને ઉકાળીને પીવે છે, સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં ભોજન કરે છે, તેનું મહત્ત્વ પણ કોરોનાએ સમજાવ્યું કે તે સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી છે. કોરોના વૈશ્વિક વ્યાધિ હતો.

હાલમાં ગ્લોબલ વૉર્મિંગ તો છે જ, તેમાં વળી ઉપરથી સૂર્યનારાયણ દેવ વધારે કાર્યશીલ છે, ગરમ છે અને નીચે પ્રશાંત મહાસાગરમાં અલ-નીનોનો ઉપદ્રવ શરૂ થયો છે. ગરમ સૂર્ય અલ-નીનોની અસરને વધારે વ્યાપક બનાવે છે. માટે હાલમાં વાયુમંડળની પરિસ્થિતિ બહુ ગંભીર છે.

વગર ઋતુએ અમુક જગ્યાએ વરસાદ વરસે છે અને ગરમીનો પારો ઊંચો ચઢેલો છે તેની પાછળ (૧) પૃથ્વીની પરાંચન ગતિ, (૨) ગ્લોબલ વૉર્મિંગ, (૩) સૂર્યનારાયણની અણુભઠ્ઠીનું તેજ થઈ જવું અને (૪) અલ-નીનોનું ઉત્તેજિત થઈ જવું જે કોઈ જગ્યાએ દુકાળ લાવે અને કોઈ બીજી જગ્યાએ પોટલાબંધ પાણી પાડે.

ઉપરોક્ત કુદરતી અને માનવસર્જિત કારણોસર પૂરી પૃથ્વી મુસીબતમાં છે. લોકો માને છે કે ચોમાસું મોડું આવશે અને નબળું રહેશે તે માનવાને કારણ નથી. હા, થોડું મોડું આવી શકે અને ૧૦ ટકા ચોમાસું નબળું રહે તેમ માની શકાય.

વાયુઓ ખૂબ જ જીવરા હોય છે. તેમની ગતિ-વિધિ વિશે આગાહી કરવી થોડી કપરી છે. તે ક્યારે તેની કાર્યરેખા બદલે, ચક્રવાત ક્યાં ખાબકે તેને સુપર કૉમ્પ્યુટર પણ ૧૦૦ ટકા પ્રેડિક્ટ કરી શકે નહીં. માટે જ હવામાનની આગાહીમાં ગરબડ થાય છે. વાયુમંડળના વાયુઓ સાથે કામ પાર પાડવું હંમેશાં ઘણું અઘરું છે. આપણે આભાર માનીએ બોઈલ, ગેલ્યુસેક્સ, એવોગેડ્રો જેવા વાયુશાસ્ત્રીઓનો કે તેમણે આપણને વાયુની ગતિવિધિના નિયમોથી અવગત કરાવ્યા.

પૃથ્વી આપણને ઘણી રીતે સંકેત આપે છે, પણ માનવજાત તે સમજવા માગતી જ નથી. કોરોના આપણને સંકેત આપે છે કે પૃથ્વીના માણસો, પૃથ્વી પરનું જીવન એક છે, માટે શાંતિ અને સુમેળતાથી રહો, કુદરતને ખોળે જીવો, ઓછી જરૂરિયાતથી જીવો. એકઠા રહો, તેમ છતાં અંતર રાખીને જીવો. ગીતાના જ્ઞાનને અંતરમાં ઉતારીને જીવો. કોરોના કોઈ એક દેશ પર બીજા દેશનું યુદ્ધ કે ચઢાઈ નથી, પણ તેનું દરેકે દરેક માનવી અને બધા જ પ્રકારના જીવન સાથે યુદ્ધ છે. આપણને કોરોના વિશ્વરૂપ દર્શન કરાવે છે.

અલ-નીનો પશ્ચિમ પેસિફિક ક્ષેત્રમાં ખૂબ જ વાયુનું દબાણ ઉત્પન્ન કરે છે અને પૂર્વ પેસિફિક ક્ષેત્રમાં ખૂબ જ હલકા વાયુનું દબાણ પેદા કરે છે, જે દુકાળ અને લીલા દુકાળની માયા સર્જે છે. અલ-નીનોની આ કામગીરી બે-ચાર કે પાંચ વર્ષ સુધી ચાલે છે. તે સપ્ટેમ્બર-નવેમ્બર મહિનાઓમાં વરસાદ વરસાવે છે. પેસિફિક ક્ષેત્રમાં ઉત્પન્ન થતાં ઠંડા પ્રવાહો જેનું નામ લા-નિનો છે. તે પૂર્વ પેસિફિક ક્ષેત્રમાં વાયુનું ભારે દબાણ ઉત્પન્ન કરે છે અને પશ્ચિમ પેસિફિક ક્ષેત્રમાં વાયુનું હલકું દબાણ પેદા કરે છે. આ બન્ને દુનિયામાં ઉષ્ણતામાનમાં અને વર્ષા પાડવામાં ફરક કરે છે. જે દેશો ખેતી અને મત્સ્ય ઉદ્યોગ પર નિર્ભર છે તેમને ખૂબ જ નુકસાન કરે છે. આ દેશો પ્રશાંત મહાસાગરના કિનારાના પ્રદેશો છે, જે અલ-નીનો અને લા-નિનો વડે અસર પામે છે.

અલ-નીનો વાયુમંડળના ચક્રને સરકાવે છે. જેથી ઈન્ડોનેશિયા, ભારત અને ઉત્તર ઑસ્ટ્રેલિયામાં વરસાદની તંગી પેદા કરે છે. અલ-નીનો અને લા-નિનો આજકાલથી થતા નથી, પણ હજારો વર્ષોથી થાય છે. અલ-નીનો અને લા-નિનો ક્લાઈમેટમાં ફેરફાર કરવામાં જવાબદાર તત્ત્વો છે. આમ ગ્લોબલ વૉર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ અને અલ-નીનો-લા-નિનો એકબીજા સાથે સંબંધ ધરાવે છે.

અલ-નીનો ગ્લોબલ ક્લાઈમેટને અસર કરે છે. તે સામાન્ય હવામાનની સિસ્ટમને છિન્ન-ભિન્ન કરી નાખે છે. તે ક્યાંક ભયંકર તોફાનો અને ચક્રવાત પેદા કરે છે, તો ક્યાંક દુકાળની પરિસ્થિતિ સર્જે છે.







# બિલ્ડિંગ પુનર્વિકાસ વખતે સિક્કાની બન્ને બાજુ ચકાસવી જરૂરી

જૂની ઈમારતોમાં રહેતા રહેવાસીઓ માટે રિડેવલપમેન્ટ સુવર્ણ તક છે. કૉ-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી હોય કે ભાડૂત મકાન, સાવચેતી રાખવામાં આવે તો જ રિડેવલપમેન્ટ સૌકોઈ માટે શ્રેષ્ઠ સાબિત થઈ શકે છે.

કોઈ ઈમારત પુનઃવિકાસમાં જવાની હોય તો ફ્લૅટ ખરીદનારાઓએ પ્રોજેક્ટ સંબંધિત એફએસઆઈ જાણી લેવી જોઈએ. બિલ્ડર બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરશે તેનો અંદાજ ગ્રાહકોને હોવો જોઈએ. આ બાબતે પ્રોજેક્ટ મૅનેજમેન્ટ કન્સલ્ટન્ટ ઘણી મદદ કરી શકે છે. ઘણી વાર એવું બનતું હોય છે કે સોસાયટી દ્વારા નિયુક્ત કરાયેલા સલાહકારો બિલ્ડરો સાથે હાથ મિલાવી લેતા હોય છે. તેથી કૉ-ઑપરેટિવ સોસાયટીના સભ્યો અથવા ભાડૂતોએ સાવચેતી રાખવી જોઈએ.

પરિશ્રમ અને સંશોધનનો કોઈ વિકલ્પ નથી. તમારે વિવિધ ટીમ બનાવવી જોઈએ.



**વિનોદ સી. સંપટ**

એક ટીમ એફએસઆઈ વિશેની વિગતો જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. કેટલીક મ્હાડાની કૉલોનીમાં એફએસઆઈ/ટીડીઆરની સુવિધાઓ ૧૨ સુધી ઉપલબ્ધ હોય છે જે ભાગ્યે જ સભ્યો જાણતા હોય છે.

બીજી ટીમ સતત પ્રોજેક્ટ મૅનેજમેન્ટ કન્સલ્ટન્ટના સંપર્કમાં હોવી જોઈએ. ત્રીજી ટીમ વકીલ સાથે સંપર્કમાં રહી શકે છે જે બિલ્ડિંગના પુનર્વિકાસનું ધ્યાન રાખશે.

સામાન્ય રીતે, ફ્લૅટ ખરીદનારાઓને અનેક બાબતોની માહિતી હોતી નથી અને તેઓ બિલ્ડરની મીઠી-મીઠી વાતોમાં ફસાઈ જાય છે. તેથી હંમેશાં સારો ટ્રેકરેકોર્ડ ધરાવતા બિલ્ડરો સાથે જ આગળ વધવું જોઈએ. બિલ્ડરો પાસેથી જે વિગતો મગાવવામાં આવે છે તેમાં હાલમાં હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટો, મકાનોના ચોરસ ફૂટ સહિતના માપદંડ, ઑક્યુપેશન સર્ટિફિકેટ, બિલ્ડિંગ બાંધકામ પૂર્ણ થવાની વિગતો, બિલ્ડરો સામેના મુકદમાઓની વિગતો-ટ્રેક રેકોર્ડ, આવકવેરા સંબંધિત દસ્તાવેજો વગેરેનો સમાવેશ થવો જોઈએ.

પુનર્વિકાસમાં જગ્યાનો કબજો અને જે-તે જગ્યા પરના બાંધકામ તોડી પાડવાનો સમાવેશ થાય છે. તેને ધ્યાનમાં રાખીને ફ્લૅટનો કબજો સમયસર મળી જાય તેની ખાતરી જરૂરથી કરવી જોઈએ. કેટલાક બિલ્ડરોના રંગ થોડા સમયમાં દેખાવા લાગે છે. એવા કિસ્સાઓ પણ બન્યા છે જેમાં બિલ્ડરો દ્વારા ભાડું પણ ચૂકવવામાં આવતું નથી તથા પ્રોજેક્ટ એવી થર્ડ પાર્ટીને વેચવામાં આવે છે જેની પ્રતિષ્ઠા બહુ સારી હોતી નથી. તમારા વકીલ વિકાસનું ઍગ્રીમેન્ટ બનાવતા હોય ત્યારે વધુ સાવધ રહેવાની જરૂર હોય છે. જો બિલ્ડર દ્વારા નિર્ધારિત સમય સુધી ફ્લૅટનો કબજો આપવામાં ન આવે તે માટે ડેવલપમેન્ટ ઍગ્રીમેન્ટમાં એક્ઝિટ ક્લોઝ હોવો જોઈએ. બિલ્ડરો દ્વારા જે બાંધકામ કરવામાં આવી રહ્યું હોય તેની નિયમિત રીતે તપાસ કરવી જોઈએ. કરારમાં હંમેશાં સમય-સીમાને મહત્ત્વ આપવું જોઈએ.

આ સિવાય છૂપા ખર્ચ અંગે પણ સાવધાન રહેવાની જરૂર છે, કારણ કે ઘણી વખત સરકારી અધિકારીઓ લાંબા સમયગાળે મોટા બિલ જારી કરે છે. ઍગ્રીમેન્ટનો મુસદ્દો સારી રીતે તૈયાર થવો જોઈએ, જેમાં સંબંધિત કલમો હોવી જોઈએ જેમાં બાંધકામ સાથેના પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે થતા ખર્ચની તમામ જવાબદારીઓ બિલ્ડરની હોવી જોઈએ. કરારમાં આર્બિટ્રેશન ક્લોઝ હોવો જ જોઈએ અને તેમાં કંઈપણ વિપરીત ન હોવાનો, આર્બિટ્રેટર હાઈ કોર્ટના નિવૃત્ત જજ હોવાનો અને લવાદને લગતા તમામ ખર્ચ બિલ્ડર દ્વારા ઉઠાવવામાં આવશે તેનો ઉલ્લેખ હોવો જોઈએ. ઘણી વખત એવું બનતું હોય છે કે બૅન્કર્સ અને બિલ્ડરો દ્વારા ઉપયોગમાં લેવાતા ટેક્નિકલ જર્ગનને કારણે બૅન્ક ગેરન્ટ આવરી શકાતી નથી. ફ્લૅટ ખરીદનારાઓએ જૂના ફ્લૅટનો કબજો છોડવા પહેલાં બિલ્ડર દ્વારા વ્યક્તિગત કરાર કરવાનો આગ્રહ રાખવો જોઈએ અને નવી બિલ્ડિંગમાં ફ્લૅટ નંબર જાળવી રાખવો જોઈએ. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ હાલમાં ફ્લૅટ નં. ૧૦૩ ધરાવે છે, પુનર્વિકાસ બાદ તેને ફ્લૅટ નંબર ૩૦૩ મળી શકે છે. તેને ધ્યાનમાં રાખીને તેમની પાસે ફ્લૅટ નંબર ૩૦૩ માટે યોગ્ય ટાઈટલ હોવું જોઈએ, જેથી ફ્લૅટ નંબર



૩૦૩ વેચવા માગે ત્યારે તેમાં કોઈ સમસ્યા ઊભી ન થાય. આવા કિસ્સાઓ પણ છે જ્યાં બિલ્ડરો સ્થાયી વૈકલ્પિક આવાસ કરારમાં ફ્લૅટ નંબર જાળવી રાખતા નથી, કારણ કે બિલ્ડરો સીસી મેળવતા નથી. ત્યારબાદ ઍગ્રીમેન્ટ ડીડ અથવા ચકાસણી કરવી જોઈએ.

ઘણી વખત રહેવાસીઓ/ ભાડૂતો વધારાનો વિસ્તાર ખરીદી કરતા હોય છે ત્યારે ફ્લૅટ ખરીદી કરનારાઓએ જીએસટીની અસરો અને કૅપિટલ ગેઈન, ઈન્કમ ટૅક્સની અસરો પણ અગાઉથી જાણવી જોઈએ. શક્ય હોય તો સલાહકારો પાસેથી લેખિતમાં અભિપ્રાયો લેવાનો આગ્રહ રાખવો. એવી સલાહ આપવામાં આવે છે કે બિલ્ડર પર ક્યારેય વિશ્વાસ ન કરવો, દરેક વસ્તુની બન્ને બાજુ ચકાસવામાં જ સમજદારી છે. એવા બિલ્ડરો પણ છે જેઓ કટિબદ્ધ હોય છે, પણ તેઓ અપવાદમાં હોઈ શકે. બિલ્ડરો દ્વારા ઑફર કરવામાં આવતા વધારાના વિસ્તારમાં ભોળવાઈ જવું જોઈએ નહીં. ઑફર કરાયેલા વિસ્તારની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈના સંદર્ભમાં માપવા જોઈએ. એક ઉત્તમ ઉદાહરણમાં જ્યાં ગ્રાહકો ભૂલ કરે છે કે તેઓ માત્ર થોડા રૂપિયા બચાવવા માટે સ્ટેક પાર્કિંગ માટે જાય છે. આનાથી ફ્લૅટ ખરીદનારાઓ વચ્ચે સ્ટેક પાર્કિંગની જાળવણી અંગેના ખર્ચ ઉપરાંત ઘણા વિવાદો થાય છે. પાર્કિંગની સમસ્યાના કારણે સભ્ય વચ્ચે ઝઘડા થાય છે.

બિલ્ડર દ્વારા સમગ્ર બાંધકામ માટે મ્યુનિસિપલ સત્તાવાળાઓને નિર્ધારિત તમામ રકમ ચૂકવે નહીં ત્યાં સુધી ગ્રાહકોએ બિલ્ડિંગના કબજાનો ભાગ ન બનવો જોઈએ. એ સામાન્ય છે કે બજેટમાં વધારો થવાને કારણે બિલ્ડરો સંપૂર્ણ ટીડીઆર લોડ કરતા નથી. સંપૂર્ણ ટીડીઆર લોડ કરવાથી એ નક્કી થાય છે કે બિલ્ડરના અયોગ્ય નાણાકીય વ્યવહારને કારણે પ્રોજેક્ટ અટકી નહીં જાય.

શક્ય હોય તો નજીકના વિસ્તારમાં પુનર્વિકાસના પ્રોજેક્ટ હાથ ધરનાર બિલ્ડરને પ્રાધાન્ય આપવું જોઈએ, કારણ કે તે પ્રોજેક્ટને લગતી સમસ્યાઓને વધુ સારી રીતે સમજી શકશે.

ઘણી વખત બિલ્ડરો સભ્યો અને ભાડૂતોને ટૉકન પેમેન્ટ કરે છે અને ત્યારબાદ તેમની અયોગ્ય નાણાકીય પ્રવૃત્તિને કારણે ચુકવણી બંધ કરી દે છે. તેથી સૌથી સારું એ છે કે બિલ્ડર પાસેથી મોટી રકમની સાથે એકાઉન્ટ પેયી ચેક ઍડ્વાન્સમાં લેવો જેથી બિલ્ડરને પ્રોજેક્ટમાં વધુ રોકાણ કરવાની ફરજ પડશે.

શબ્દોની રમતથી બચવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, ઓટિસ લિફ્ટ્સ અને ઓટિસ ટાઈપ લિફ્ટ્સ, આ બન્ને શબ્દો એક જેવા ભલે જણાતા હોય, પણ તેનો અર્થ અલગ અલગ હોય છે. ફ્લૅટ ખરીદનારાઓએ બરાબર રીતે હોમ વર્ક કરવો જોઈએ. શક્ય હોય ત્યાં સુધી બિલ્ડર દ્વારા જે કરાર કરવામાં આવે છે તે 'જૈસે થે'ના ધોરણે હોવો જોઈએ.

મહારેરા અસ્તિત્વમાં આવવાથી મકાન ખરીદનાર ઈચ્છુકો રિયલ એસ્ટેટ સંબંધિત વ્યવહારોમાં પરિવર્તન આવવાની અપેક્ષા રાખતા હતા, જેના પરિણામે વધુ અનુસાસ, પારદર્શકતા આવે. તેમાં કોઈ શંકા નથી કે મહારેરા આવા લોકોને મદદરૂપ થઈ છે, પરંતુ મહારેરામાં પૂરતા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી નથી. બીજું કે ઝડપી ન્યાયની ખાતરી કરવા માટે કોઈ મશીનરી નથી. વિવાદો ૯૦ દિવસમાં ઉકેલવા જોઈએ. જોકે, મહારેરા દ્વારા આપવામાં આવતી તારીખો ઝડપી ન્યાય અપાવવાના ઑથોરિટીના ઉદ્દેશ્યને તોડી પાડે છે.

એ વાત પણ છે કે લઘુમતી સભ્યો પુનર્વિકાસને રોકી શકતા નથી. જે મહત્તમ વિસ્તાર આપી શકતા ન હોય એવા ડેવલપરને પણ બાંધકામ સોંપવાનો અધિકાર સોસાયટીનો છે. પુનર્વિકાસની બાબતોમાં સામાન્ય સંસ્થાનો નિર્ણય સર્વોચ્ચ છે.

છેવટે એટલી સલાહ આપવાની કે પુનર્વિકાસ સંબંધિત બાબતોમાં હંમેશાં પ્રતિષ્ઠિત બિલ્ડરો સાથે જવું જોઈએ તથા પોતાની ટીમના સભ્યો પર પણ વિશ્વાસ ન રાખવો જોઈએ. કરાર પર સહી કરવા પહેલાં અને જૂના ફ્લૅટનો કબજો છોડતા પહેલાં બરાબરથી હોમવર્ક કરવું.

## રિયલ એસ્ટેટ ગ્રુપનું આઉટલુક પોઝિટિવ



**જિજ્ઞેષ ખીલાણી**
અલગ ગ્રુપના ડેવલપર

**અમૂલ દવે**

કાળની શરૂઆતના ત્રણ મહિના બધું ઠપ થઈ ગયું હતું. સપ્લાય ચેન તૂટી ગઈ હતી. લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને ડિમાન્ડ ઓછી થઈ ગઈ હતી. ફુગાવો અને મોંઘવારીએ માઝા મૂકી હતી. સરકારે મંજૂરી આપ્યા બાદ બિઝનેસ એક્ટિવિટી અને કંસ્ટ્રક્શનનું કામ શરૂ થયું હતું. શરૂઆતમાં બધા પરપ્રાંતીય કામદારો પાછા આવ્યા નહોતા. જોકે આ કામદારો ક્રમશઃ પાછા આવતાં ડબલ ઝડપે કામ ચાલુ થયું હતું. બાંધકામના મજૂરોને પાછા લાવવા કોઈ ખાસ ઈન્સેન્ટિવ અપાયા નહોતા.

બજારમાં પૂરઝડપે ઘરાકી નીકળી હતી. ભવિષ્યમાં પણ પ્રોપર્ટી માર્કેટમાં ભાવ સ્થિર રહેશે અને ઘરાકી પણ જળવાઈ રહેશે. પ્રોજેક્ટ સમયસર પૂરો કરનાર બીલ્ડર ટકી રહેશે. માર્કેટનું આઉટલૂક પોઝિટિવ છે. મુંબઈમાં ચાલી રહેલા રોડના, પુલના, મેટ્રો વગેરેનાં કામ સમયસર પૂરાં થઈ જાય એવી અપેક્ષા છે. બે મેટ્રોને લીધે ઘાટકોપર મુંબઈનું હબ બની જશે. સારા રોડને લીધે ટ્રાફિક નિયંત્રણમાં રહેશે.

સરકારે જરૂરી રાહત આપી હોવાથી બીલ્ડર કોરોના સંકટમાંથી ઉગરી ગયા છે. ક્વોલિટી વર્ક કરનાર બીલ્ડર ટકી રહેશે અને બીજા લુપ્ત થઈ જશે. રેરાને લીધે ગ્રાહકોનો બીલ્ડરમાં વિશ્વાસ વધ્યો છે રેરા દ્વારા કરાતી કાર્યવાહીને અમે આવકારીએ છીએ.

## કોરોના કાળની કળ વળી છે, બળ મળ્યું છે



**પ્રવીણ શાહ**
ભાજપના ભૂતપૂર્વ નગરસેવક


**હરેશ કંકુવાલા**

કોરોનાકાળ પછી મુંબઈ બેઠું થઈ ગયું છે. કોરોનાકાળમાં પણ પ્રવીણભાઈ સતત સક્રિય રહ્યા હતા. પ્રથમ લૉકડાઉન વખતે ઘરે-ઘરે જઈને રૅશનકિટ પહોંચાડવું, ખાસ કરીને અન્ય રાજ્યથી આવેલા મજૂર વર્ગનું તેમણે ઘણું ધ્યાન રાખ્યું હતું. સોસાયટીઓ, ઝૂંપડપટ્ટીઓમાં સેનિટાઈઝેશન કરાવવું, રહેવાસીઓમાં ઈમ્યુનિટી બૂસ્ટરની દવાઓનું વિતરણ કરવા સાથે ઘરે-ઘરે જઈ તેમની સમસ્યાઓ ઉકેલવાનું કામ કર્યું હતું. આ ઉપરાંત વેક્સિનેશન કાર્યક્રમ હાથ ધરાયો ત્યારે લોકો વેક્સિન લેવા ગભરાતા. નાગરિકોમાં જાગરૂકતા લાવવાનું કાર્ય પણ તેમણે કર્યું. વરિષ્ઠ નાગરિકો માટે વેક્સિનેશન સેન્ટર સુધી લાવવા-લઈ જવાની સુવિધા કરી આપી. ઓક્સિજનના મશીનો કોવિડ સેન્ટર સુધી પહોંચાડ્યા.

મુંબઈમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રૉજેક્ટો ચાલી રહ્યા છે. નગરસેવક તરીકેનો મારો કાર્યકાળ પૂરો થઈ ગયો હોવા છતાં મારો ફોન હંમેશાં ચાલુ જ હોય. અત્યારે પણ નાગરિકો ફોન કરે અથવા મદદ માટે આવે ત્યારે તેમની મદદ કરીએ છીએ.

મુંબઈ હંમેશાં જ ધમધમતું હતું અને રહેશે. અત્યાર સુધી જનતાની સેવા કરતો રહ્યો છું અને આ નિયમ યથાવત રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

## રીયલ એસ્ટેટને બુસ્ટ મળ્યું



**પ્રકાશ કામદાર**
પ્રોપર્ટી કન્સલટન્ટની મુલાકાત

કોરોના કાળ એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવો સમય હતો. આખી દુનિયા થંભી ગઈ હતી. બધે અંધકાર અને ડર ફેલાઈ ગયો હતો. સર્વાઈવલના વાંધા હતા. લોકોમાં ધીરે ધીરે કોરોનાનો સામનો કરવાની હિંમત આવી. સમાજસેવકોએ મદદનું બીડું ઉપાડી લીધું હતું. લોકોમાં ઉત્તરોત્તર હિંમત આવી.

કોરોના કાળના છ મહિના બાદ પ્રોપર્ટી માર્કેટ સ્થિર થઈ હતી. બજારમાં મોટા ફ્લેટની અણધારેલી ડિમાન્ડ જોવા મળી હતી. લોકો ઘરેથી કામ કરતા હોવાથી નવો કોન્સેપ્ટ આવ્યો હતો. ટુ અને થ્રી બીએચકેની માગ ઊભી થઈ હતી. રીયલ એસ્ટેટ સેક્ટરને બુસ્ટ મળ્યું.

આ ક્ષેત્રનું ભાવિ ઉજ્જવળ છે. પ્રોપર્ટી ખરીદવી એ લાંબા ગાળે સારું રોકાણ છે. તેનો ઉપયોગ કરવાની સાથે ભાડાની આવક પણ મળે છે. ઘાટકોપરમાં કનેક્ટિવિટી સારી હોવાથી રીયલ એસ્ટેટનું ભાવિ ઉજ્જવળ છે. અહીં મેટ્રો, મોનો રેલ, લિન્ક રોડ વગેરેની સુવિધા છે અને ઘાટકોપરનું કલ્ચર પણ રીયલ એસ્ટેટ માટે પ્રોત્સાહક છે.

## દેશના વિકાસની સૌથી મોટી સમસ્યા 'ભ્રષ્ટાચાર'ને ડામવાની જરૂર



**હરીશભાઈ છેડા**
ભાજપના ભૂતપૂર્વ નગરસેવક

મુંબઈમાં માળખાકીય સુવિધાઓ વધી છે, પણ તેની સાથે ભ્રષ્ટાચાર પણ વધ્યો છે. મુંબઈની સૌથી મોટી સમસ્યા છે ઝૂંપડપટ્ટીઓ. સરકારે સ્લમને દૂર કરવા માટે ઘણી યોજનાઓ પણ બનાવી છે, પણ તેનું અમલ યોગ્ય રીતે થઈ રહ્યું નથી. સામાન્ય લોકો માટેની યોજનાઓ તેમના સુધી પહોંચે, તેનો યોગ્ય તે લાભ તેમને મળે એ જરૂરી છે. મુંબઈમાં સરકારી હૉસ્પિટલોમાં સારવાર લેતા લોકો ગભરાય છે, એવું નથી કે સરકાર આ તરફ ધ્યાન નથી આપી રહી, આ હૉસ્પિટલો પાછળ ખાસ્સો ખર્ચ કરવામાં આવે છે, પણ ભ્રષ્ટાચારને કારણે ત્યાં અસુવિધા વર્તાય છે, એમ હરીશભાઈએ કહ્યું હતું.

પાલિકાની સ્કૂલોમાં છોકરાંઓને ભણાવવા લોકો તૈયાર નથી અને આ કારણે ત્યાં શિક્ષણ જોઈએ તેવું મળતું નથી. તેમાં સૌથી મોટો સુધારો કરવાની જરૂર છે. કુશળ શિક્ષકો સાથે અન્ય સુવિધાઓ પૂરી પાડવી જોઈએ અને આ બધું શક્ય છે, જ્યારે ભ્રષ્ટાચાર દૂર થાય.

ઉલ્લેખનીય છે કે, પ્રજા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણના અહેવાલમાં ટોપ-ફાઈવ સ્વચ્છ નગરસેવકોમાં હરીશભાઈ રવજી છેડાનો સમાવેશ થાય છે. તેમને પોતાના વૉર્ડમાં માનવકલ્યાણનાં અનેક કાર્યોને વેગ આપ્યો છે. બોરીવલી પશ્ચિમની આવેલી ભગવતી હૉસ્પિટલ ઘણા સમય સુધી બંધ પડી હતી તેને ફરી શરૂ કરાવવાનું શ્રેય પણ તેમને જ જાય છે. દહિસર નદી પર બ્રિજ બનાવ્યા, ત્યાંના ઝૂંપડાવાસીઓનું પુનર્વસન કરાવ્યું.

કોરોનાકાળમાં જ નહીં, અત્યારે પણ હરીશભાઈ લોકોની સેવામાં સતત પ્રવૃત રહે છે. કોરોનાકાળમાં પણ રૅશનકીટનું વિતરણ, ઓક્સિજન મેળવવામાં મદદ, હૉસ્પિટલોમાં દર્દીઓને બેડ ઉપલબ્ધ કરાવી આપવા જેવાં કામ તેમણે કર્યાં છે.

## રિયલ એસ્ટેટ માર્કેટને ચાર સેટબેકમાંથી કળ વળી



**દીપલ શાહ**
શુભમ ગ્રુપના પાર્ટનર

કોરોનાકાળમાં રિયલ એસ્ટેટ માર્કેટને તકલીફ પડી હતી. પરપ્રાંતીય કામદારો કામ છોડીને દેશ ભેગા થઈ ગયા હતા. અલબત્ત પરિસ્થિતિ ઉત્તરોત્તર સુધરી હતી. હાલમાં કોઈ સમસ્યા નથી. બાંધકામ પ્રવૃત્તિ જોરદાર ચાલુ છે.

કોરોના પછી રિયલ એસ્ટેટ બજારમાં તેજી આવી હતી. સેલ્સ વધ્યા હતા. ટુ બીએચકે અને થ્રી બીએચકેની નવી માગ ઊભી થઈ હતી. સેકન્ડ હોમની વિભાવનાએ જોર પકડ્યું હતું. લોનાવાલા, માથેરાન, મહાબળેશ્વર અને દેવલાલી જેવા પર્યટન સ્થળોએ લોકોએ સેકન્ડ હોમ લેવાનું શરૂ કર્યું છે.

રિયલ એસ્ટેટ બજારને ચાર પછડાટ ખાવી પડી હતી. આ સેકટરમાં જીએસટી, રેરા, નોટબંધી અને કોરોના મહામારીને લીધે અસ્થિરતા આવી હતી. બજારે ધીરે ધીરે સ્થિરતા મેળવી હતી. લોકોને નવું વિઝન મળ્યું છે. જે લોકો સિસ્ટમમાં રહ્યા તે સર્વાઈવ થયા. સમય સાથે પરિવર્તન કરનાર જ બજારમાં ટકી રહેશે.

સત્તાવાળાઓ તરફથી પણ માળખાકીય સુવિધાઓ વિકસાવવા તમામ પ્રયાસ થઈ રહ્યા છે. સરકારે મુંબઈમાં ટુરિઝમ વિકસાવવા તરફ વધુ ધ્યાન આપવું જોઈએ. લોકોને કોરોનાકાળમાં પોતાના ઘરની વેલ્યુ સમજાઈ હોવાથી રિયલ એસ્ટેટનું ભાવિ ઉજ્જવળ છે.

## સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ



**જિતેન્દ્રભાઈ અંબાલાલ પટેલ**
ભાજપના ભૂતપૂર્વ નગરસેવક

કોરોના આપણને એક પાઠ ભણાવી ગયો છે ત્યારે નાગરિકોએ ભવિષ્યમાં આવનારી આ પ્રકારના પડકારોનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. સરકાર જે નિર્ણયો લે તેમાં સહકાર આપવો જોઈએ, નિયમોનું પાલન કરવું જોઈએ. ત્યારે જ આવી આપત્તીઓથી ઝડપથી છુટકારો મળી શકે છે, એમ જિતેન્દ્રભાઈએ વધુમાં જણાવ્યું હતું.

કોરોનાકાળમાં જિતેન્દ્રભાઈએ સમાજસેવાનાં અનેક કાર્યો હાથ ધર્યાં હતાં. લોકોની સેવા કરવાનો જ તેમનો ઉદ્દેશ્ય રહ્યો હતો. લૉકડાઉન વખતે સોસાયટીઓ, ઝૂંપડપટ્ટીઓમાં સેનિટાઈઝેશન, વેક્સિનેશન કેમ્પ ગોઠવ્યા, કોરોનાથી મૃત્યુ પામેલા લોકોના અંતિમ સંસ્કાર, આ દરેક કાર્યમાં ઘણાએ સહકાર આપ્યો હતો.

મુંબઈમાં ઘણાં માળખાકીય પ્રૉજેક્ટો અમલમાં મૂકાયા છે અને ઘણાના કામ ચાલી રહ્યા છે. મેટ્રો જેવા પ્રકલ્પોને પૂરાં કરવા માટે વેગ મળવો જોઈએ, જેથી તેનો જલદીથી લાભ મુંબઈગરાઓને મળે. રસ્તાઓની હાલત બહુ ખરાબ હતી. ખાડાની સમસ્યા ગંભીર બની હતી, પણ આપણી સરકારના નેતૃત્વમાં રસ્તાઓનાં સમારકામ માટે નવી ટેક્નિકનો ઉપયોગ કરાયો અને હવે રસ્તાઓની હાલત સુધરી છે. શહેરમાં વિકાસ કાર્યો ચાલી રહ્યા છે ત્યારે થોડી તકલીફ જરૂર પડવાની જ. આથી નાગરિકોએ ધીરજ રાખવાની જરૂર છે. હાલમાં રસ્તાના સમારકામ ચાલી રહ્યા છે, વિવિધ પ્રકલ્પોનું કામ ચાલી રહ્યું છે, ભવિષ્યમાં તેનો લાભ જરૂર મળવાનો જ છે. સરકાર પર વિશ્વાસ રાખવો જરૂરી છે, એવી સલાહ જિતેન્દ્રભાઈએ આપી હતી.

'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' સાથે આપણે આગળ વધતા રહેવું જોઈએ. પાલિકાની ચૂંટણી હજી થઈ નથી, પરંતુ હજી પણ નાગરિકો મેડિકલ, શિક્ષણ વગેરે બાબતે અમારી પાસે મદદ માટે આવતા હોય છે અને શક્ય તે દરેક મદદ અમારી તરફથી કરાતી હોય છે. કોરોના જેવી આપત્તિ ફરી આવે તો મુંબઈગરાએ કેવી રીતે સજ્જ રહેવું જોઈએ એ અંગે તેઓ જણાવે છે કે મુંબઈગરાઓ હવે જાગૃત થઈ ગયા છે. કોરોનાકાળમાં તેઓને ઘણી મોટી શિખ મળી છે. ભવિષ્યમાં જો આવી કોઈ પરિસ્થિતિ આવે તો તેનો સામનો કરવો મુંબઈગરાઓ સજ્જ છે. ગુજરાતી સમાજ હંમેશાં લોકોની મદદ કરવા માટે તત્પર હોય છે, કટોકટીમાં ગુજરાતીઓ ક્યારેય ગભરાતા નથી.

## પ્રોપર્ટી માર્કેટનું ભાવિ ઉજ્જવળ



**જેઠાલાલ દેઢિયા**
રાજશ્રી બીલ્ડર્સના મૅનેજિંગ ડિરેક્ટર

કોરોના કાળમાં મજૂર વર્ગ ડરને કારણે મુંબઈ છોડીને પોતાના વતન પાછો જતો રહ્યો હતો અને મહાનગરમાં લેબરની અછત સર્જાઈ હતી. છ મહિના બાદ આ અછત દૂર થઈ હતી. જોકે અમુક કામદારો તો હાઉને કારણે હજી પાછા આવ્યા નથી. આથી લેબર કોસ્ટ વધી ગઈ છે.

વેપારી અને સંગઠનોએ કોરોના કાળ દરમિયાન ઘણી રાહત કામગીરી બજાવી હતી. કર્મચારીને માટે ભોજન અને દવાની વ્યવસ્થા કરી હતી. કર્મચારીને સમયસર પગાર આપ્યો હતો.

કોરોના કાળમાં લોકોને એક વાતની પ્રતીતિ થઈ હતી કે આવા સંકટના સમયે આપણને વધારાની સ્પેસની જરૂર હોય છે. નોકરિયાતોને વર્ક ફ્રોમ હોમ અને બાળકોના સ્ટડી ફ્રોમ હોમને લીધે મોટા ઘરની જરૂર બધાને સમજાઈ હતી. આથી રીયલ એસ્ટેટમાં નવી ડિમાન્ડ ઊભી થઈ હતી. વણવહેંચાયેલ મોટા ફ્લેટ વેચાઈ ગયા હતા. લોકોને સેકન્ડ હોમની આવશ્યકતા પણ સમજાઈ હતી. આથી દેવલાલી અને લોનાવાલામાં લોકોએ સેકન્ડ હોમ ખરીદ્યાં હતાં.

બીલ્ડર ખરીદદારને સારી સવલતો અને એમિનિટીઝ આપી રહ્યા છે. વર્ક ફ્રોમ હોમની પણ ખાસ સુવિધા આપી રહ્યા છે.

ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં હરણફાળ ભરી રહ્યો છે. મુંબઈમાં મેટ્રોની અનેક લાઈન, કોસ્ટલ રોડ અને લિંક રોડ વગેરેનું કામ ચાલુ છે. રેલવે સ્ટેશનને પણ આરામદાયક અને સુવિધાવાળા બનાવવામાં આવી રહ્યાં છે. લોકોની લાઈફસ્ટાઈલ બદલાઈ રહી છે અને એની સારી અસર રીયલ એસ્ટેટ પર પડશે. રીડેવલપમેન્ટને લીધે મુંબઈનો નવો કાયાકલપ થઈ રહ્યો છે. તેના રૂપરંગ બદલાઈ જશે



# The Electric Merchants' Association

## Empowering Members' Aspirations

**Add:** Office No. 7, 2nd Floor, Shreeji Bhuvan, 51, Mangaldas Lane, Ema Chowk, Lohar Chawl, Mumbai - 400 002.
**Tel:** 022-2206 0625 / 022-2208 8141 | **Whatsapp:** 7304071937
**Email:** office@emamumbai.com | **Website:** www.emamumbai.com



## EMA Mumbai **App**

"**POWERING** your digital dreams, Taking your **BUSINESS AHEAD**"

Download Now

3000 + DOWNLOADS

## App Features

- Find Manufactures, Distributors & Dealers
- Product Wise - Search Manufactures, Distributors & Dealers
- Brand Wise - Search Manufactures, Distributors & Dealers
- Make Instant Enquiry / Call In One Touch
- Search & Tracking of Transportation and Courier
- Report Your Dispute / Defaulter Request
- Member Login- Secured With Mobile OTP
- UPI Payment Link






EMA NEW OFFICE AJMERA MIDTOWN


The Electrical Merchants' Association (EMA) is not for profit making body serving the electrical industry and trade with the objectives of safeguarding and promoting interests of the industry.

**POLICY** : We at EMA are committed to achieve satisfaction of our members by all such means as may be deemed necessary within legal framework and acceptable to all interested parties. We will try to achieve our objectives by adhering to applicable requirements and try to continually improve the effectiveness of the quality management systems.

**VISION :** -To become a one stop solution for the members to resolve all their business related issues.
-To be associated with other similar institution and other allied associations across the globe for the betterment of the members.

**SCOPE** : Safeguarding interest of the Members, keeping them up to date with relevant information, providing a platform to the members for exchange of ideas, resolving trade disputes of the members providing them with legal administrative and technical support, engaging them in various recreational activities.

**ACHIEVEMENTS** : Provided a meeting place for conference, exhibition, demonstrations, lectures, seminars and other relevant functions for exchange of views of members and other interested parties.











EMA EVENTS 2022-2023










GET IT ON Google play | Download on the App Store

Scan this code & download on your phone

# સેવા, સંગઠન અને સમન્વયનો ત્રિવેણી સંગમ એટલે શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ

પ્રભુશ્રી રામના વંશજ-રઘુવંશી લોહાણા જ્ઞાતિનો દબદબો આજના જમાનામાં સતત વધતો રહ્યો છે. તેનું કારણ છે, બદલાતા જમાના સાથે આ જ્ઞાતિની દરેક ક્ષેત્રની પ્રવૃત્તિઓ આસમાનને આંબી રહી છે. મૂળ વંશની આ જાતિના લોકો અત્યંત સાહસિક સ્વભાવના હોય છે. કહેવાય છે કે રામના પુત્ર લવે વસાવેલા લોહરગઢના શાસક દાદા જસરાજ લોહાણા હતા અને તેમણે ચંગેઝ ખાન જેવા ક્રૂર, ઘાતકી અને તાકતવર મુસ્લિમ શાસનને હરાવીને તેને મોતને ઘાટ ઉતાર્યા હતા. મૂળ રઘુવંશી એટલે કે રામના વંશજ અને અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને સિંધ પ્રાંતમાંથી સ્થળાંતરિત થઇને ગુજરાતના હાલાર પંથકમાં વસેલા લોહાણાઓ હાલાઈ લોહાણા કહેવાયા. મૂળ ક્ષત્રિય હોવાને કારણે શૂરવીરતા, સાહસિકતા અને નેતૃત્વ આ જ્ઞાતિના લોકોમાં સહજ છે, પણ બીજી બાજુ દાન-પુણ્ય માટે પણ આ જ્ઞાતિનો જોટો જડે એમ નથી.

**પ્રમુખ શ્રી સતીશભાઈ દત્તાણી અને તેમની ટીમ જ્ઞાતિજનોના હિત માટે હંમેશા તત્પર રહેતી હોય છે**

આજથી ૨૧૩ વર્ષ પહેલાં શ્રી હાલાઈ લોહાણા મહાજનની મુંબઈમાં સ્થાપના થઇ. જરા વિચાર કરો કે જરૂરિયાતમંદ જ્ઞાતિજનોના ઉત્કર્ષનો વિચાર સવાબસો વર્ષ પહેલાં કરી લેનાર લોહાણા અગ્રણીઓ કેટલા દૂરંદેશી હશે? શ્રી હાલાઈ લોહાણા જ્ઞાતિની આજે મુંબઈમાં લગભગ એક લાખની વસતિ છે અને મોટા ભાગના સંપન્ન-સમૃદ્ધ છે એની પાછળનું મુખ્ય કારણ લોહાણા જ્ઞાતિજનોની વ્યવસાયિક કુનેહ, ક્ષમતા અને સાહસિકપણું જ છે.

## હાલનું ટસ્ટ્ર મંડળ

- ❖ શ્રી સતીશભાઈ જમનાદાસ દત્તાણી
- ❖ શ્રી પીયૂષભાઈ ગંગારામ ગંઠા
- ❖ ડૉ. સુરેશભાઈ અમૃતલાલ પોપટ
- ❖ શ્રી મહેશભાઈ લીલાધર સામાણી
- ❖ શ્રીમતી મીનાબહેન પ્રકાશભાઈ ઠક્કર
- ❖ શ્રી રાજેશ કાકુભાઈ ગણાત્રા (ભગત)
- ❖ શ્રીમતી પ્રજ્ઞાબેન દિલીપભાઈ મોરઝરિયા
- ❖ શ્રી અશોકભાઈ મગનલાલ ચોટાઈ
- ❖ શ્રી વિનોદભાઈ અમૃતલાલ શીંગાળા
- ❖ શ્રી રાકેશ વલ્લભભાઈ કાનાબાર

જલારામબાપા હાલાઈ લોહાણા જ્ઞાતિમાં જન્મેલા હતા. લોકકલ્યાણ કરનારા સંતો અને સામાજિક કાર્યકરોથી લઇને મિનિસ્ટર, ન્યાયાધીશ, ડૉક્ટર, સોલિસીટર, બીલ્ડર, એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા પ્રોફેશનલ અને વેપારની કુનેહવાળા વેપારીઓનો આ જ્ઞાતિમાં તોટો નથી. આગળ વાત કરી એમ આ હાલાઈ લોહાણા જ્ઞાતિ અને જ્ઞાતિજનના વિકાસ અને વિસ્તારની દિશામાં કામ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી હાલાઈ લોહાણા મહાજનના પ્રમુખ સતીશ દત્તાણી કહે છે, 'અમારા વડવાઓ દૂરંદેશી હતા અને એ સમયમાં એટલે આજથી સવાબસો વર્ષ પહેલાંથી તેમણે ભવિષ્યને જાણે જોઇ લીધું હતું એમ કેટલીક અનોખી પહેલ કરી દીધી. શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈની સૌથી જૂની સંસ્થા છે. ૧૮૦૫માં એ સ્થપાઇ. કરમશી શામજી નામના એક શ્રેષ્ઠીએ ૧૮૩૯માં ઠાકુરદ્વારમાં એક વાડી ખરીદીને હાલાઈ લોહાણા મહાજનને અર્પણ કરી હતી. ૧૯૦૫માં આ જ્ઞાતિની એક ઐતિહાસિક સભા યોજાઇ. ૧૯૦૮માં જ્ઞાતિના ટ્રસ્ટની સ્થાપના થઇ. ખીમજી ભવાન નામના શ્રેષ્ઠીએ છેક ૧૮૬૯માં રૂા. પચીસ હજારની મિલકતનું દાન આપ્યું હતું, જેના નામે પછી ટ્રસ્ટ બન્યું. એવી રીતે અલગ- અલગ શ્રેષ્ઠીઓ દ્વારા આપવામાં આવેલા દાનમાંથી જરૂરિયાતમંદ માટે જુદી-જુદી સુવિધાઓ આ મહાજન દ્વારા શરૂ કરવામાં આવતી ગઈ. આજે શ્રી હાલાઈ લોહાણા જ્ઞાતિ પાસે દક્ષિણ મુંબઈમાં વાડી છે, વિલેપાર્લેમાં સેનેટોરિયમ અને મેરેજ હોલ છે, કાંદિવલીમાં બાલાશ્રમ અને મેરેજ-હોલ છે, મીરા રોડમાં હોસ્ટેલ મેરેજ હોલ છે. લગ્નના આ મેરેજ હોલને ખૂબ નજીવી કિંમતમાં જ્ઞાતિજનોને આપવામાં આવે છે. આ ઉપરાંત ઠાકુરદ્વારમાં રાધાનિવાસ આરોગ્યભુવન આ જ્ઞાતિની સંસ્થાના ઉપક્રમે ચાલે છે, જ્યાં મુંબઈમાં બહારગામથી સારવાર માટે આવનારા જ્ઞાતિના સભ્યોને નજીવા દરે રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. વિલે પાર્લેમાં પૂરબાઈ આરોગ્યભુવન અને સેનેટોરિયમ છે ત્યાં પણ આ પ્રકારની વ્યવસ્થા છે.

### બહેનોને મહત્ત્વ

કોર્પોરેટ કંપનીમાં આજે કદાચ એટલા વિભાગ નહીં હોય એટલી સમિતિ શ્રી હાલાઈ લોહાણા મહાજને પોતાની જ્ઞાતિના લોકો માટે બનાવી છે. કામનું જેટલું વર્ગીકરણ થયેલું હોય એટલું એ અકસીરતા સાથે થાય એ કન્સેપ્ટમાં માનનારા શ્રી હાલાઈ લોહાણા મહાજનની કુલ ૨૩ સમિતિ છે. સમિતિના સભ્યો ઉપરાંત ટ્રસ્ટીઓ અને મેનેજિંગ કમિટીનું રીતસરની ચૂંટણી કરીને લોકો દ્વારા ચૂંટાયેલા સભ્યો એનો વહીવટ કરે છે. દરેક સમિતિના જુદા ચૅરમૅન છે અને દરેક જ્ઞાતિએ, સમાજે અનુકરણ કરવા જેવી બીજી મહત્ત્વની એક બાબત આ જ્ઞાતિએ અપનાવી છે. શ્રી હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી મંડળમાં મહિલાઓ માટે ૨૦ ટકા રિઝર્વેશન છે.

### સામાજિક એકતા માટે

સમિતિઓની કાર્યપ્રણાલી વિશે વિગતો આપતાં શ્રી હાલાઈ લોહાણા મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. સુરેશભાઈ પોપટ કહે છે, 'દરેક સમિતિનું અલગ કાર્યકારી મંડળ છે અને દરેક સમિતિ મહિને એકાદ કાર્યક્રમ યોજીને સમાજના લોકોને ભેગા કરવાની નેમ સાથે સક્રિય છે, જેમ કે મેડિક્લેમ વગેરેની સેવાઓ જોતી સ્વાસ્થ્ય સમિતિ, બાળકોને સ્કોલરશિપ અને એજ્યુકેશન લોન આપવાની સાથે સ્કૂલની ફીથી લઇને બુક્સ વગેરે તમામ જરૂરિયાત પૂરી પાડવા માટે કેળવણી સમિતિ, કોલેજ બુક બેન્ક સમિતિ અને હાયર એજ્યુકેશન સમિતિ છે. લગભગ સો વર્ષ પહેલાં આ મહાજન અને કેટલાક શ્રેષ્ઠીઓએ આપેલા દાન દ્વારા શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ સંસ્થા શરૂ થઈ. પહેલાં સાઉથ મુંબઈમાં હતી, પણ પછી બાળકોની સંખ્યા વધતાં મોટી જગ્યાની જરૂરિયાત ઊભી થઇ એટલે છેલ્લાં પચીસ વર્ષથી કાંદિવલીમાં છે. જેમાં સૌરાષ્ટ્ર, ગુજરાતમાં રહેતા સમસ્ત લોહાણા જ્ઞાતિના પાંચમા ધોરણથી દસમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને રાહતના દરે રહેવાની, ખાવાપીવાની, ભણવાની અને અન્ય પ્રવૃત્તિઓ કરાવી તેમના સર્વાંગીણ વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે. હાયર એજ્યુકેશનના વિદ્યાર્થીઓ માટેની તેમની બીજી એક હોસ્ટેલ સૌપ્રથમ મીરા રોડ ખાતે હતી જે હવે કાંદિવલી ખાતે શિફ્ટ કરવામાં આવેલ છે. એજ્યુકેશનની આ વ્યવસ્થાથી સૌરાષ્ટ્રના અને ગુજરાતના અન્ય ભાગોનાં નાનાં-નાનાં ગામડાંઓમાં રહેતા પરિવારોનાં સેંકડો બાળકો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જિનિયર, વેબ ડિઝાઈનર બની શક્યાં અને કેટલાંક મુંબઈમાં તો કેટલાંક વિદેશમાં પણ સેટલ થયાં છે.

અભ્યાસની સાથે સંસ્કૃતિ અને સંસ્કારની ધરોહર પણ જળવાઈ રહે એ માટે જ્ઞાતિ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. મહાજનના પ્રમુખ સતીશભાઈ કહે છે. 'મારે કહેવું જોઇએ કે અમારી વિવિધ સમિતિના કાર્યકરો દિલ દઇને કામ કરે છે. તેઓ સતત એક્ટિવ છે. દર વર્ષે જ્ઞાતિનાં બાળકો માટે સમૂહ જનોઇનો કાર્યક્રમ યોજાય છે. દર વર્ષે સરેરાશ પચાસ બાળકો આ કાર્યક્રમમાં ભાગ લે છે. એવી જ રીતે સામૂહિક કન્યાપૂજનનો પ્રોગામ અમે રાખીએ છીએ, જેમાં લગભગ બસો જેટલી નાની દીકરીઓનું દશેરાના દિવસે પૂજન કરીએ છીએ. સ્ત્રી શક્તિસ્વરૂપ છે અને દીકરીને અમે પૂજીએ છીએ એ વાત જ્ઞાતિમાં જ નહીં, દેશ આખામાં સામાજિક સંદેશ આપે છે. એ દીકરીઓ પણ જીવનભર આ બાબત યાદ રાખે છે અને આપણી સંસ્કૃતિથી પરિચિત રહે છે. નાના બાળકોને આવા કલ્ચરલ પ્રોગ્રામમાં સામેલ કરવાથી તેઓ સમાજ સાથે આપોઆપ જોડાઇ જાય છે.

નવી પેઢીને પણ સમાજ સાથે જોડાયેલી રાખવા શ્રી હાલાઈ લોહાણા મહાજન સ્પોર્ટસને પણ ખૂબ મહત્ત્વ આપે છે. ક્રિકેટ-ટુર્નામેન્ટ પણ મોટા પાયે યોજાય છે. હાલાઈ લોહાણાની પ્રીમિયર લીગનું નામ 'આરપીએલ' એટલે કે રઘુવંશી પ્રીમિયર લીગ છે. મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ રમાતી આ ટુર્નામેન્ટમાં ૧૦ વર્ષથી લઇને ૪૦ વર્ષ સુધીની મહિલાઓ ભાગ લે છે તેમ જ પુરુષો માટેની ટુર્નામેન્ટમાં ૧૨ ટીમ વચ્ચે લગભગ ૧૮૦ છોકરાઓ ભાગ લે છે. જેનો આશય એ છે કે 'સમાજ વચ્ચે સંપ વધે' અને તંદુરસ્તી પણ આવે એ માટે રમતગમત શ્રેષ્ઠ માધ્યમ છે. યુવાનોને સમાજમાં જોડવા માટે રમતગમત શ્રેષ્ઠ પર્યાય છે, જે એકતાની સાથે સમાજમાં એનર્જી પણ વધારે છે. અમારી ક્રિકેટ-ટુર્નામેન્ટ ઇન્ડિયન પ્રીમિયર લીગની કક્ષાની હોય છે. જ્ઞાતિના વધુને વધુ અને દરેક ઉંમરના સભ્યો રમતગમતમાં રસ લેતા થાય એ માટે માત્ર ક્રિકેટ જ નહીં, પણ કેરમ, ટેબલ-ટેનિસ, ચૅસ, સ્વિમિંગ, બેડમિન્ટન જેવી બીજી રમતો અને એની સ્પર્ધાઓ યોજીએ છીએ. દરેક રમત શીખવવા માટે કપડાં અને અન્ય સાધનસામગ્રી સહિત જાણકાર કોચની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. સાથે જ સારામાં સારાં ઈનામો, મૅડલો અને ખાવાપીવાની ઉત્તમ કક્ષાની વ્યવસ્થા હોવાને કારણે માત્ર રમનારા જ નહીં, તેમના પરિવારો પણ રમતમાં જોડાઇ જાય છે અને આમ સમાજમાં ગેટ-ટુ-ગેધરનો અનોખો માહોલ ઊભો થાય છે.'

એવી જ રીતે સાંસ્કૃતિક સમિતિ, આધ્યાત્મિક સત્સંગ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, ચિલ્ડ્રન સોસાયટી સમિતિ, તેજસ્વિની સમિતિ, સિનિયર સિટિઝન સમિતિ, સમાધાન સમિતિ, પ્રવાસ પર્યટન સમિતિ, ટેક્નિકલ સમિતિ, પરિચય સમિતિ, લોહાણા શક્તિ, અકાઉન્ટ સમિતિ, મેઈન્ટેનન્સ/ન્યૂ ડેવલપમેન્ટ સમિતિ જેવી સમિતિઓ પોતાની જવાબદારી નિભાવે છે. જ્ઞાતિજનો માટે અત્યાર સુધી નજીવા ચાર્જ સાથે નાથદ્વારા, ગોકુળ, મથુરા, વૃન્દાવન, ચંપારણ્ય, આબુ, અંબાજી, અષ્ટવિનાયક, વૈષ્ણોદેવી, શિમલા, કુલુ-મનાલી, નેપાલ જેવા યાત્રાપ્રવાસો યોજાયા છે. વ્રજયાત્રામાં ૧૧૦૦ લોકો જોડાયા હતા. શ્રી હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી પીયૂષ ગંગારામ ગંઠા કહે છે, 'સમાજ એકજૂટ રહે, બધા એકબીજા સાથે હળીમળીને રહે એ માટે અમે અમારી રીતે ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છીએ. આજકાલ મુંબઈમાં લગભગ દરેક જ્ઞાતિમાં સગપણ તૂટવાં અને લગ્નવિચ્છેદ થવા એ મહત્ત્વનો પ્રશ્ન બની ગયો છે. એના માટે અમે સમાધાન સમિતિ બનાવી છે. છૂટાછેડા સુધી પહોંચેલાં કપલ વચ્ચે સમાજના ઉપક્રમે મધ્યસ્થી કરાવવાનું અને તેમની વચ્ચે મનમેળ બેસે એ માટે મીટિંગ ગોઠવવાનું કરીએ છીએ અને ધારો કે બન્ને અલગ થવા માગતા હોય તો એ માટે પણ આ સમિતિ દ્વારા વચગાળાનો રસ્તો કાઢવામાં આવે છે. એને કારણે બે પરિવારો વચ્ચે કોર્ટ-કચેરીને કારણે કીચડ ઉડાવવાની, પરસ્પર કટુતા વધારવાની અને વકીલોની ફી આપવાની હિલચાલો પર બ્રેક લાગે છે.'

મહાજનના ટ્રસ્ટ હેઠળ રહેલી વિવિધ પ્રોપર્ટીમાંથી આવતાં ભાડાંથી અને સમાજના અગ્રણીઓ દ્વારા અપાતા ડોનેશનથી સમાજ ઉત્કર્ષનાં વિવિધ કાર્યો થાય છે. દર વર્ષે શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા લગભગ અઢી કરોડનું ફન્ડ સમાજના હિત માટે અને સમાજના જરૂરિયાતમંદ લોકો માટે વાપરવામાં આવે છે, જેમાં જ્ઞાતિના લોકોના એજ્યુકેશનથી લઇને ખાવાપીવાની અને રહેવાની જરૂરિયાત પર હંમેશાં ધ્યાન આપવામાં આવે છે. મદદ માટે આવેલી વ્યક્તિની કોઇ પૂછપરછ થતી નથી. પીયૂષભાઈ કહે છે, 'લોહાણાનો બચ્ચો ક્યારેય કપરી સ્થિતિ વિના હાથ ન ફેલાવે.' લેવા આવનારી જ્ઞાતિની વ્યક્તિને શરમમાં કે સંકોચમાં મુકાવું પડે એવી પરિસ્થિતિ અમે ક્રીએટ નથી કરતા. દવાની બાબતમાં કે ખાણીપીણીની બાબતમાં જોઇતી મદદ તરત આપી દેવામાં આવે છે. ધારો કે એજ્યુકેશન લોન જોઇતી હોય તો વિદ્યાર્થીની માર્કશીટ વગેરે જોવી પડતી હોય છે. જોકે એ બધી બાબતોમાં પણ પ્રોસેસ ખૂબ ફાસ્ટ હોય છે.'

શ્રી હાલાઈ હોલાણા મહાજને કોઇ પણ નિર્ણય સર્વાનુમતે લેવાનો આગ્રહ વર્ષોથી અકબંધ રાખ્યો છે. નવા વિચારોને માન આપવું અને એકબીજાને કોઇ એક વિચાર માટે કન્વિન્સ કર્યા પછી જ નિર્ણય લેવો એવો નિયમ સૌ સુપેરે પાળે છે. એમાં કોઇ બેમત નથી કે એ પછી પણ તેમની વચ્ચે ક્યારેક મતભેદ થાય તો સૌ સાથે મળીને તેનું નિરાકરણ લાવે છે. બીજી એક મહત્ત્વની બાબત કે આટલી વિશાળ માત્રામાં હાલાઈ લોહાણાઓ મુંબઈમાં છે છતાં મુંબઈના મહાજન સાથે પૂરતા પ્રમાણમાં લોકો જોડાયા નથી, જેનું કારણ આપતાં મહાજનના પ્રમુખ કહે છે, 'અત્યાર સુધી મહાજન જરૂરિયાતમંદ લોકો માટે સ્થપાયેલી સંસ્થા છે એવી જ ભ્રમણા લોકોના મનમાં હતી, જોકે એ સત્ય નથી. નબળા વર્ગને સબળો બનાવવા તો મહાજન સક્રિય છે જ, પરંતુ સાથે સમાજની એકતા વધારવાનું, સમાજમાં રહેલી ટેલન્ટને નિખારીને પ્લેટફોર્મ આપવાનું અને સમાજને દેશના વિકાસમાં આગળ વધારવાનું કાર્ય પણ મહાજન કરી રહ્યું છે એ વાત હવે લોકોના ધ્યાનમાં આવી રહી છે.



શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ તથા આર.જે. માખેચા સ્કૂલ (કાંદિવલી, પશ્ચિમ)



શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી મુંબઈ, ઠાકુરદ્વાર

## મહાજનશ્રીની ભવિષ્યની યોજનાઓ

- ❖ સૌપ્રથમ વસઈ, નાલાસોપારા-વિરાર વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે એક મહાજનવાડી ઊભી કરવાની યોજના.
- ❖ મુલુંડ, ઘાટકોપર અને સાયન વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે જ્ઞાતિજનોની સંખ્યાને ધ્યાનમાં લઈને હોલ બનાવવાની યોજના.
- ❖ નાનીમા સ્કીમ શરૂ કરવામાં આવશે અને તેના અંતર્ગત જ્ઞાતિની જે બહેનોના પતિ હયાત ન હોય અને તેમને દીકરા પણ ન હોય તેઓની દીકરી તેમનું ધ્યાન રાખતી હોય, તેઓ બંનેને મહાજન તરફથી જરૂરિયાત મુજબ નિયમિત સહાય મળી રહે એ માટે કાર્ય કરવામાં આવશે.
- ❖ પૂરીબાઈ આરોગ્ય ભુવન (ચતવાણી બાગ)નું રિડેવલપમેન્ટ (પુનઃનિર્માણ) કરીને અદ્યતન સંકુલ બનાવવાની વિચારણા, જેથી બહારગામથી સારવાર અથવા અન્ય કાર્ય માટે મુંબઈ આવતા જ્ઞાતિજનોને વધુમાં વધુ સગવડતા તથા વાજબી ભાવે રૂમ આપી શકાય.
- ❖ આગામી સમયમાં દર ત્રણ વર્ષે સમાજમાં વિવિધ ક્ષેત્રે ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરનાર હાલાઈ જ્ઞાતિજનોનું જ્ઞાતિ સેવા પુરસ્કાર દ્વારા સન્માન.
- ❖ Sports - Cultural તથા અન્ય ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા જ્ઞાતિનાં તેજસ્વી દીકરા - દીકરીઓને આર્થિક સહાય, લોન અથવા અન્ય સ્વરૂપે કરવી.

## શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ

આયોજીત

### શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ પારાયણ

પુરૂષોત્તમ માસનું મહાત્મય, ભક્તિ, સેવા અને વૈષ્ણવનું કર્તવ્ય

આ અમૃતમય શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞના આચાર્યસ્થાને શ્રી વૈષ્ણવાચાર્ય વલ્લભ કુલભૂષણ

**પૂ. પા. ગોસ્વામી ૧૦૮ શ્રી યદુનાથજી મહોદય (કડી-અમદાવાદ)**

આપશ્રી તેમની અલૌકીક વાણી દ્વારા ભાગવત્ ભાગીરથીનું રસપાન કરાવશે.



✸ શુભારંભ ✸ રવિવાર તા. ૩-૧૨-૨૦૨૩ **થી** ✸ પુર્ણાહુતી ✸ શનિવાર તા. ૯-૧૨-૨૦૨૩

**સમય :- બપોરે ૩.૦૦ કલાકથી**

।। કથા શ્રવણ સ્થળ ।।

વ્રજધામ, કમલા વિહાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સામે, કાંદિવલી (વેસ્ટ), મું.-૬૭.

અમો આપ સહુને હૃદયપૂર્વક આમંત્રણ પાઠવીએ છે

પોથી ન્યોછાવર : રૂા. ૧૫૦૦૧/- (પંદર હજાર એક)

પોથી નોંધણી (સેવા) ફક્ત જ્ઞાતિજનો માટે

**પોથી નોંધવવા માટે સ્થળ : (સમય ૧૨થી ૫)**

| | |
|---|---|
| શ્રી હાલાઈ લોહાણા મહાજન<br>૬/૧૦, ઠાકુરદ્વાર રોડ, મું.-૨.<br>ફોન : ૨૩૮૨૪૨૧૫ / ૨૩૮૨૧૦૯૨ | શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ<br>મંગુભાઈ દત્તાણી રોડ, કાંદિવલી (વે.)<br>ફોન : ૨૮૦૨૦૮૯૧ |

આ કથાનું લાઈવ પ્રસારણ YouTube યુ-ટ્યુબ ચેનલ પરથી કરવામાં આવશે.

## પ્રમુખશ્રી સતીશભાઈ દત્તાણી અને ટીમ દ્વારા શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઇ સંસ્થાના માધ્યમથી કરેલ કાર્યોની સંક્ષિપ્ત ઝલક...

- ➢ **મહિલા અનામત :** સંસ્થાના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિમાં આખા વિશ્વમાં સૌપ્રથમ વખત મહિલાઓ માટે ૨૦% સીટો અનામત રાખવાની જોગવાઇ કરી.
- ➢ **મહાજનના કાર્યક્ષેત્રનો વિસ્તાર:** બંધારણમાં સુધારા કરી મીરા રોડથી વિરાર વિસ્તારનો મહાજનમાં સમાવેશ કર્યો જેથી એ વિસ્તારના હજારો લોકોને સંસ્થાના દરેક કાર્યક્રમો અને સહાયનો લાભ મળતો થયો.
- ➢ મહાજનવાડીનું નિર્માણ : શ્રી હાલાઇ લોહાણા મહાજન-મુંબઇના ઇતિહાસમાં અંદાજે ૧૦૦ વર્ષે મીરા રોડ ખાતે સમસ્ત લોહાણા જ્ઞાતિજનો માટે મહાજનવાડીનું નિર્માણ કર્યું તથા દરેક મહાજન વાડીઓને નજીવા દરે સભ્યોને ભાડે આપવામાં આવે છે.
- ➢ **૨૭ સમિતિઓ :** જુદી જુદી ૨૭ સમિતિઓના માધ્યમથી જ્ઞાતિના તમામ વર્ગ આબાલવૃદ્ધ સૌ જ્ઞાતિ હિતનાં કાર્યો માટે કાર્યરત છે.
- ➢ **વિધવા સહાય યોજના :** (સિંગલ પેરેન્ટ) આ યોજના અંતર્ગત દર મહિનાની ૧થી ૫ તારીખ સુધીમાં ૧૩૦ બેનિફિશ્યરી પરિવારનાં બૅન્ક એકાઉન્ટમાં ઓનલાઇન દર મહિને રૂા. ૧૦૦૦/- જમા કરાવવાનું શરૂ કર્યું.
- ➢ **પરમ પ્રતિષ્ઠા પુરસ્કાર :** આ કાર્યક્રમો હેઠળ ફિલ્મ, ટીવી, રમત-ગમત, વ્યવસાય, સમાજ સેવા જેવાં જુદાં જુદાં ક્ષેત્રની જ્ઞાતિની નામાંકિત વ્યક્તિઓને સન્માનિત કર્યાં.
- ➢ **બાળાશ્રમ અને હાયર એજ્યુકેશન હૉસ્ટેલ:** આના માધ્યમથી મુંબઇ બહારથી આવતા જ્ઞાતિના હજારો વિદ્યાર્થીઓને રાહત દરે / નિઃશુલ્ક રહેવાની, ભોજનની, શિક્ષણની, રમતગમત અને સ્વાસ્થ્ય માટેની સગવડતાઓ અપાય છે.
- ➢ **આર. જે. માખેચા સ્કૂલ :** આના માધ્યમથી જ્ઞાતિનાં બાળકોને ૧૦ ધોરણ સુધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ શિક્ષણની વ્યવસ્થા.
- ➢ **જ્ઞાતિની જૂની વાડીઓની જગ્યાઓનું રિનોવેશન :** દાયકાઓ જૂની સંસ્થાની વાડીઓનાં રિનોવેશન કરી અદ્યતન એસી બેન્કવેટ હોલમાં રૂપાંતરિત કરી જ્ઞાતિજનો માટે નજીવા દરે ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરી.
- ➢ **સમૂહલગ્ન સમિતિ:** સમિતિના માધ્યમથી ૨૫૦થી વધારે યુગલોનાં ધામધૂમથી લગ્ન કરાવ્યાં તથા દર વર્ષે ધામધૂમપૂર્વક આયોજન થાય છે.
- ➢ **સમૂહજનોઇ સમિતિ :** સમિતિના માધ્યમથી જ્ઞાતિના ૪૫૦થી વધારે બટુકોને યજ્ઞોપવીત સંસ્કાર અપાવ્યા. આટલું જ નહીં, આ કાર્યક્રમનું દર વર્ષે સુપેરે આયોજન કરવામાં આવતું હોય છે.
- ➢ **હાયર એજ્યુકેશન લોન:** જ્ઞાતિના વિદ્યાર્થી ભાઇ-બહેનોને હાયર એજ્યુકેશનના ક્લાસિસ માટે તથા ફોરેન એજ્યુકેશન માટે વ્યાજમુક્ત લોન તથા લોકલ એજ્યુકેશન માટે કૉલેજ ફીની સ્કોલરશિપની યોજના બનાવી.
- ➢ **યાત્રા પ્રવાસ :** જ્ઞાતિજનો માટે અને વિશેષ સિનિયર સિટિઝનો માટે ધાર્મિક તથા અન્ય યાત્રાઓનાં આયોજન કર્યા, જેમાં મથુરા યાત્રામાં ૧૧૦૦ લોકોએ લાભ લીધો હતો અને બીજી યાત્રાઓમાં ૨૫૦થી ૩૦૦ લોકો રેગ્યુલર લાભ લે છે.
- ➢ ધાર્મિક આયોજનઃ પૂ.પા. યદુનાથજી મહોદય, રમેશભાઇ ઓઝા, ભૂપેન્દ્રભાઇ પંડ્યા અને કૃષ્ણદત્ત શાસ્ત્રીજી જેવા પ્રખર કથાકારોના વ્યાસાસને ભાગવતજી અને બીજી ધાર્મિક કથાઓનાં આયોજન કરાયાં છે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો અવિરત ચાલતા રહેશે.
- ➢ **નાત જમણ :** જ્ઞાતિજનોમાં સંગઠનની ભાવના બની રહે એ હેતુથી સ્નેહ સંમેલન અને નાત જમણનાં આયોજનો કર્યાં તથા લગ્ન સમારંભમાં તમામ ખર્ચ બન્ને પક્ષે અડધો અડધો કરવો એવું સમાજ સુધારણાના કાર્યની પહેલ કરાવી.
- ➢ **વાડા ભેદ નિર્મૂલનઃ** લોહાણા જ્ઞાતિના જુદાં જુદાં ઘટકોને સંગઠિત કરવા અને વાડા ભેદ દૂર કરવાની દિશામાં અનેક પ્રયાસો કર્યા.
- ➢ **કોરોના કાળમાં સહાયઃ** કોરોનાની વૈશ્વિક આપદાના સમયમાં જ્ઞાતિજનોને ઓનલાઇન આર્થિક સહાય, તબીબી સહાય અને અનાજ વિતરણની સહાય સતત કરી હતી.
- ➢ **શૈક્ષણિક સહાયઃ** જુદી જુદી બે સમિતિઓના માધ્યમથી નર્સરીથી ધોરણ ૧૦ તથા હાયર એજ્યુકેશન અને કૉલેજ એજ્યુકેશન માટે શિક્ષણની સહાય ઓનલાઇન પેમેન્ટના માધ્યમથી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવવાનું આયોજન અમલમાં છે.
- ➢ **મેડિકલેમ તથા તબીબી સહાયઃ** જ્ઞાતિજનો માટે અનેક વર્ષોથી ગ્રુપ મેડિક્લેમનું આયોજન કર્યું છે. જેમાં ૫૦૦થી વધારે પરિવારો હાલ વ્યક્તિગત પોલિસીનો લાભ લઇ રહ્યા છે તથા દવાકીય અને હૉસ્પિટલ ખર્ચ પણ પ્રોવાઇડ કરાવવામાં આવે છે.
- ➢ **સહાયક નિધિ સમિતિઃ** સમિતિના માધ્યમથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને વર્ષમાં બે વખત અનાજ તથા મસાલાનું વિતરણ કરવામાં આવે છે.
- ➢ **રમતગમત સમિતિઃ** સમિતિના માધ્યમથી નાના બચ્ચાંઓથી લઇ યુવાન જ્ઞાતિજનો માટે ક્રિકેટ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ, ચૅસ અને બીજા સ્પોર્ટ્સનાં આયોજન કરવામાં આવે છે અને મિડ-ડે કપ અને બીજી ટુર્નામેન્ટમાં ભાગ લેવડાવવામાં આવે છે. આપણા એક યુવાન જ્ઞાતિજનને ફોરેન ક્રિકેટ ટ્રેનિંગમાં પણ મોકલાવેલ હતો.
- ➢ **પરિચય સમિતિઃ** જુદી જુદી ચાર એરિયાની સમિતિઓના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે બ્યુરો ચલાવવામાં આવે છે અને પરિચય મેળાવડાઓનું આયોજન કરવામાં આવે છે.
- ➢ **મહિલા ઉત્કર્ષ સમિતિઃ** સમિતિના માધ્યમથી મહિલાઓના ઉત્કર્ષનાં કાર્યો અને બીજા મનોરંજન અને ટ્રેનિંગના કાર્યક્રમો કરવામાં આવે છે.
- ➢ **સિનિયર સિટિઝન સમિતિ અને આધ્યાત્મિક સમિતિ :** આ સમિતિઓના માધ્યમથી જ્ઞાતિના સિનિયર સિટિઝનો માટે મનોરંજન, પ્રવાસ અને ધાર્મિક તથા આધ્યાત્મિક આયોજનો કરવામાં આવે છે.
- ➢ **લોહાણા શક્તિ :** જ્ઞાતિના મુખપત્રના માધ્યમથી સંસ્થાની દરેક પ્રવૃત્તિઓની માહિતી અને અહેવાલ જ્ઞાતિજનો સુધી પહોંચાડવામાં આવે છે.